

શરદનું સરોવર
ફોટો · શંકરલાલ દવે, મદ્રાસ

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરનું માસિક

કુમાર

તંત્રી · બચુભાઈ

સપ્ટેમ્બર ૧૯૬૦ · સંસ્થાપક રવિશંકર રાવળ

અંક ૪૪૧

સાંકળિયું

સપ્ટેમ્બર ૧૯૬૦ · અંક ૪૪૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



મથાળે: 'રામચરણ'–બૈગા જાતિનો જુવાન નીચે: 'બજાર ભણી'
('ચિત્રકાર: એ. એ. આલમેલકર)



વાચકો લખે છે.....

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ ગયા અંકમાં સીશલ્સ (સીશલ મેં નથી સાંભળ્યું. ફ્રાંસના જે વડા પ્રધાનના અમલમાં એ દેશને કબજે એ ટાપુસમૂહ ગયો, તેના નામ પરથી સીશલ્સ નામ પડ્યું છે; મારી સમજ મુજબ એકવચન-બહુવચન જેવું એમાં શક્ય નથી.) ટાપુઓ નીરોગી છે એમ લખ્યું છે. એ વાત સાચી નથી.

હું ૧૯૫૨માં પૂર્વઆફ્રિકા ગયો, ત્યારે સીશલ્સ ટાપુઓ દૂરથી દેખાતાં જ આખી સ્ટીમરમાં વાત ફરી વળી, કે 'સીશલ્સ પર જવું હોય તો જજો, પણ ખબરદાર, કંઇ ખાધુંપીધું તો! ફેરી બહુ લલચામણી દેખાશે, પણ ખાશો નહિ જો! પાણી પણ ન પીતા. કોઇ ફળ તો ખાતા જ નહિ.'

હું તો ત્યાં ગયો, ફર્યો ને શિખાય તેટલું શીખી લઇ તે વિષે એક લેખ પણ લખી નાખેલો. પણ ત્યાંના મોટામાં મોટા વેપારી શેઠ જીવણ જેઠાની પેઢીમાં સોડા પીધી, તે પછી સ્ટીમરમાં આવ્યા કેડે તેની કિંમત ચૂકવી. તાવ આવ્યો જ. બીજાઓ પણ તાવે પટકાયા.

મારો તાવ સદ્‌ભાગ્યે વગર દવાએ મટ્યો, ને તુરત. જેમણે દવા કરી તેમનો ચારપાંચ દિવસ પહોંચ્યો! તાવ આવ્યા પછી બેત્રણ કલાકમાં જ મેં તો નાસ લીધો. ખૂબ ગરમાગરમ ખખળતું પાણી મંગાવ્યું; તેમાં નાખ્યું નીલગિરી તેલ સારી પેઠે; અને માથાના બામનો લચકો. પછી માથેમોઢે ઓઢોપોઢો કરી એ મઘમઘતા જળનો નાસ લીધો. એમ બે વાર કર્યું એટલે તાવ જતો રહ્યો.

ખુદ સીશલ્સવાસીઓ પણ કંઈક ઉપાય કાયમી રાખતા હશે એમ ધારું છું. પણ મુલાકાતીઓને તો એ નડે જ છે, ને એ જ જાતની વાત બધા પીઢ પ્રવાસીઓ કહે છે.

સીશલ્સની ખરી વિશિષ્ટતા તો ત્યાંનું ઝેરી નાળિયેર છે. તે અધમણ–પોણો મણ વજનનું થાય છે. દુનિયાના કોઈ પણ ઇતર પ્રદેશમાં થતું જ નથી. આપણા સાધુઓ ખપ્પર તેમાંથી જ બનાવે છે. સૈંકડો વરસથી તે દરિયે તણાતાં ભારતને દક્ષિણ કિનારે આવી ભટકાતાં, ને ત્યાંથી સમગ્ર દેશના સાધુઓ પાસે જવા પામતાં, ટ્રેન વિનાના યુગમાં! નવાઈ લાગે છે? ગાંધીઓને ત્યાં 'ઝેરી કોપરું' તરીકે કટકા રૂપે એ વેચાય પણ છે. આ નાળિયેરનો ઉલ્લેખ આ લેખમાં જરૂરી હતો. તેમ મૂળે એ ટાપુ ચાંચિયાઓનો મહાદુર્ગ હતો તે વાત પણ જાણવાજોગ ગણાય.

(સૂરત) —નટવરલાલ માલવી

કુમાર કાર્યાલયે તૈયાર કરેલો નકશો કચ્છનું સંસ્કૃતિ દર્શનમાં જોતાં વિચાર થયો કે વેપારી ગુજરાતમાં ઉદ્યોગધંધાની મહિતી આપતાં નકશા–નિર્દેશિનીઓ ઘણા બહાર પાડશે; પણ સમગ્ર ગુજરાતનું સાંસ્કૃતિક દર્શન આપતો નકશો કુમાર કાર્યાલય તૈયાર ન કરે?

(ભાવનગર) —ધીરજલાલ આ. વોરા

ગયા મહિને એક સગાના દીકરા મિશિગનથી કેમિકલ એન્જિનીઅરિંગનો અભ્યાસ કરી આવ્યા. ઘાટકોપર મળવા જતાં 'કુમાર' સાથે લીધેલું તે તેમણે જોયું. તેમણે પિતાને ફરિયાદ કરી કે મેં તમને કેટલીયે વાર 'કુમાર' મોકલવા લખેલું પણ તમે મોકલ્યું જ નહિ. મેં પૂછ્યું કે અમેરિકા ગયા તે પહેલાં 'કુમાર' વાંચતા હતા? તેની બા બોલી ઊઠ્યાં: "કુમાર વાંચીને તો ભાઇએ તૈયારી કરી. પેલા એન્જિનીઅર...બીચારા અકસ્માતમાં મરી ગયા ને તે?' ભારે હૃદયે મેં વચ્ચે યાદ આપ્યું, 'અનંત પંડ્યા?' બા કહે: 'હા એ...કુમારમાંનું એમનું બધું વાંચીને જ ભાઈસાહેબનું માથું ફરેલું.' કોને ખબર છે, 'કુમારે' આવાં કેટલાનાં માથાં ફેરવ્યાં હશે! વંદન એવી પ્રેરણામૂર્તિઓને અને 'કુમાર'ના કામણને.

(મુંબાઇ) —હીરાલાલ મુનિ

દર વર્ષે ઉનાળાનો તાપ મારાથી સહન કરી શકાતો નહોતો અને દર ઉનાળે સતત માથું દુખ્યા કરતું. આથી વજયુક્ત ગાયનું ઘી પગને તળિયે, લમણે અને તાળવે માલિશ કરવાનું એક મહિનાથી ચાલુ કર્યું. પરિણામે માથાના દુખાવાની તકલીફ દૂર થઈ ગઈ છે. ઉપરાંત લોહયુક્ત જળ લેવાનું પણ ચાલુ કર્યું છે. આથી ખોરાક પહેલાં કરતાં વધારે લઈ શકાય છે.

આવા ઉપયોગી લેખો લખવા બદલ શ્રી નટવરલાલ માલવીનો તથા પ્રગટ કરવા માટે 'કુમાર'નો આભાર.

(અમદાવાદ) —ચિનુભાઈ સી. મોદી

અંક ૪૩૮ના પાના નં. ૨૨૪ના ચિત્ર નં. ૩માં ૧૯૪૨ની ૩જી ઑગસ્ટ લખ્યું છે. તે '૧૪૯૨' જોઇએ.

(સૂરત) —ભૂપેન્દ્રકુમાર ગો. પટેલ

૪૪૦મા અંકમાં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના 'ઘઉં' વિષેના વાચનીય લેખમાં તમારા તરફથી જણાવવામાં આવ્યું છે કે 'ખોરાક તરીકે એકલા મેંદાની કિંમત મલાઈ કાઢી લીધેલા દૂધ જેટલી ગણાય', તે વિધાન ખોટું છે. મેંદો સફેદ ખાંડની પેઠે એક ચોર-ખોરાક છે. એ શરીરના ક્ષારો અને પ્રજીવનકો જેવા ખાદ્યપ્રાણોનું શોષણ કરે છે. ઊલટપક્ષે મલાઇ કાઢી લીધેલું દૂધ લગભગ સંપૂર્ણ ખોરાક છે. જેને માફક આવે તેને માટે એ આદર્શ ખોરાક છે. માણસ એની ઉપર મહિનાઓ અને વર્ષો સુધી જીવી શકે; મેંદા અને પાણી ઉપર જો કોઈ જીવવાનો પ્રયત્ન કરે તો થોડા મહિનામાં જ એની જીવનયાત્રાની પૂર્ણાહુતિ થાય!

ગુજરાતી માસિકોમાં ઘણાં માસિકોને મુકાબલે 'કુમાર' ઉચ્ચારશુદ્ધિની બાબતમાં મોખરે છે. 'ઝેકોસ્લોવાકિયા'નો ઉચ્ચાર 'ચેકોસ્લોવાકિયા' હું 'કુમાર' મારફતે પહેલવહેલો શીખ્યો. એ સિવાય પણ 'કુમાર'ની મદદથી ઘણાએ ઘણા ઉચ્ચારો સુધાર્યા હશે; એટલે પરદેશી ઉચ્ચારો માટે આટલી બધી કાળજી રાખનાર 'કુમાર' જ્યારે આપણા પાડોશી પ્રાંતના ઉચ્ચારો ખોટા છાપે ત્યારે સ્વાભાવિકરીતે જ આઘાત થાય! ગુજરાતના ઇતિહાસના અભ્યાસી લગભગ બધા જ સાક્ષરો મરાઠા સામ્રાજ્યકાળના એક મહાન સરદાર 'શિંદે'નો ઉચ્ચાર 'સિંધિયા' કરે છે. આ ભ્રષ્ટ ઉચ્ચાર અંગ્રેજી જોડણી ઉપરથી આવ્યો છે. 'સ્નેહરશ્મિ' જેવા બાળકો માટે પાઠ્ય પુસ્તકો લખનારા સાક્ષરો પણ એ જ ઉચ્ચાર કરે છે. 'કુમાર'માં ભરૂચ વિષેનો પ્રા. નરોત્તમ વાળંદનો લેખ વાંચી મારો જૂનો અણગમો જાગ્રત થયો. આશા રાખું છું કે 'સિંધિયા'ને બદલે 'શિંદે' લખવામાં 'કુમાર' પહેલ કરશે. હિંદીમાં ય આ જ અંધેર ચાલે છે અને વૃંદાવનલાલ વર્મા જેવા ઉપન્યાસ–સમ્રાટો પણ 'સિંધિયા' લખે છે.

(વલ્લભવિદ્યાનગર)–રમણલાલ એન્જિનીઅર

જૂન અંક (આ માસ ઇતિહાસ)માં સાને ગુરુજીનું અવસાન ૧૯–૬–૫૦ છે તેને બદલે ૧૧–૬–૪૯ જોઈએ.

(દહાણુરોડ) —મનુભાઈ ગુ. દેસાઈ

ઑગસ્ટ અંકના પૂઠા ઉપર ત્રીજી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકોમાં ચા ૮૫૦૦ રતલ છે તે ૮૫૦૦ લાખ રતલ જોઇએ.


(ચાંગા) —મણિભાઇ ઉપાધ્યાય

વડોદરાના વિદ્યાર્થીઓનાં વૂડકટ

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કલાવિદ્યાલય (ફાઈન આર્ટ્સ કૉલેજ)ના કાષ્ઠકલા-વિભાગમાં પ્રા૦ હસમુખભાઇ પટેલના માર્ગદર્શન નીચે ત્યાંના વિદ્યાર્થીઓએ કરેલાં વૂડકટના થોડા નમૂના આ, આની અંદરનાં, તથા પાછળનાં પૃષ્ઠો પર આપ્યા છે. એમાં શૈલીના વૈવિધ્ય ઉપરાંત વિદ્યાર્થીઓની ગ્હોરની કલ્પનાશક્તિનો પરિચય થશે.



કેશસંમાર્જન (ગુલામમોહમ્મદ શેખ)



મત્સ્યકન્યાઓ (વિનોદ પટેલ)



સૂરનો સંગ (હિંમત શાહ)



ગાડું (જયંત પરીખ)



વેણુવન · કલાકાર: સ્વ. મધુકર શેઠ (વિશેષ માટે જુઓ આ અંકની 'કલાવાર્તા')



હાથી (સ્કેચ: સ્વ. મધુકર શેઠ)



અશ્વ (સ્વ. મધુકર શેઠ)

તવ પ્રવેશે

· હરિણી ·

અહીં નજરની સામે ઘેરી ઘટામય કુંજ ને
પુલિનપટમાં મદસ્રોતા વહી રહી વાત્રક;
જલલહર-ભીની વેણુમાં ઊગ્યાં કંઈ વેતસ,
ત્યહીં નજીક કોઇ એકાકી નિહાળું વિહંગને.
ઇહ વિવિધ વર્ણે સોહંતી વિશાળ નિસર્ગશ્રી,
પ્રિય! સહજ લાગે બારીથી મઢાયલ ચિત્ર શી.

પણ તવ પ્રવેશે એમાં આ કશું પરિવર્તન!
અવ અહીં રમે હિલ્લોલંતી હવા અવકાશનાં
અમિત ગહનોને હૈયુંમાં ઉછાળતી; પ્રાણના
સકલ કણે સ્પર્શી રે'તાં મુદામય સ્પંદન!
વિહગ ટહૂકે, એનો રેલે દિગન્ત પ્રતિધ્વનિ,
રગરગ મહીં જાણે આરોહતી ગતિ સૂર્યની!

પ્રિય! તવ પ્રવેશે ભૂમામાં સમસ્તની વ્યાપ્તિ;
સરતી ક્ષણને આધારે હું લહું સ્થિ[illegible]શ્રુતી.

રાજેન્દ્ર શાહ

ભાદરવે

· ગાન ·

નીંદી રહી ચાર
ભાદરવાના ચડતા પ્હોરે ખેતરની મોઝાર,
લીલુડા ખેતરની મોઝાર.

ઓણુસાલે ક વરસ્યા એવા મેહ, કે ધખે ઘોમ;
હળવા આ ઢોળાવની હજી તો ય રે ભીની ભોમ!
મૂળિયાં સોતી, આવતી ચોંટી, લપકો કાળી ગાર!
ચોંટેલી લપકો કાળી ગાર!

જમણે ઝૂકયા આંબલા હેઠ પહેલવેતરી ગાય,
સાત વાહાના વાછરુની, શા વા'લથી ચાટે કાય!
સીમસીમે ગુંજરતો જાયે ટોકરીનો રણકાર!
ગળાની ટોકરીનો રણકાર!

કડય સમાણા મોલથી સોહે દૂર લગીના ચાસ,
કોઇ ન પેખું પાસ, ને તો યે થાય કાં આવો ભાસ?
અધઉઘાડી પીઠને જાણે જોય કો' વારંવાર!
છુપાઇ જાય કો' વારંવાર!

પ્રદ્યુમ્ન તન્ના

ભાદ્રપદને

· મુક્તધારા ·

આવો હવે ભાદ્રપદ! આર્દ્રભદ્રપદે,
ગગનની—અવનિની સુ-વર્ણ સંપદે,
આવો વર્ષાધોઇ સ્વચ્છ સડકે સડકે,
આવો મારે ગૃહાન્તર તડકેતડકે.
આવો મારાં વર્ષાભીંજ્યાં હવાયેલ દ્વારે,
બીડે તૃણ ઝીલ્યાં જલબિંદુઓની જાળે,
આવો, હવે નદીનદે ઓસરિયાં પૂર,
ઝરણનાં હવે કલ શરદનૂપુર;
પકવ શાલિવન તણાં પ્હેરી પીતાંબર,
ગગનનું મોરપિચ્છ ખોસી શિર પર,
આવો, હવે વરણાગી વાઘા પ્હેરી ભોમે,
સાવ નવા ઉડુગણે અલંકૃત વ્યોમે.
વસંતની સાથે તાલે મેળવો યમક,
હવામાં ય લાગે પેલી ઠંડીની ચમક.

ઉશનસ

જરા વાત તો કરો

· ગઝલ ·

દીસો છો કાં ઉદાસ ? જરા વાત તો કરો!
માંડીને નહીં ખાસ, જરા વાત તો કરો!

આજે તો મહેમાન તમારા બન્યા અમે,
હૈયે ધરી ઉલ્લાસ જરા વાત તો કરો!

મારી સમીપ આવી તમે જોઇ શું રહો?
આ શા નયનવિલાસ!–જરા વાત તો કરો!

મેં ધુનમાં કદીક દુભાવ્યું હશે ય દિલ,
એથી થયાં નિરાશ?–જરા વાત તો કરો!

સાંજે મળ્યા પછીથી તમે ઘેર તો ગયાં,
શી રાતની સુવાસ?—જરા વાત તો કરો!

આ મૌનથી તો છે ભલાં રિસામણાં ભલા,
સુણી રહેશે દાસ—જરા વાત તો કરો!

દરિયાવ દિલ મહીં અમે તો બુંદ શા પડ્યા!
થાશે નહીં સમાસ?—જરા વાત તો કરો!

તલવારશું જિગર લઇ ઘૂમી રહ્યાં તમે
ઘાયલની આસપાસ, જરા વાત તો કરો!

સાન્નિધ્ય સાંપડ્યું ને જહાંગીર થઇ ગયો!
મારા જીવનની આશ!–જરા વાત તો કરો!

હેમન્ત દેસાઈ

મિલનવેળ

· વસંતતિલકા ·

એ આપણી મિલનવેળ હજી ય યાદ.
એ ધેનુનાં ધણ સમાં સહુ વાદળાંઓ
આકાશમાં રજ સુવર્ણ તણી રજોટી
દોડી રહ્યાં: ક્ષિતિજ પાર વહંત સૂર્ય.
ગોવાળ શો પવન ચોદિશ મર્મરી હો
ને આપણે ત્યહિં ખડાં બસ પાસપાસે,
આંદોલનો અવરનાં ઉરનાં ઝીલંત.

મેં ત્યાહરે કહ્યું પ્રિયે!, 'તુજને હું ચાહું'.
–આકાશમાં મધુર રક્તિમ ઝાંય વિસ્તરી–
મેં તાહરાં નયનમાં દગ માંડવાને
ચાહ્યું, ત્યહીં જ શરમાઇ, અને તદા તું
ઢાળી દઇ મુખ ખડી. હળુથી ઉઠાવ્યું
લજ્જાઢળ્યું મુખ જરા તવ પાંપણે નત.
ખીલ્યું તદા ધવલ પદ્મ સરોવરે ત્યાં—
ને ચંદ્રનું પ્રથમ ચુંબન ભાલ પે કર્યું.

'તુષાર'

સદા દિવાળી

· ઉપજાતિ ·

કેવી પળે તેં પદરેખ પાડી:
ભાળુ સદા આંગણમાં દિવાળી!
બન્ને કદી જો તુજ નેણ રાતાં,
બપોરિયાં લાલ છતાં જ થાતાં!
શબ્દો રૂઠીને મુખમાંથી ઊઠે;
માણી લઉં: તડ્તડિયા જ ફૂટે!
તારા-સળીના તણખા ય ઝીલું,
જ્યારે નિહાળું મુખ ખીલુંખીલું!

ચીમન કલાલ

રાત—અજવાળી

· માલિની ·

વિગત પિતૃજનોને દીપ સાયંસમે જે
થઇ નિકટ ધર્યા તે ઊંચકી, હસ્ત જેવા
ધરી નિજ પ્રતિપર્ણે પીપળે રાતઆખી
ગગનમુખ ઝુલાવી સામટી દીપમાળા.

મુકુન્દરાય વિ. પારાશર્ય

જીવનપાત્ર

· પૃથ્વી ·

છલોછલ વ્યથાભર્યું જીવનપાત્ર એવું અહો!
સુનીલ સુકુમાર નિર્મળ વિનમ્ર નિર્દોષ કો
નર્યું જ બસ અશ્રુથી છલકતું યથા નેણ હો.

શશિશિવમ્

કાં આટલો આમ તું થાય વ્યાકુળો?
ખોવાઇ એ છે નહિ, મૂકી દીધી
ડાબે હાથે ક્યાંક તેં આત્મશ્રદ્ધા.

રતિલાલ યોગી

વિચારવિશેષ

આપણું ઉધાર પાસું

આઝાદી પહેલાં, બ્રિટિશરો સામેના જંગમાં પ્રજા સંગઠિત હતી. આજે, આઝાદી હાંસલ થતાં એ મુખ્ય પરિબળ અસ્તિત્વમાં નથી. કમનસીબે, લગભગ તમામ કક્ષાએ પ્રામાણિકતા અને આદર્શનાં તત્ત્વોમાં ઓટ આવી છે. જેમણે ભૂતકાળમા ધ્યેય કે આદર્શ ખાતર સહન કર્યું હતું એવા લોક આજે અંગત લાભ માટે પોતાનો ભોગ વટાવવા માગે છે. વાસ્તવમાં તો સ્વાર્થવૃત્તિ વધતી જતી જ લાગે છે. વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂરો કરે તે પહેલાં જ ગાદીવાળી નોકરીના વિચાર કરતા થઇ ગયા છે. દરેક જણ પોતાના જ લાભના—બીજાને એની શી અસર થશે એની પરવા કર્યા વિના—વિચાર કરતા લાગે છે.

આજે આપણે આપણી જાતને દેશની સાથે એકરૂપ માનતા નથી. તેથી જ, ઉશ્કેરણીનું નાનું સરખું યે નિમિત્ત મળી જતાં, રાષ્ટ્રીય મિલકતનો નાશ કરાતો આપણે જોઇએ છીએ. કે ઇ એક વ્યક્તિના અમુક કાર્યસાથે આપણે સહમત થતા નથી, એટલે આપણે ટ્રામો બાળીએ છીએ કે ટેલીફોનને નુકસાન પહોંચાડીએ છીએ.

ઘણા લોકો માત્ર જ્ઞાતિ, ભાષા કે જૂથની દૃષ્ટિએ વિચારવામાં જ કૃતકૃત્યતા સમજે છે; તો ઘણા લોકો, લાગવગને—નહિ કે પુરુષાર્થને—સફળતાની ચાવી રૂપ માને છે.

બીજું એક અસ્વસ્થ કરનારું તત્ત્વ, તે અનિષ્ટને મૂક સંમતિ આપવાની વૃત્તિ. યુગોથી આ આપણી એક રાષ્ટ્રીય નિર્બળતા રહી છે. મહાભારતમાં ભીષ્મ પિતામહ અને ગુરુ દ્રોણ કૌરવોનાં કૃત્યોને ન્યાયી માનતા નથી, પરંતુ જ્યારે ભર્યા દરબારમાં દ્રૌપદીનાં ચીર ખેંચાય છે ત્યારે એ અત્યાચાર અટકાવવા બેમાંથી કોઈ બહાર પડતા નથી. એ તો આપણો લગભગ રોજ-બ-રોજનો અનુભવ છે કે જ્યારે આપણે કોઈ અનિષ્ટ જોઇએ છીએ ત્યારે એ સામે આંખમીંચામણાં કરીએ છીએ; અને જો એને વખોડી કાઢીએ તો પણ, એ અનિષ્ટ નાબૂદ કરવા માટે કોઈ સક્રિય કદમ ઉઠાવવા તત્પર હોતા નથી. છેલ્લાં વીસ વર્ષમાં દેશના જુદાજુદા ભાગોમાં જે કમનસીબ ઘટનાઓ બની છે તેમાં તોફાની તત્ત્વો તો, કુલ વસતિના એક કે બે ટકા જેટલાં પણ ભાગ્યે જ હશે; પ્રજાની વિશાળ બહુમતીને એમનાં કૃત્યો ગમ્યાં નથી અને એ માન્ય પણ કર્યાં નથી; છતાં એ અટકાવવાનાં પગલાં પણ એણે ભર્યા નથી.

આપણે આઝાદી હાંસલ કરી શક્યા, કારણ કે આ રાષ્ટ્રીય દૂષણ અમુક અંશે દૂર કરી શક્યા હતા. આપણે ઇતિહાસના સૌથી શક્તિશાળી સામ્રાજ્ય સામે ખડા થઇ ગયા અને અનિષ્ટમા સાથ આપવાનો ઇનકાર કર્યો. આજે, હવે પાછી સલામત રહીને ચાલવાની વૃત્તિ મહદંશે વ્યાપી ગઈ છે.

૧૯૪૭ પછીની ભારતની સ્થૂળ સિદ્ધિઓ સાબિત કરે છે કે, ભારતીયોમા શક્તિની કે ખંતની ખોટ નથી. આમ છતાં નીતિમત્તાની શિથિલતા એ એક અસ્વસ્થ કરી મૂકનારું તત્ત્વ છે. ભારતીયોએ ભૂતકાળમાં પુરવાર કરી બતાવ્યું છે કે તેઓ આત્મત્યાગની સર્વોચ્ચ કક્ષા સુધી ઊંચા ચડી શકે છે. આઝાદીએ પ્રત્યેક ભારતીય માટે અસીમ તકો આણી છે, અને એ તકોના સાથે અસ્વીકાર કરી ન શકાય એવી નવી જવાબદારીઓ પણ. —ડૉ. હુમાયૂં કબીર

મધ્યમવર્ગ

ભારે કરવેરા અને જીવનધોરણના ઊંચા આંકને લીધે મર્યાદિત અને બાંધેલી આવકવાળો મધ્યમ વર્ગ પોતાનું અસ્તિત્વ ગુમાવી રહ્યો છે. સરકાર કદાચ ગરીબોને વધુ લાભ આપવાની તેની ઈચ્છાનો ભાર ધનિકો પર નાખતી હશે, પણ છેવટે તો પરિણામ એ આવે છે કે ધનિકવર્ગ કરચોરી કરી શકે છે, અને કરનો બોજો પણ મધ્યમવર્ગ પર સેરવી દે છે. મજૂરવર્ગને કેટલાક લાભ થયા છે... મધ્યમ વર્ગ પાસે તો ધનિકવર્ગ જેટલી વગ પણ નથી તેમજ મજૂરવર્ગ પેઠે સોદો કરવાની શક્તિ પણ નથી. આ સંજોગોમાં સરકારની પહેલી ફરજ એ છે કે મધ્યમ વર્ગને વાજબી ભાવે ને પૂરતા પ્રમાણમાં અનાજ મળી શકે તેમ કરવું. આ મૂળભૂત જરૂરિયાત સંતોષાયા વિનાની રહે છે ત્યારે તેમનામાં હતાશા વ્યાપે છે ને મુશ્કેલીઓની ઘટમાળ જાગે છે. —પ્રો. વાડિયા

ગૌરવભરી અને લાવણ્યવતી

શ્રીમતી સુંદરી શ્રીધરાણીએ એક સ્થળે નોંધ્યું છે કે "ભારતીય નારી ઉછેરે ને વાતાવરણે ઘણી ગૌરવભરી અને લાવણ્યવતી છે. ખાસ કરીને એની ચાલ ધ્યાન ખેંચે છે. પશ્ચિમી અને રશિયન સ્ત્રીઓની સરખામણીમાં એ જોકે પાતળી અને નાજુક છે, છતાં એ પોતાના ચેતનનો પ્રભાવ પાડયા વગર રહેતી નથી. એનું ઘડતર આવું કેમ છે? એનું એક કારણ એ છે કે આપણાં મોટા ભાગનાં ગામડાંઓમાં સ્ત્રીઓ માથે બેડાં મૂકીને પાણી લાવે છે. ગરીબ સ્ત્રીઓ માથે પોટલાં અને ભારો પણ ઊંચકે છે. આ એમનું એક રોજિંદું કામ છે, છતાં તેની એમના પર એક તાલબદ્ધ અસર પડે છે. હું યુરોપ અને અમેરિકામાં હતી ત્યારે મેં જોયું કે, નૃત્ય શીખતી શાળાની છોકરીઓને માથે ચોપડીનો ખડકલો મૂકી ચલાવવામાં આવતી. આ કસરત ભારતીય નારીને સહજ મળે છે."

માથે પાણીનાં બેડાં વહેતી ગુજરાતી સ્ત્રીઓને છટાથી ચાલતી જોવી એ યે એક સૌન્દર્યલ્હાણ છે. નળ આવતાં અને નદીઓ ભ્રષ્ટ થતાં માથે પાણી લાવવાનું હવે બંધ થયું છે. ગુજરાતી સ્ત્રીઓની ચાલ ભારતભરની સ્ત્રીઓ કરતાં અમને અનોખી લાગે છે. —બા.ગ.વૈદ્ય

ૐ શાંતિ: !

સવારમાં કોઈ મળવા આવ્યું છે એમ જાણતાં હું દીવાનખંડમાં ગયો, તો હીંચકા ઉપર ઉઘાડા પગે ખાસો પલોઠો મારી વીસેક વર્ષનો એક જર્મન યુવક (તેના હિસાબે સ્વલ્પ લાગે એવા) એક જૈન યુવાન સાથે બેઠો હતો. મેં પેલા જૈન ભાઈ તરફ જોઇ પરિચય માગ્યો. તે જરા ઊંચે સાદે બોલતા હતા, એટલે જર્મને જરા બરછટપણે તેને કહી દીધું કે: 'ડોન્ટ સ્પીક સો લાઉડલી'. ને આપણી આખી પ્રજાની મોટે સાદે બોલવાની કે બરાડા પાડી વાત કરવાની રીત પર ખાસો ઊધડો લીધો. હું એનો જરા ય બચાવ નહિ કરું. ૐ શાંતિ: શાંતિના પાઠ દિવસરાત કરનાર ભક્તો મહાત્માઓ અને આચાર્યો, અને એમના ઉપદેશ સાંભળનારા શ્રોતા મનમા ને જીવનમા મૌન ને શાંતિની પ્રભાવશક્તિ તથા એથી સમાજનું સ્વાસ્થ્ય કેટલું વધે છે તે સમજાવી શક્યા નથી.

સમાજમાં જ્યાં જુઓ ત્યાં–ઘરોમાં, બજારમાં, ઑફિસોમાં કે શાળાઓમાં ઘોંઘાટ ને બરાડા! પડખેના ઘરમાં કે સામેની બારીમાં પણ સ્ત્રી-પુરુષના વાદ કે બાળકોની ફરિયાદો! મંદિરોમાં ય ગુરુશિષ્ય ને પુજારીઓના ઘાંટા! અરે, પોલીસ કે દુકાનદાર સુદ્ધાં કોઈ સ્વસ્થપણે જરૂર પૂરતી ભાષામાં વાત જ કરી શકતું નથી! આપણા દેશના અસંયત જીવનનું આ ઘોતક છે. —રવિશંકર રાવળ

માત્ર બીનાઓની વિગતો બીજાને સંભળાવી દીધી એટલે તેને કેળવણી આપી એમ ન કહી શકાય. જ્યાં સુધી આપણા શિક્ષકો આપણામાં ઉત્તમતા માટેની અનિવાર્ય તૃષ્ણા ઊભી ન કરે, ત્યાં સુધી આપણે ખરા અર્થમાં કદી કેળવાએલા થવાના નહિ; ભલેને આપણે સુશિક્ષિત બન્યા કહેવાઇએ. –હેન્રી આડમ્સ

આચાર્ય વામન શિવરામ આપટે

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર



મહારાષ્ટ્રના જે તપોધન અને કર્મશીલ સત્પુરુષે જ્ઞાનદાનનો પવિત્ર ધર્મ સ્વીકારીને જીવનમાં અપૂર્વ સ્વાર્થત્યાગની ગાથા રચી અને પ્રાચીન ઋષિઓની પરંપરાને ચરિતાર્થ કરી તે વિદ્વાન શિક્ષણશાસ્ત્રી અને સંસ્કૃતમનીષી વિદ્યાપુરુષ

क्षुद्राः सन्ति सहस्रशः स्वभरण-व्यापार मात्रोद्यताः ।
स्वार्थो यस्य परार्थ एव स पुमान् एकः सतामग्रणीः ॥

અંગ્રેજી ભાષા દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યનું અધ્યયન કરનાર હજારો રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય લોકોનાં હૃદયમાં જે સુકૃતી વિદ્યાપુરુષનું નામ ગઈ અર્ધી સદીથી રમી રહ્યું છે તે વિદ્વાન શિક્ષણશાસ્ત્રી સંસ્કૃત-મનીષી અને પૂનાની ફરગ્યુસન કૉલેજના સૌપહેલા આચાર્ય વિદ્વત્-કુલશેખર શ્રી વામન શિવરામ આપટે ઈ. ૧૮૯૨માં ૩૪ વર્ષની નાની ઉંમરમાં અવસાન પામ્યા હતા. છતાં એટલા ટૂંકા જીવનકાળમાં પણ એ તપસ્વી, કર્મશીલ સત્પુરુષે તત્કાલીન મહારાષ્ટ્રની સંસ્કૃતિસંપદા અને વિદ્યોત્કર્ષના નિર્માણમાં જે કર્મણ્યતા અને સાધના રેડી હતી તે ચિરસ્મરણીય બની ગઈ છે.

એમના 'સંસ્કૃત ઈંગ્લિશ' તથા 'ઇંગ્લિશ-સંસ્કૃત' શબ્દકોષોથી એ જગતભરના સંસ્કૃત-વિદ્યાવિલાસીઓ અને પ્રાચ્ય-તત્ત્વવેત્તાઓમાં પ્રથિત યશ થઈ ચૂક્યા છે. એમના 'સંસ્કૃત કૉમ્પોઝિશન'ની સહાય-થી કેટલા યે વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષામાં પ્રાવીણ્ય મેળવી અનેક પુરસ્કાર, પ્રશંસા અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. શ્રી આપટેના એ સુવિખ્યાત સંસ્કૃત ઇંગ્લિશ કોષને રચાયાને આજ ૭૫થી પણ વધુ વર્ષ વીત્યાં છે, છતાં સંસ્કૃત શબ્દોના સ્પષ્ટીકરણ ને અર્થ-પરિષ્કારના ક્ષેત્રમાં હજી સુધી એને મુકાબલે બીજો કોઈ કોષ રચાયો નથી. આસન જમાવીને બેસવાવાળા આ તપસ્વી મહારાષ્ટ્રીય બ્રાહ્મણની પ્રતિભા, વિદ્વત્તા અને સાધંનાનું એ યુગવર્તી પરિણામ હતું.

જન્મ અને શિક્ષણ

વામનરાવના પૂર્વજો મહારાષ્ટ્રના સાવંતવાડી રાજ્યના આશોલી-પાલ ગામના વાસી. પિતા શિવરામપંત સારી સ્થિતિના ગૃહસ્થ અને નામાંકિત પંડિત હતા. પરતુ એક વાર પોતાના એક સ્નેહીજનના જામીન બન્યા તેમા મોટા આર્થિક સંકટમાં આવી પડ્યા. આનો એમને એટલો આઘાત લાગ્યો કે એમાં જ એ ગુજરી ગયા, અને તેમના ત્રણે પુત્રો બાળપણથી જ અનાથ થઇ ગયા.

વામનરાવનો જન્મ ઈ. ૧૮૫૮માં થએલો. પિતાના મૃત્યુ સમયે એમની ઉંમર ૭-૮ વર્ષની હતી; એટલે જીવનનિર્વાહની શોધમાં આપટે કુટુંબ બેલગામ ગયું, અને ત્યાંથી કોલ્હાપુર જઈ વસ્યું, જ્યાં પણ દુર્ભાગ્યે એમનો પીછો ન છોડ્યો. અને ત્યાં એમના મોટા ભાઇ તથા માતા પણ પંદર પંદર દિવસને અંતરે મૃત્યુ પામ્યાં. આમ આખા પરિવારમાં માત્ર બે બાળક (માધવ અને વામન) બાકી રહી ગયા. બંને ભાઈ કોલ્હાપુરમાં 'માધુકરી' (ભિક્ષાવૃત્તિ) કરીને ભણવા લાગ્યા. એવામાં રાજારામ હાઇસ્કૂલના મુખ્ય શિક્ષક ને મહારાષ્ટ્રના પ્રસિદ્ધ મનીષી શ્રી મહાદેવ મોરેશ્વર કુંટેની એમના પર કૃપાદૃષ્ટિ થઈ. બંને બાળકોની કુશાગ્ર બુદ્ધિ અને વિદ્યાપ્રીતિ જોઇને એમણે મૅટ્રિક સુધીના શિક્ષણ માટેની સગવડ અને સહાય એમને કરી આપી.

મૅટ્રિકની પરીક્ષામાં સંસ્કૃતમાં ૨૫૦માંથી ૨૦૦ ને ભૌતિકશાસ્ત્ર-માં ૧૦૦માંથી ૯૦ ગુણ સાથે પાસ થઇ મુંબાઈના સુવિખ્યાત દાન-વીર જગન્નાથ શંકરશેઠની છાત્રવૃત્તિ લઇને ઈ. ૧૮૭૩માં વામનરાવ પૂનાની ડેક્કન કૉલેજમાં દાખલ થયા, જ્યાં પણ તેમણે પોતાની પ્ર-તિભા, તીક્ષ્ણ બુદ્ધિ, ઉદ્યમ-પરાયણતા અને સુચારિત્ર્યથી ગુણીજનોની પ્રીતિ પ્રાપ્ત કરી. એ સમય દરમ્યાન ઈ. ૧૮૭૬માં પૂનાના સ્વ-દેશી આંદોલનના પ્રસિદ્ધ અગ્રણી ગણેશ વાસુદેવ જોશી (સાર્વજનિક કાકા)નું ધ્યાન આ પ્રતિભાવાન વિદ્યાર્થી તરફ ખેંચાયું અને એમણે પોતાના પુત્રી રમાબાઈનો વિવાહ વામનરાવ સાથે કર્યો.

બીજે વર્ષે, ઇ.સ. ૧૮૭૭માં વામનરાવ આપટે ગણિત વિષય લઈને પ્રથમ વર્ગમાં બી.એ. થયા અને સંસ્કૃત સાહિત્યમાં પ્રવીણતા દાખવીને ડૉકટર ભાઉ દાજી પારિતોષિક પણ મેળવ્યું. સંસ્કૃત સાહિત્ય એમનો અતિપ્રિય વિષય હતો. એક સહાધ્યાયી વિદ્યાર્થીએ કહ્યું કે 'સંસ્કૃત તો તારો પોતાનો વિષય છે. એમાં તો તું સરળતાથી એમ.એ. કરી શકીશ.' આ પરથી આપટેએ પોતાની બૌદ્ધિક ક્ષમતા દર્શાવવા એમ.એ.ની પરીક્ષામાં અંગ્રેજી સાહિત્યનો વિષય લીધો અને બીજા વર્ગમાં એમ.એ.ની પરીક્ષા પસાર કરીને પુરુષોત્તમ ભગવાનદાસ પારિતોષિક પણ મેળવ્યું. પરિણામે તરત જ તે ડેક્કન કૉલેજના ફેલો નિમાયા અને ત્યાંનો અધ્યાપનકાર્યનો અનુભવ એમને એમના જીવન-માં ખૂબ લાભદાયી અને કીર્તિપ્રદ નીવડ્યો.

શિક્ષણકાર્ય

એ પછી કેટલોક સમય એક મિશનરી સ્કૂલમાં શિક્ષકનું કાર્ય કર્યા બાદ વામનરાવે સરકારી નોકરી માટે અરજી કરી, જેમાં કલ્યાણનગરની એક મિડલ સ્કૂલમાં એમની નિમણૂક થઇ. પ્રોફેસર થવાની પોતાની યોગ્યતા હોવા છતાં સરકારે નીચલી કક્ષાની શાળામાં કામ આપ્યું એથી વામનરાવને બહુ ખરાબ લાગ્યું.

એ દિવસોમાં પૂનાના કેટલાક તપસ્વી કર્મવીરોએ વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરની આગેવાની નીચે પેલા ખ્યાતનામ રાષ્ટ્રીય વિદ્યાલય 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ'ની સ્થાપના કરીને મહારાષ્ટ્રની સ્વદેશભક્તિ અને રાષ્ટ્રીય પ્રવૃત્તિનું મંગળાચરણ કર્યું હતું. આ સ્વનામધન્ય તપસ્વી-ઓમાં લોકમાન્ય બાળ (બળવંતરાવ) ગંગાધર ટિળક, સુધારકશિરો-







સુધારક શિરોમણિ અને 'કેસરી'ના
આદ્યસંપાદક ગોપાલગણેશ આગરકર, (ઉપર) વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર અને આચાર્ય આપટેના શિષ્ય સાહિત્યાચાર્ય શિવરામ મહાદેવ પરાંજપે.

મણિ ગોપાલ ગણેશ આગરકર, લોકસેવક મહાદેવ બલ્લાળ નામજોશી, અધ્યાપક મહાદેવ શિવરામ ગોળે વગેરે અગ્રગણ્ય હતા. વિદ્યાલયના પ્રારંભ પછી થોડા જ સમયમાં ટિળક વામનરાવ આપટેને ત્યાં કામ કરવા ખેંચી લાવ્યા. સરકારી શાળામાં એમને માસિક રૂા. ૭૦ મળતા તે છોડીને આ રાષ્ટ્રીય શિક્ષણ-યજ્ઞમાં ફક્ત ૫૦ રૂપિયાને પગારે કામ કરવાનું વામનરાવે સ્વીકાર્યું, અને એ તેજોદ્દીપ્ત કર્મવીરોની શ્રેણીમાં ભળી ગયા. તરત જ એમને વિદ્યાલયના અધ્યાપકની સાથે નિયામક (સુપરિન્ટેન્ડન્ટ) પણ બનાવી દેવામાં આવ્યા.

એ આવ્યા કે તરત જ વિદ્યાલય ખૂબ ઝડપથી ઉન્નતિ કરવા લાગ્યું અને એ એટલા તો લોકપ્રિય થયા કે માત્ર ૧૯ વિદ્યાર્થીઓથી શરૂ થએલી એ શાળાની સંખ્યા પ્રથમ વર્ષને અંતે ૩૩૬ સુધી પહોંચી. આ વિદ્યાલય કેવળ પરીક્ષા પાસ કરાવવાવાળી શાળા નહોતી. એના અધ્યાપકો વિદ્યાર્થીઓમાં નિશદિન વિદ્યાપ્રેમ, ચરિત્ર-નિર્માણ અને દેશપ્રેમનાં ભાતાં ભરતા હતા. સ્થાપનાના બે વર્ષ પછી ઇ. ૧૮૮૨માં શિક્ષણ-કમિશનના અધ્યક્ષ મિ. હંટરે તેની પ્રગતિ ને સફળતા જોઇને મુક્તકંઠે કહ્યું હતું કે 'હું નિશ્ચયપૂર્વક કહી શકું છું કે સમસ્ત ભારતમાં આ વિદ્યાલયની સરખામણીમાં ઊભી રહે એવી કોઈ સંસ્થા નથી. સરકાર પાસેથી કોઈ પણ પ્રકારની સહાય ન લેવા છતાં આ શાળા આ દેશની સરકારી સ્કૂલોનો મુકાબલો કરી શકે છે, એટલું જ નહિ પરંતુ અન્ય દેશોની સ્કૂલોની તુલનામાં પણ એને ઊભી રાખી શકાય એમ છે. વિદ્યાલયની આવી સફળતા, પ્રગતિશીલતા અને કીર્તિમાં વામનરાવ આપટેનો મોટો ફાળો છે. વસ્તુતઃ આ શ્રી આપટેની જ પ્રતિભા અને શક્તિનો નમૂનો છે.'

સોસાએટીની સ્થાપના

પ્રગતિના આ પગલાને આગળ ધપાવવા ટિળક, આગરકર, કેળકર આદિએ હવે ૨૪મી ઑકટોબર ૧૮૮૪ના રોજ 'ડેક્કન એડ્યુકેશન સોસાએટી'ની સ્થાપના કરી, જેમાં અન્ય કર્મવીરોની સાથે આપટે પણ આજીવન સભ્ય બન્યા. એમને જ સંસ્થાના મંત્રી બનાવવામાં આવ્યા. કોલ્હાપુર નરેશ તેના સભાપતિ, ને કોલ્હાપુર રાજ્યના રીજન્ટ ઉપપ્રધાન થયા. વળી સર વિલિયમ વેડરબર્ન તેની કાર્યવાહક સમિતિના અધ્યક્ષ અને મહાવિદ્વાન ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર ઉપાધ્યક્ષ થયા. રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડળિક તથા પ્રિન્સિપલ વર્ડ્સ્વર્થને પ્રથમ ટ્રસ્ટી બનાવવામાં આવ્યા. એ ઉપરાંત કાર્યવાહક સમિતિમાં ન્યાયમૂર્તિ રાનડે, શ્રી તેલંગ અને પ્રો. સેલ્બી જેવી ગણ્યમાન્ય વ્યક્તિઓ હતી.

એ જમાનામાં ભારતનાં મોટાંમોટાં શહેરોનાં વિદ્યાલયોમાં મોટે ભાગે યુરોપિયન અધ્યાપકોની નિમણૂક કરવામાં આવતી અને એમનો પગાર પણ રૂ. ૪૦૦ ઉપર રહેતો. આથી એ દિવસોમાં આ વિદેશી અધ્યાપકો (અને કેટલાક ભારતીય લોકો પણ) 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ'ના આ યુવાન અને દક્ષ અધ્યાપકો તથા કાર્યકરોને તુચ્છતાની દૃષ્ટિથી જોતા છતાં, આ સંસ્થાએ એટલા ઉત્સાહ ને નિષ્ઠાથી પોતાનું કાર્ય કર્યું કે સરકારી સંસ્થાઓ કરતાં તે અધિક લોકપ્રિય બની ગઈ. મુંબઇના તત્કાલીન ગવર્નર સર જેમ્સ ફરગ્યુસન પણ એની પ્રગતિ જોઇને એટલા વિસ્મય પામી ગયા કે ૧૮૮૪ની ૧૩મી ફેબ્રુઆરીએ શાળાના પારિતોષિક સમારંભના અવસર પર એમણે સ્વયંસ્ફૂર્તિથી દર વર્ષે તેને ૫૦ રૂપિયા પારિતોષિક નિમિત્તે આપવાનું જાહેર કર્યું.

કૉલેજની સ્થાપના

હવે આ યુવાન કર્મવીરો આપટે તથા નામજોશી કૉલેજ માટે યોગ્ય જગ્યા મેળવવા પ્રયત્ન કરવા લાગ્યા. ગવર્નર શ્રી ફરગ્યુસને સોસાએટીને રૂા. ૧૨૫૦ પ્રદાન કરી સોસાએટીના સંરક્ષક બનવાનું સ્વીકાર્યું. સરકાર સાથેના પત્રવ્યવહારનું કામ આપટે કરતા ને આર્થિક સહાય માટે નામજોશી મથતા. ગવર્નર દ્વારા રાજા રજવાડાં અને ધનિકો પાસેથી સારી સહાય મળી, અને ૭૫૦૦૦ રૂપિયા એકઠા થયા.

હવે કૉલેજની સ્થાપનાના પ્રયત્ન થવા લાગ્યા. આ દિશામાં હંટર કમિશનની સમક્ષ અપાએલું શ્રી આપટેનું પ્રવચન પ્રભાવોત્પાદક બન્યું. એમના પ્રવચનના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે હતા: (૧) શિક્ષણની સગવડો વધવી જોઇએ; (૨) શિક્ષણ ઉત્તરોત્તર સસ્તું હોવું જોઇએ; (૩) સરકારમાન્ય શિક્ષણપદ્ધતિમાં સુધારો થવો જોઇએ; (૪) ખાનગી સંસ્થાઓને વધારેમાં વધારે સ્વાધીનતા હોવી જોઇએ; (૫) સરકાર પાસેથી અનુદાન મેળવનારી સંસ્થાઓની આંતરિક વ્યવસ્થામાં સરકારી હસ્તક્ષેપ ન હોવો જોઇએ; (૬) શિક્ષણનું માધ્યમ દેશી ભાષાઓ હોવી જોઇએ; (૭) શિક્ષણનો આદર્શ વિલાયતી નહિ પણ ભારતીય હોવો જોઇએ; (૮) પાઠ્ય પુસ્તકો ભારતીય વિદ્વાનોને પ્રોત્સાહન આપીને તૈયાર કરાવવાં જોઇએ; (૯) અંગ્રેજી તથા અન્ય વિષયોનું ઉચ્ચ શિક્ષણ ભારતીયોના હાથમાં હોવું જોઇએ.

આ રીતની સર્વ પ્રકારની પૂર્વતૈયારી થઈ ગઇ અને ૨ જાન્યુઆરી ૧૮૮૫ના રોજ પૂનામાં ગદ્રેવાડામાં, મુંબાઇની સુવિખ્યાત એલ્ફિન્સ્ટન કૉલેજના પ્રિન્સિપલ વર્ડ્સ્વર્થ (કવિવર વર્ડ્સ્વર્થના પૌત્ર)ને



લોકમાન્ય ટિળક



ગણેશ વાસુદેવ જોશી

હાથે ફરગ્યુસન કૉલેજનું ઉદ્ઘાટન થયું. ગવર્નર ફર્ગ્યુસને આ શિક્ષા-સત્રના પ્રવર્તનમાં જે પ્રશંસનીય સહકાર આપ્યો હતો તેના ગુણ-ઋણ-સ્વીકારમાં તેમના નામ પરથી જ કૉલેજનું નામ રાખવામાં આવ્યું.

કૉલેજના પ્રથમ આચાર્યપદનું સંમાન શ્રી આપટેને આપવામાં આવ્યું. તે સંસ્કૃતના પ્રોફેસર થયા. વાસુદેવ બાલકૃષ્ણ કેળકરે અંગ્રેજી સાહિત્ય અને મરાઠી ભણાવવામાં મોટો યશ પ્રાપ્ત કર્યો. સંસ્કૃતના કેટલાક વર્ગ લોકમાન્ય ટિળક પણ લેતા. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં તેઓ ગણિત શીખવતા. ગણિતની જેમ સંસ્કૃત ભણાવવામાં પણ એમનું એ દાક્ષિણ્ય જોઇને વિદ્યાર્થીઓ આશ્ચર્ય પામતા. પ્રો. મહાદેવ શિવરામ ગોળે વિજ્ઞાન ભણાવતા અને આગરકર તર્કશાસ્ત્ર તથા ઇતિહાસ લેતા. તેઓ તો ખૂબ વિનોદ સાથે ભણાવતા; જ્યારે લો૦ ટિળકનું ગાંભીર્ય પ્રસિદ્ધ હતું. બુદ્ધિશાળી વિદ્યાર્થી જ એમનું ચાતુર્ય સમજી શકતા.

આપટે તો ઉત્તમ કોટિના શિક્ષક હતા. વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે એવી નોંધો પણ તેઓ વિદ્યાર્થીઓને લખાવતા. આચાર્ય તરીકેનું એમનું શાસન અને શિસ્ત ખૂબ કડક હતાં. એમના પ્રભાવથી પાઠશાળામાં ચુસ્ત અનુશાસન અને સુવ્યવસ્થા રહેતાં. અધ્યાપન-પ્રબંધ પણ ખૂબ સારો હતો. એ ઉપરાંત એમની એક વિશેષતા એ હતી કે તેઓ પ્રતિભાશાળી, હોશિયાર ને આશાસ્પદ વિદ્યાર્થીઓને પોતાને ઘેર બોલાવીને એમના સ્વાધ્યાયમાં ખૂબ સહાય કરતા. એમનું પ્રવચન પણ શાનદાર અને પ્રભાવોત્પાદક બનતું. એમના વર્ગમાં આવી ગયા પછી કોઈ વિદ્યાર્થી ચૂંચાં કરી શકતો નહિ. આવા આદર્શ અધ્યાપકની પ્રશંસા મેળવવાનું શ્રેય કોઈ વિરલ વિદ્યાર્થીઓને જ મળતું.

વિદ્યાર્થીઓ આ બધા ગુરુજનોને પોતાની પ્રેરણાભૂમિ માનતા અને આ તપસ્વી અધ્યાપકો પણ પોતાના છાત્રોને એટલી તત્પરતાથી ભણાવતા કે સરકારી કૉલેજના અધ્યાપકો એની તોલે આવી ન શકતા.

આપટેની કારકિર્દીનાં સન ૧૮૮૦થી ૧૮૮૨ સુધીનાં વર્ષોમાં ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ આઠ વખત જગન્નાથ શંકરશેઠ સ્કૉલરશિપ લઈ ગઈ હતી. એમના શિષ્યોમાંથી મહારાષ્ટ્રને કેટલા યે પ્રથમ પંક્તિના વિદ્વાન મળ્યા હતા, જેમાં પ્રિન્સિપલ રાજવાડે, પ્રાધ્યાપક લેલે, સાહિત્યાચાર્ય શિવરામ મહાદેવ પરાંજપે, લોકસેવક ગોપાલ કૃષ્ણ દેવધર વગેરે હતા. એમના આચાર્યપદના સમય દરમ્યાન ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના નિયામક તથા ડેક્કન એડ્યુકેશન સોસાએટીના મંત્રી પદે રહી તેઓ બહુમુખી કાર્યક્ષમતાના સ્વામી બન્યા હતા.

આ બધાં કાર્યો દક્ષતાપૂર્વક કરવાની સાથેસાથે જ એમણે સંસ્કૃત કોષો તથા સંસ્કૃત કૉમ્પોઝિશન વગેરેના નિર્માણનું હિમાલય સમાન વિપુલ કાર્ય કરીને પોતાની અપ્રતિમ કાર્યશક્તિ ને મનીષાનો પરિચય આપ્યો છે. એમની એ કૃતિઓનાં નામ: (1) The Practical Sanskrit-English Dictionary–1890; (2) Students' Sanskrit English Dictionary; (3) Students' English-Sanskrit-Dictionary–1884; (4) Students' Guide to Sanskrit Composition–1881; (5) Students' Hand-Book of Progressive Excecises, two Parts; (6) कुसुम-माला.

પત્ર-પ્રકાશનની પ્રેરણા

શ્રી આપટે અને પ્રો૦ કેળકરના આગ્રહથી સોસાએટીએ હવે મરાઠીમાં તથા અંગ્રેજીમાં એકેક સાપ્તાહિક પત્ર કાઢવાનો નિર્ણય કર્યો. નામજોશી ત્યારે 'કિરણ' નામનું એક છાપું કાઢતા હતા. એમની પાસે એક મુદ્રણાલય પણ હતું અને આ નવાં પત્રોની પ્રકાશન-યોજના અને સાધનો મેળવવામાં એમનો મુખ્ય હાથ હતો. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર આ નવા મરાઠી પત્રનું નામ 'વિક્રમ' રાખવા ઇચ્છતા હતા. પરંતુ લો૦ ટિળકે સૂચવેલું 'કેસરી' નામ અંતે બધાને પસંદ પડ્યું. 'કેસરી'ના સંપાદક આગરકર થયા અને અંગ્રેજી સાપ્તાહિક 'મરાઠા'ના સંપાદક ટિળક બન્યા. ઈ. ૧૮૮૨ના જાન્યુઆરીમાં બંને પત્રોનું પ્રકાશન શરૂ થયું ને થોડા જ સમયમાં 'કેસરી' અને 'મરાઠા'ની ગંભીર ગર્જનાથી સમસ્ત મહારાષ્ટ્ર અને ભારત પણ ગાજી ઊઠ્યું. શ્રી આપટે, પ્રો. ગોળે અને પ્રો. કેળકર વગેરે વિદ્વાનો આ પત્રોમાં મોટે ભાગે લખતા.

આપટે અદ્ભુત સ્મૃતિ-શક્તિ ધરાવતા. એક વાર 'શાકુન્તલ' વિષે બોલતાં એમણે વિદ્યાર્થીઓને કહ્યું કે 'જો કોઈ ઉત્પાતને કારણે સંસારમાં રહેલી શાકુન્તલની સર્વ પ્રતો નષ્ટ થઈ જાય તો હું તેના 'નાંદીપાઠ'થી લઇને 'ભરતવાક્ય' સુધીનું આખું નાટક અક્ષરશઃ લખી આપું.'

મહારાષ્ટ્રના આ તપોધન મનીષીએ પોતાના જીવનમાં અપૂર્વ સ્વાર્થ ત્યાગની ગાથા રચી હતી. અત્યંત ગરીબ સ્થિતિમાંથી સ્વ-પુરુષાર્થ દ્વારા ઉન્નત સ્થિતિએ પહોંચીને તેઓ પણ પોતાના મોટા ભાઈ માધવરાવની જેમ સરકારી નોકરી દ્વારા સુખ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકત, પરંતુ એમણે તો જ્ઞાનદાનનો પવિત્ર ધર્મ સ્વીકારીને પ્રાચીન ઋષિઓની પરંપરાને ચરિતાર્થ કરી. સોસાએટીના આજીવન સભ્યો ત્યારે પોતાનો જીવન-વ્યવહાર ચલાવવા માટે પ્રતિમાસ માત્ર રૂ. ૭૫ લેતા. શ્રી આપટેએ સંપૂર્ણ નિષ્ઠાની સાથે અપ્રમત્ત રહીને પોતાનું આ જીવનવ્રત નિભાવ્યું હતું. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ તથા ફરગ્યુસન કૉલેજની સ્થાપના અને ઉત્કર્ષમાં એમણે પોતાનું રક્ત સીંચ્યું હતું. એ ઉપરાંત કોષ-નિર્માણ જેવું મહાભારત કાર્ય જે કેવળ કોઈ સંસ્થાની અનેક વ્યક્તિઓ સાથે મળીને જ કરી શકે, તે એમણે એકલાએ પાર પાડ્યું હતું.

પોતાના આ આદ્યગુરુનાં સ્મૃતિ અને સંમાનમાં આજે પણ ડેક્કન એડ્યુકેશન સોસાએટીના તત્ત્વાવધાનમાં ચાલતી એક ડઝનથી પણ વધારે શિક્ષણ-સંસ્થાઓ ૯મી ઑગસ્ટે બંધ રહે છે. ભગવાન કરે ને ટિળક, આપટે, ગોખલે, આગરકર, કેળકર, પરાંજપે ને કર્વે જેવા તપઃપૂત નિઃસ્વાર્થ કર્મવીરોની પરંપરા દેશને મળતી રહે.



શિક્ષણપ્રેમી દાનવીર જગન્નાથ શંકર શેઠ



જ્યારે બંધ દોરે છે

'વાઈડ વર્લ્ડ'માંની એક સત્ય ઘટના પરથી ઉતારનાર

રમેશ સૂરજલાલ

દક્ષિણ ફ્રાંસમા રેઈરાન નદીના ઉપરવાસે માલપાસેટ નામે બંધ પાસેની ખીણમાં નાનકડું ફ્રેજુસ ગામ આવેલું છે. તેના એક નાનકડા બે માળવાળા મકાનમાં, મારસેલ સાઈફ્રસ પારીસ રેડિયો પરથી વહેતા સગીતનો આસ્વાદ માણવા પોતાના રેડિયોનો સૂર બેવડાવતો આરામ કરતો હતો. બીજી ડિસેમ્બર ૧૯૫૯ની રાતના ૧૦ વાગીને ૨૦ મિનિટ વીતી હતી.

ઉપરના મજલે તેની પત્ની, દોઢ વરસનું બાળક અને સાસુ ઊંઘતાં હતાં. ગરમીથી બેચેન મારસેલ બેધ્યાનપણે સંગીત સાંભળતો હતો. તેને એક બીજી આવી જ રાત યાદ આવી, જ્યારે એની આંખોનાં નૂર હોલવાઈ ગયા હતાં. મિત્રોએ તેને ભેટ આપેલી બ્રેઈલ લિપિના આંકડાવાળી ઘડિયાળ પર તેની આંગળાનાં ટેરવાં ધીમેથી ફરી ગયાં. સમય ૧૦-૩૦ વાગ્યાનો પરખાયો.

તેનો રેડિયો જૂના મૉડેલનો હતો. સૂરનું સાતત્ય બરોબર જળવાતું નહિ: ક્યારેક તીવ્ર તો ક્યારેક ખૂબ જ મંજુલ સૂર સંભળાતો. મારસેલે કંટાળીને રેડિયો બંધ કરવા ચાવી ફેરવી. ચાવીનો ખટ અવાજ આવ્યો. હજી મારસેલની આંગળીઓ ચાવી પર ચીટકી હતી ત્યાં તો...

તેના શરીરમાંથી એક ધ્રૂજારી પસાર થઇ ગઇ. તેની તીવ્ર શ્રવણશક્તિએ એક બીજો બહારનો કડેડાટ ઝડપ્યો હતો. તે ઝડપથી માલપાસેટ બંધની દિશામાં આવેલી બારી તરફ વળ્યો અને બારી ખોલી નાખી.

ફરીથી તે કડેડાટ અને ગડગડાટ તેને સંભળાયો: જાણે દૂરથી ધસમસતી કોઈ એક્સ્પ્રેસ ટ્રેઈન નજદીક આવતી હોય. પણ આસપાસ ૫૦ કીલોમીટરના વિસ્તારમાં ક્યાંયે રેલ ન હતી. અવાજની ભયંકરતા વધી અને મારસેલની કલ્પનાશક્તિએ અંદાજ લગાવ્યો. માલપાસેટ બંધ તૂટ્યો હોવો જોઇએ...અને આ નાનકડું ફ્રેજુસ ગામ ૫૦ ફૂટ ઊંચી ધસ્યે આવતી પાણીની એ દીવાલના માર્ગમાં જ આવેલું હતું!

લથડતે પગલે તે દાદર તરફ વળ્યો અને જોરથી ચીસ પાડી 'લી'... 'લી'......ચીસના પડઘા ઘરમાં પડી રહ્યા.

ઉપરથી તેની પત્ની લીનો ઉંઘરાટીઓ જવાબ આવ્યો: 'શું છે, મારસેલ? કેમ બેચેન છે? હવે સૂઈ જા, ગુડ નાઈટ!'

'બંધ!...બંધ!...બંધ તૂટી ગયો છે! દોડ! જલ્દીથી અહીં આવ' કહેતો તે મેડા પર ચડી ગયો અને સૂવાના ઓરડામાં જઈ પારણામાંથી પોતાના લાડકા બાળકને ઉંચકી લીધું. તેની પત્નીને પ્રસંગની ભયંકરતા સમજાઈ. તેણે પણ કાળી ચીસ નાખી: 'મા! મા! જલ્દી ઉઠ!' બીજા ઓરડામાંથી ૬૩ વરસની વૃદ્ધ સ્ત્રી લથડિયાં ખાતી બહાર આવી. લીએ મોટેથી રાડ નાખી: 'આપણે ક્યાં જશું? ચાલ, નાસી નીકળીએ!'

અંધ મારસેલે જવાબ આપ્યો: 'લી, આપણે કરી જઇ શકીએ એમ નથી. પાણી પૂર ઝડપથી ધસ્યું આવે છે. આપણે નીચાણમાં છીએ એટલે બહાર તો ઉગારો નથી...મારી પાછળ ચાલ્યાં આવો.'

પોતાના ડાબા હાથમાં બાળકને જોરથી પકડી રાખી મારસેલ પહેલા માળના પાછલા ભાગમાં આવેલી ખાલી ઓરડી તરફ વળ્યો. બાળકને લીને સાચવવા સોંપી પોતે દીવાલ તરફ વળ્યો અને એક જૂની ખુરશી શોધી કાઢી. ખુરશી તેણે અંદાજથી ઉપરના માળિયાના દરવાજા નીચે ગોઠવી. લીને હવે તેની યોજના સમજાઈ.

મારસેલને માથા ઉપર આવેલા કાતરિયાનું બારણું હાથ લાગ્યું. તેણે તે જોરથી ખસેડ્યું અને પોતાના બંને હાથો પર લટકી જઈ તેણે શરીર સંકોચી નટની અદાથી ઉપર ખેંચી લીધું. પછી ઊંધા સૂઇ જઇ તેણે લીને કહ્યું: 'બાળક મને આપી દે.'

બાળકને ઉપર ખેંચી લઈ તેણે પોતાની બાજુમાં ગોઠવી દીધું અને પાછા ફરી કાતરિયાના ઉઘાડા ભાગમાંથી કહ્યું: 'લી, હવે તારી માને ઉપર ચડાવ. મારા હાથ મેં લંબાવ્યા છે, ને તું નીચેથી મદદ કર.' મહામહેનતે સાસુને ઉપર ખેંચી લીધા પછી લીનો વારો આવ્યો.

આ કામગીરી પતાવ્યા પછી આ અંધ માનવી શ્વાસ લેવા પણ થંભ્યો નહિ. તેણે પત્નીને કહ્યું 'હવે છાપરાનો થોડો ભાગ તોડી નાખવામાં મને મદદ કર. આપણી સલામતી માટે એકમાત્ર સંભાવના ત્યાં જ છે. પછી છાપરૂં પણ તણાય તો યે વાંધો નથી– આપણે ઊગરી જઈશું... તે આપણો તરાપો બની જશે.'

બહાર પાણીનો ઘૂઘવાટ સંભળાતો હતો. બંને સ્ત્રીઓ કાતરિયામાં ભયથી ધ્રૂજતી હતી, કેમકે મારસેલ છાપરું તોડવામાં નિષ્ફળ જાય તો કાતરિયામાં જ ગૂંગળાઈ મરે એવો સોદો હતો. ત્યાં તો મારસેલે છાપરાની એક સ્લેટ ઉખેડી નાખી. એમ કરતાં તેની હથેલીમાં સ્લેટનો એક ટુકડો પેસી ગયો હતો અને તેનાં આંગળામાંથી લોહી ટપકતું હતું, પણ દુ:ખને દબાવી તેણે બીજી સ્લેટો તોડી નાખી. બાકોરૂં મોટું થયું... અને આખું કુટુંબ છાપરા ઉપર આશ્રય લઈ રહ્યું.

ત્યાં તો ઘરમાંથી કૂતરાનો દુ:ખભર્યો અવાજ ઉપર સંભળાવા લાગ્યો. મારસેલના કાને તે પડ્યો અને તે ચોંકી બોલી ઊઠ્યો, 'હું જિપ્સીને તો ભૂલી જ ગયો.' જિપ્સી—આંધળાની લાકડી સમો તેને બધે દોરી જતો.'

હજી લી 'હાં...હાં...' કરતી રહી ત્યાં તો મારસેલ, બાકોરામાંથી કાતરિયામાં અને કાતરિયામાંથી નીચે ચિલઝડપે ઊતરી ગયો.

સાત વરસના અંધાપામાં મારસેલ ઘરનો ખૂણેખૂણાથી પરિચિત થઈ ગયો હતો. ઝડપથી દાદર ઊતરી તેણે જિપ્સીને તેડી લીધો, અને એટલી જ ઝડપે તે કાતરિયા આગળ આવી ઊભો. લીએ કૂતરો સલામત

ઉપર ખેંચી લીધો એટલે માર્સેલે કાતરિયાની બંને બાજુ આંગળાંમાં ઝડપી પોતાની જાતને ઉપર ખેંચી લીધી, અને ત્રણે જણ પાછાં છાપરા પર પહોંચી ગયાં. બે મિનિટ પણ નહિ થઇ હોય...હજી તો માર્સેલનો શ્વાસ પણ ધમણની જેમ ચાલતો હતો, ત્યાં તો પાણી આખા ઘરને ઘેરી વળ્યાં! ઘર થોડું બાજુ પર સરકી ગયું; પણ હજી તે ઊભું હતું. માર્સેલના કાને સાસુનો પ્રાર્થના કરતો ગણગણાટ સંભળાયો. તેના હોઠ પર પણ પ્રાર્થનાના શબ્દો આકાર લેવા લાગ્યા; કેમકે પાણીનું આટલું જ દબાણ જો ચાલુ રહે તો કોઇને બચવાની આશા ન હતી. માલપાસેટનો બંધ આજે સાત વરસ પછી બીજી વાર તેને મોતના જડબામાં ખેંચતો હતો. પચાસ લાખ ટન પાણી, ફ્રેજુસ અને માર્ગમાં જે આવે તેને ગ્રસી જવા હીલોળા લેતું હતું.

૧૯૫૨ની સાલ હતી. બીજા વિશ્વયુદ્ધ પછીના ફ્રાન્સમાં એક પછી એક સરકાર બદલાતી હતી. નોકરી અને સલામતી એ બંને હૈયાધારણ અદૃશ્ય થઈ ગઈ હતી, એટલે પોતાનું વતન માર્સેલ્સ છોડી તે માલપાસેટના બંધના બેગારી કામમાં રોટલી રળવા દક્ષિણ ફ્રાન્સમાં ઊતરી આવ્યો હતો. તેના જેવા બીન-કારીગરને બીજું કયું કામ મળી શકે? રેઈરાન નદી ૩પર જંગી બંધ બંધાતો હતો. કામ તનતોડ મહેનત માગી લેતું ને રોજી નજીવી હતી, છતાં માર્સેલ્સની શેરીઓમાં ખાલી ખિસ્સે બેકાર રઝળવા કરતાં આ પ્રવૃત્તિ ખોટી ન હતી.

૧૯૪૫માં લડાઈ પૂરી થઈ ત્યારે તેની ઉંમર માત્ર ૧૯ વરસની હતી. ત્રણ વરસ તેણે આઝાદ ફ્રેન્ચ સેનાની ભૂગર્ભ-પ્રવૃત્તિમાં ગાળી અનેકવેળા જાન હોડમાં મૂક્યો હતો. યુરોપની નવી પેઢીને જે અગ્નિપરીક્ષામાથી પસાર થવું પડ્યું છે તેનો ખયાલ ભારતની બેઠાડુ પેઢીને નહિ આવે.

બંધ ઉપરની આ મજૂરીમાં માર્સેલને રોજના લગભગ પાંચ રૂપિયા મળતા. થોડા જ વખતમાં તેની ચપળતાથી ખુશ થઈ ઈજનેર પ્રાઉસ્ટે તેને બઢતી આપી. ખડક તોડવાને માટે સુરંગ ફોડવામાં આવતી. એ સુરંગોને દારૂની જામગરીથી તોડવાનું જોખમી કામ માર્સેલને ભાગે આવ્યું. આ કામ માટે તેને રોજના બે રૂપિયા વધારે મળતા. ખડકમાં ખાડા ખોદી, તેમાં ડાઇનમેટ ધરબી, તે જામગરી સાથે જોડતો. ૧૯૫૨ની છઠ્ઠી ડિસેમ્બરે પાંચ સુરંગોની જામગરી ઠીક કરી તે ભય-વિસ્તારમાંથી ખસી જતો હતો, ત્યાં અચાનક તેમણે સામી દિશામાંથી ચેતવણીના લાલ વાવટાને અવગણીને એક યુવાન મજૂરને પોતાની તરફ લહેરથી સીટી વગાડતો આવતો જોયો! તેને બીચારાને ભયનું મુદ્દલ ભાન ન હતું. માર્સેલે હાથ ઊંચા કરી તેને રોકવાના ઈશારા કર્યા, પણ તેણે તો તેને સ્વાગતનું ચિહ્ન માની લીધું! નછૂટકે માર્સેલ એ ભય-વિસ્તારમાં દોડી ગયો અને તે મજૂરનો પગ પકડી તેને જમીન પર પછાડી દીધો. બંને સાથે જ જમીન પર પછડાયા અને તે જ ઘડીએ પાંચ સુરંગ ધડાકા સાથે એક પછી એક ફાટી ઊઠી! માર્સેલના મોં પર ધૂળના થર જામી ગયા. વાતાવરણમાં દારૂની તીવ્ર ગંધ ઘૂમતી હતી. ધૂળની ડમરી હજી શમી ન હતી. ઈજનેર ત્યાં ધસી આવ્યો પણ માર્સેલે પોતાની બંને આંખો ગુમાવી હતી!

માર્સેલને બદલા તરીકે ૧૨૦૦ રૂપિયા મળ્યા; તેની સમયસૂચકતા અને બહાદરીનાં ખૂબ વખાણ કરવામા આવ્યાં; ફ્રાન્સની સરકારે તેને નાનુંસરખુ વેતન બાંધી આપ્યું...અને સંસારમા બનતુ આવ્યું છે તેમ બહાદુર માર્સેલ ભુલાઈ ગયો.

હવે કશાએ ધ્યેય વિના, નીરસરીતે તે ફ્રેજુસમાં ઠરીઠામ થવા યત્ન કરવા લાગ્યો. અનેક વખત કંટાળીને તે જિંદગીનો અંત લાવવા તરકીબો શોધતો રહ્યો. આ અંધાપો તેને માટે અસહ્ય હતો. અચાનક એક દિવસ જાહેર બગીચામાં એક બીજા યુવાનનો તેને ભેટો થયો. તેની



માર્સેલ સાઈફ્રસ, પત્ની લી, પુત્ર અને કૂતરો જિપ્સી

વય ફક્ત ૧૭ વરસની હતી. તે જન્માંધ હતો. માર્સેલને ધીરપ આપવા, જીવનમાં પાછો રસ લેતો કરવા પાદરી પૉલે તેને મોકલ્યો હતો. તેની દ્વારા માર્સેલે છાબડીઓ બનાવવાનું અને નેતર ભરવાનું કામ શીખી લીધું. વળી તેને દોરવાને 'જિપ્સી' પણ આપવામાં આવ્યો.

એક દિવસે શેરીમાં જતાં તે કોઈક સાથે અથડાઈ પડ્યો. પોતે દિલગીરી દર્શાવી માફી માગી, ત્યાં તો સામેથી કોમળ અવાજ આવ્યો: 'માફી તો મારે માગવી જોઇએ. હું આ વાર્તા વાંચવામાં એવી તો મશગુલ હતી કે તમારી સાથે અથડાઈ પડી... માફ કરશોને?'

પછી તો માર્સેલે શોધી કાઢ્યું કે તે યુવતીનું નામ લી હતું. તે ૩૨ વરસની હતી અને પોતાની જેમ તેને પણ જિંદગીએ ઠેબે ચડાવી હતી. તે એક નૌકા-અમલદારને પરણવાની હતી, પણ આટલાન્ટિક મહાસાગરના ઝંઝાવાતમાં તે તૂતક ઉપરથી ફરજ બજાવતાં દરિયામાં ઘસડાઈ ગયો હતો. એ પછીના છેલ્લાં છ વરસમાં લીએ બીજા કોઈ પુરુષ તરફ ફરીને જોયું સરખું ન હતું.

પણ માર્સેલની વાત જુદી હતી. માર્સેલ, ફ્રેજુસ ગામનો મુરબ્બી સલાહકાર બની ગયો હતો. બધાં તેની પાસે આવી દુ:ખ રડી જતાં. માર્સેલ શાંતિથી સૌની વાત સાંભળતો અને પછી ઠાવકાઈભરી સલાહ આપતો. લીએ પણ પોતાનું છ વરસ સંઘરી રાખેલું હૈયું માર્સેલ પાસે હળવું કર્યું... અને એક દિવસે લીએ લગ્નની માગણી કરી! માર્સેલ જાણતો હતો કે આ દરખાસ્ત પાછળ દયાની લાગણી ન હતી—શુદ્ધ પ્રેમ હતો. અને જ્યારે લીએ આવનાર બાળકની ખુશખબર આપી ત્યારે તેના સુખની સીમા ન રહી.

આજે એક હાથે તેણે બાળકને છાતી સરસું ચાંપ્યું હતું અને બીજો હાથ લીના હાથમાં હાથ મૂક્યો હતો. પત્તાંના મહેલની જેમ આજે માર્સેલની દુનિયા ઢગલો થઈને પડવાની અણી પર હતી. તેની આસપાસ ગાઢ અંધકાર છવાઈ ગયો હતો. પણ અંધકાર તેને માટે અજાણી વસ્તુ ન હતી. તેની દુનિયા તો હમેશાં અંધકારમય જ હતીને? એકદા તેણે એક મિત્રને કહેલું કે 'મારો પરમ મિત્ર અંધકાર જ છે.'

પાણીની એક બીજી ધસમસતી દીવાલ ફરી ઘર સાથે ટકરાઈ. તેમના ઉપર ફરી એકવાર પાણી ફરી વળ્યું. ઘર આખું ધણધણી ઊઠ્યુ, પણ એક મોટા વૃક્ષ સાથે ટકરાઈ સ્થિર ઊભું રહ્યું. અલબત્ત, બધી બારીઓ તૂટી પડી હતી.

મારસેલને સમજતાં વાર ન લાગી. છેલ્લા પાંચ દિવસના સતત વરસાદે પાણીનો જથ્થો વધારી દીધો હતો અને બંધની દીવાલો ટક્કર ઝીલી ન શકવાથી તૂટી પડી હતી. નાનકડાં ગામોમાં બને છે તેમ દસ વાગ્યે તો બધાં સૂઇ ગયાં હતાં એટલે ખુવારીનું પ્રમાણ વધારે હતું. મારસેલ પણ જો વહેલો ઊંઘી ગયો હોત તો તેનું કુટુંબ પણ નાશ પામત.

ઘરના છાપરાને સ્પર્શી પાણી ખળખળ વહી જતું હતું. લી તેને ને બાળકને સંભાળતી બેઠી હતી. લીની માતા હજી પ્રાર્થનામાં રત હતી.

મારસેલ પોતાની પત્ની અને સાસુને ધીરજ આપી રહ્યો: 'હવે ડરનું કારણ નથી. ફક્ત સવાર સુધી આપણે અહીં જ બેસી રહેવું જોઈશે. પાણીનું જોર નરમ પડતું જાય છે.'

બીજી ત્રીસ મિનિટ પસાર થઇ ગઈ અને મારસેલને કાને મદદ માટે કોઇનો ક્ષીણ સાદ સંભળાયો. તે છાપરા ઉપરથી જ બોલી ઊઠયો: 'તમે ક્યાં છો? તમે ક્યાં છો? મને જલદી જણાવો.'

દૂરથી ડચકાં ખાતો અવાજ આવ્યો. 'હું અહીં જ છું, નજદીકમાં ... મને બચાવો. નહિતર હું ડૂબી જઈશ.'

મારસેલ પોતાની પત્ની તરફ ફર્યો: 'તું એને જોઇ શકે છે?'

લીએ જવાબ આપ્યો: 'હા, તે પોતાના ઘરને વળગી રહ્યો છે અને ઘર પાણીમાં તણાઈ રહ્યું છે.'

'ઘર ઝડપથી તણાય છે?'

'ના, ધીમે ધીમે.'

'હું તમને બચાવવા આવું છું. માત્ર તમે બૂમ પાડતા રહેજો કે મને દિશાની ખબર પડે—અને હું તમને શોધી શકું.'

લી અટકાવે તે પહેલાં તો મારસેલ પાણીમાં સરકી ગયો અને અવાજની દિશા તરફ તરવા લાગ્યો. મારસેલે દરિયામાં મરજીવા તરીકે પણ કામ કર્યું હતું. થોડીક પળોમાં તો તેણે ઘરને વળગેલા એક વૃદ્ધ માણસનો હાથ પોતાના હાથમાં લીધો અને ત્યાંથી લીને બૂમ પાડી: 'લી, તું મને બૂમ પાડતી રહેજે કે મને દિશાનું ભાન રહે!'

પછી પેલા વૃદ્ધ માણસને તેણે સમજાવ્યું, 'તમે બંને પગ હલાવતા જમણા હાથે તરો. હું અંધ છું; પણ તમને મારા ઘરના છાપરા તરફ તો દોરી જઇશ.' અને એ રીતે બિલકુલ અંધ માનવીએ દેખતા માણસનો જાન, પોતાના જીવના જોખમે ઉગાર્યો.

પાણીનું તાણ ઓછું થયું હતું, પણ હજી પાણીનું ઊંડાણ ૧૫ ફૂટ જેટલું હતું, અને મારસેલ વૃદ્ધ માનવીનો હાથ પકડી લીના અવાજના એંધાણે ધીમેધીમે તરતો હતો. આખરે તેનું માથું પોતાના છાપરાની છત સાથે અથડાયું. લીએ તેને હાથ આપી છત ઉપર ખેંચી લીધો. ત્યાર બાદ લી ને મારસેલે મળી પેલા વૃદ્ધને હાથ આપી ઉપર ચડાવ્યો.

લીના અવાજમાં હવે સખ્તાઈ ચમકી ગઈ: 'હવે તારે નીચે ઊતરવાનું નથી. આપણે સલામત છીએ, ને સવારના તો મદદ આવી રહેશે.'

મારસેલે જવાબ ન આપ્યો. સવારના ચાર વાગ્યે પાણી ઉતરી પાંચ ફૂટ સુધી પહોંચ્યું. મારસેલ છાપરા ઉપરથી ઊતરી ઘરમાં આવ્યો અને કીચડ તથા પાણીમાં પડોશીના ઘર તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં ન તો કોઈ દરવાજા ઊભા હતા કે ન તો વાડ. બધે પાણી અને કીચડ. મારસેલ બૂમ પાડતો પાડતો આગળ વધતો હતો, ત્યાં તેના કાને એક સ્ત્રીનાં ડૂસકાં સંભળાયાં. એક ઝાડના થડ સાથે તેનું માથું અથડાયું અને તે થંભી ગયો. ઉપરથી કોઈ સ્ત્રીનો અવાજ આવ્યો: 'મારી પાસે બે બાળકો છે, તમે એને બચાવી લો. હવે મારાથી ઉપર એક પળ પણ થોભાય તેમ નથી.'

'બેન, તમે એને કોઈ પણ રીતે નીચે તો ઉતારો; ને પછી તમે ઊતરો. હું તમને મારા ઘરમાં સલામત દોરી જઈશ.' એક છોકરાને માએ ઊંચકી લીધું ને બીજાને મારસેલે. પછી લીના અવાજની એંધાણે મારસેલ તેમને ઘરમાં દોરી ગયો. એક બાળકને ખભા ઉપર બેસાડયું, બીજાને હાથમાં ઊંચકી લીધું. તેમનો બાપ પૂરમાં ઘસડાઈ ગયો હતો. આમ મારસેલે તે ભયાનક રાતે બીજા આઠ માનવીના જાન બચાવ્યા.

સવાર પડી અને રાહત-ટુકડી આવી પહોંચી. બધાને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા. મારસેલના મોંમાંથી પોતાના કાર્ય બદલ એક શબ્દ પણ બહાર ન પડયો. તેણે ઉગારી લીધેલાં માનવીઓએ ધન્યવાદ આપ્યા ત્યારે જ આખી પરાક્રમકથા બહાર આવી.

મારસેલ ફક્ત એટલું જ બોલી રહ્યો: 'દેખતો માણસ અંધકારમાં કામ નથી કરી શકતો. પણ હું તો અંધકારથી ટેવાઈ ગયો છું; એટલે જ મારે માટે અંધકારમાં કામ કરવાનું બની શક્યું.' ❦



દક્ષિણ ધ્રુવને ઍન્ટાર્કટિક પ્રદેશો દાખવતી ઑસ્ટ્રેલિયાએ બહાર પાડેલી બે શિલિંગની આ ટિકિટ પર ઍન્ટાર્કટિકામાંનો ઑસ્ટ્રેલિયન માલિકીનો ભાગ કાળો કરીને બતાવવા સાથે તેના અનુસંધાનમાં ઑસ્ટ્રેલિયા ખંડ કેટલે અંતરે આવેલો છે તે પણ (ઉપલે જમણે ખૂણે) બતાવ્યું છે. ડાબી બાજુએ ઈ. ૧૯૫૪ની ૩જી માર્ચે એ પ્રદેશ પર રાષ્ટ્રીય સંશોધન સફરના ત્રણ સભ્યોએ ઑસ્ટ્રેલિયન ધ્વજ ફરકાવ્યો તે પ્રસંગનું ચિત્ર છે.

મંદિરમણિ અંકોર-વાટ

શ્રી નવનીત પારેખની નાવીન્યરમ્ય અને માહિતીસમૃદ્ધ લેખમાળા: **અગસ્ત્યને પગલે**

શ્રી લાઉર તથા શ્રી ચેટ્રીઆર સાથે અમે અંકોર-વાટ જવા નીકળ્યા. મારાં મિત્ર થઇ પડેલાં પાંચ અમેરિકન પ્રવાસી પણ સાથે થયાં. સીમ-રીપ ગામથી અંકોર-વાટ સાડાચાર માઈલ થાય છે. રસ્તો પાકો ડામરનો છે. માર્ગમાં જ શ્રી લાઉરે એક સૈકા પહેલાં આ અંકોરના અવશેષો કેવી રીતે જડી આવ્યા તેની દિલચસ્પ કથા સંભળાવી.

પંદરમી શતાબ્દીમાં થાઇ સેનાએ અંકોરને જીત્યા ને લૂંટ્યા પછી કંબોજી રાજાઓ તથા નાગરિકો અંકોર તજીને પૂર્વ બાજુ હઠ્યા ને મેકૉંગને કાંઠે હાલની પાટનગરી ફનોમ-પેન્હ ઊભી કરી. એ વિસ્તારમાં ત્યાર પછી સંખ્યાબંધ નગરો બંધાયાં, ને અંકોરમાં જ્યાં એક કાળે દસ લાખ પ્રજાજનો સમૃદ્ધિ તથા વૈભવમાં મહાલતાં ત્યાં ધીરેધીરે જંગલનાં વૃક્ષો ઊગી નીકળ્યાં ને વનચરો અબાધિતવિચરવાલાગ્યાં.

આમ ચારસો વર્ષ સુધી અંકોરનાં મંદિર-મહાલયો અરણ્યની ગાઢ વનરાજિમાં ડૂબેલાં, દટાએલાં, વિસ્મૃત રહ્યાં. તે દરમ્યાન આખા હિંદી-ચીન પર ફ્રેન્ચ હકૂમત ફરી વળી. કોઇ ભવ્ય, પણ જંગલમાં દટાએલા પ્રાચીન નગર વિષેની અફવાઓ અવારનવાર બહારના જગતને કાને અથડાતી, પરંતુ 'સોનાની દ્વારકા' કે 'સોલોમન રાજાના ખજાના'ની વાતો જેમ લોકો તેને હસી કાઢતા.

ઈ. ૧૮૬૦માં હેન્રી મુહોત નામનો એક ફ્રેન્ચ નિસર્ગવિદ કંબોજી ભોમિયા સાથે આ વિરાટ વનપ્રદેશમાં ઝાડી-ઝાંખરાં ચીરતો પગપાળો નીકળ્યો ને એક સુપ્રભાતે તેણે વિપુલ વનરાજિ વચ્ચેથી પણ ડોકિયાં કરતાં અંકોર-વાટનાં ઉત્તુંગ શિખરો જોયાં. દુનિયાને શિલ્પ-સ્થાપત્યનો સૌથી મૂલ્યવાન ખજાનો જડયો!

મુહોતે અંકોર-વાટ જોયું ત્યારે તો તેના પ્રાંગણમાં, તેની દીવાલો પર, તેની પરસાળમાં તેમજ તેનાં શિખરો પર પણ મોટાં ઝાડ ઊગી નીકળેલાં.



મંદિરમાં ઠેકઠેકાણે કંડારેલી આવી રમણીઓ 'અંકોરની અપ્સરા' નામે પ્રસિદ્ધ છે. દરેકે કેડ પર લાંબું સુંદર અંબર પહેર્યું છે; પગમાં ઝાંઝર, કેડે કંદોરો, હાથે કંકણ તથા બાજુબંધ, કાને કુંડળ ને ગળામાં રત્નમાળા છે. દરેકનો કેશકલાપ આગવો, મનસ્વી છે. અંકોર-વાટની દીવાલો પર આવી અસંખ્ય અપ્સરાઓ છે, પરંતુ કોઈ પણ બેના કેશકલાપ સરખા નથી.


વડની ભરખતી વડવાઈઓ, વેલાઓ, ને અજગર જેવા જ લાગતાં, ભીંસમાં લેતાં શીમળાનાં લાબાં સફેદ મૂળિયાં બધે એવી પકડ જમાવીને બેઠેલાં કે તેને ખેંચી કાઢતાં દીવાલો પોતે જ તૂટી પડે! એટલે ફ્રેન્ચ પુરાતત્ત્વવિદોએ આ અસંખ્ય મંદિરો–મહાલયોનો જે ચતુરાઈથી તેમજ નિષ્ઠાથી જીર્ણોદ્ધાર કર્યો તે કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી. કલા-જગત પર તેમનો એ મોટો ઉપકાર થયો છે.

અમારી મોટર ઉત્તર દિશામાં સરી જતી હતી ને શ્રી લાઉરની વાગ્ધારા પણ અસ્ખલિત વહેતી હતી, ત્યાં તો......દૂરથી જ અંકોર-વાટના મંદિરશિખરે ઉન્નત મસ્તકે અમારું સ્વાગત કર્યું ને મારા હર્ષોલ્લાસને સીમા ન રહી. શું હું સ્વપ્નમાં કે સિનેમાના પડદા સામે જોઈ રહ્યો હતો, કે શું સાચેસાચ મારી જ સગી આંખે તે પરમાદ્ભુત, અતુલ્ય, વિશ્વવિખ્યાત મંદિર-મણિનાં દર્શન કરી રહ્યો હતો? વર્ષો અગાઉ તિબેટમાં કૈલાસના ભવ્ય, નિતાન્ત–રમણીય શિખરનું દૂરથી જ દર્શન થતાં જે નિઃસીમ હર્ષોલ્લાસ અનુભવેલો તેવો જ રોમાંચક આહ્લાદ આ પળે મારામાં વ્યાપી રહ્યો. સ્તબ્ધ બનીને અનિમેષ નયને હું અંકોર-વાટના શિખરવૃંદ તરફ તાકી જ રહ્યો.

મોટરે વળાંક લીધો ને અમે અંકોર વાટની પશ્ચિમે આવી ઊભાં. મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર આથમણે છે. શ્રી લાઉરે સમજાવ્યું કે અંકોરવાટ સમ્રાટ સૂર્યવર્મન (બીજા)નું સમાધિ-મંદિર મનાય છે ને તેથી જ તે પશ્ચિમાભિમુખ છે. સૂર્યવર્મનના શબને અહીં અગ્નિદાહ દીધો હતો, જે પછી તે દેવરાજા વૈકુંઠમાં પોતાના વિષ્ણુસ્વરૂપમાં વિલીન થયા હતા.

બારમી શતાબ્દીના પૂર્વાર્ધમાં બંધાએલું અંકોરવાટનું આ મંદિર તેમજ તેની સમગ્ર રચના તથા વિસ્તાર અત્યન્ત પ્રમાણબદ્ધ અને ગણતરીપૂર્વકનાં છે. મંદિર તથા તેનું દીવાલોથી

જગતભરમાં આટલું વિશાળ અને આટલું ભવ્ય ધર્મસ્થાનક ક્યારે ય પણ બંધાયું નથી



બારમી સદીની શરૂમાં બંધાએલા અંકોરવાટના આ વિરાટ મંદિરની રચના અત્યંત પ્રમાણબદ્ધ છે. મંદિર તથા તેનું દીવાલોથી રક્ષિત પ્રાંગણ એક વિશાળ સમચોરસ છે, જેની દરેક બાજુ એકેક માઇલ લાંબી છે! ફરતી ૬૦૦ ફૂટની ખાઇ તેને દ્વીપકલ્પ બનાવી રહે છે. (પર્સી બ્રાઉન કૃત 'ઇન્ડિયન આર્કિટેકચર'માંથી - પ્રકાશક તારાપોરવાળાના સૌજન્યથી)

રક્ષિત પ્રાંગણ એક વિશાળ સમચોરસ છે, જેને ફરતી પહોળી તેમજ ઊંડી ખાઈ છે. આમ આ મંદિર દ્વીપાકાર બની ગયું છે; અને આસપાસના ગીચ, ભયાનક અરણ્યથી તેમજ કલુષિત સંસારથી અલિપ્ત રહ્યું હોય એમ ભાસે છે. આ સમચોરસ પ્રાંગણની દરેક બાજુ એક–એક માઈલ લાંબી છે અને તેની આસપાસની ખાઈ ૬૦૦ ફીટ પહોળી છે! પુરાતત્ત્વવેત્તા લાઉરના જણાવ્યા પ્રમાણે જગતભરમાં આટલું વિશાળ, આટલું ભવ્ય ધાર્મિક સ્થાનક ક્યારેય પણ બંધાયું નથી, ખરે જ, અંકોર-વાટ અજોડ-અદ્વિતીય છે.


ખાઈમાં અસંખ્ય કમળો ખીલ્યાં હતાં. અમે શ્રી પદ્મનાભ વિષ્ણુને ચરણે ધરવા થોડાં કમળ ખરીદ્યાં. બીજો પૂજાપો તો સાથે હતો જ. અંદરના મંદિર-દ્વીપમાં જવા માટે અહીં પશ્ચિમે જ પથ્થરનો એક સેતુ બાંધેલો છે, જે પર થઈને અમે ખાઇ ઓળંગી. કંબોજી સામ્રાજ્યના સુવર્ણકાળે તે પર થઇને સમ્રાટની સવારી, નિશાનડંકા, સેંકડો પ્રજાજનો તથા મોટું હસ્તિદળ જતાં હોઇ આ સેતુ ખાસ્સો પહોળો બાંધેલો છે.

પથ્થરની ફરસબંધી પર ચાલીને અમે અંકોર-વાટના મુખ્ય પ્રવેશદ્વારે આવ્યાં, જે એક-એકને પડખે આવેલાં ત્રણભવ્ય શિખરોથી મંડિત છે. અંકોર-વાટની રચના આપણા દક્ષિણ-ભારતના મંદિર-વિધાનની રીતે જ કરાઇ છે. ચોરસ મંદિર-પ્રાંગણની આસપાસ ઊંચીદીવાલો, ને અંતરાળના પ્રવેશમાટે અધવચ્ચે મોટાં દ્વાર, ને તે પર ઊંચાં ગોપુરમ્. ફર્ક એટલો જ કે અંકોર-વાટની વિરાટ ભવ્યતાને અનુરૂપ એવા આ પ્રવેશદ્વારે સમ્રાટ સૂર્યવર્મને એક નહિ પણ ત્રણ ગોપુરમ-શિખરો હરોળમાં બંધાવ્યા હતાં. કાળની ક્રીડા સાથે આજે આ શિખરોનાં ઉપલાં ટોચકાં જમીનદોસ્ત થયાં છે, છતાં પણ એ શિરચ્છેદ થએલાં ગોપુરમ્ પણ એટલાં વિરાટ છે કે ભવ્ય અંકોર-વાટની સમુખ તે ખડાં ન હોત તો કોઈ સ્વતંત્ર મંદિર-વૃંદ જેવાં જ શોભી ઊઠત.


અમે આગળ વધ્યાં અને ગોપુરમના પાછલા ભાગની પથ્થરની બારસાખમાંથી અંકોર-વાટનું સૌ પહેલું પ્રત્યક્ષ દર્શન થયું. પથ્થરની ફરસબંધીવાળો આશરે ત્રીસેક ફીટ પહોળો ને ૦। માઇલ લાંબો, રાજ-માર્ગ દૂરના, કેન્દ્રના મુખ્ય-મંદિર તરફ લઈ જતો હતો. રાજમાર્ગની બંને બાજુએ લાક્ષણિક કંબોજી શૈલીના કઠેડા તો હોય જ. એક ઉપર એક એવા અંકોર વાટના ત્રણ માળ સ્પષ્ટ વરતાતા હતા. તેથી યે ઉપરના શિખર-વૃંદમાંનાં માત્ર ત્રણ શિખરો જ પૂરાં દેખાતાં હતાં : અમે સાવ સમુખ જ ઊભાં હતાં તેથી પાછળનાં બે શિખરો આગલાં શિખરોની પાછળ ઢંકાઈ ગયાં હતાં. આમ આ સૌથી ઉપરના માળ પર પાંચ શિ-ખરોનો સમૂહ છે તે વાત સાચી, પરંતુ તેથી નીચેના મજલા પર પણ ચારે ખૂણે એક એક મંદિર શિખર ખંડિત દશામાં મોજૂદ છે તે ભૂલવું ન જોઈએ. આ નીચલાં ચારે શિખરોના ઉપલા ભાગ આજે તૂટી પડેલા છે, પરંતુ અંકોર-વાટ જ્યારે પણ અખંડ હશે ત્યારે બધાં મળીને નવ શિખરોથી તે મંડિત હશે અને આજે છે તે કરતાં યે તેની ભવ્યતા, તેની સપ્રમાણતા, તેનું સ્થાપત્ય સૌષ્ઠવ ઘણાં ચડિયાતાં હશે એ નિર્વિવાદ છે.

બપોર પછીના તડકામાં આ પંચ-શિખર ઝળકતાં હતા. ઊંચે જતાં નાનાં બનતાં નવ વર્તુળાકાર પડવાળું દરેક શિખર ધીરેથી ખીલી રહેલા કોઈ કમળની કળી જેવું ભાસે છે. શિખરોનાં છેક ઉપરનાં વર્તુળ આમલક (આમળાનું ફળ) દર્શાવે છે. શિખરનો શંકુ આકાર તથા તેનો ભૂખરો રંગ હિમાલયના ચીડ-વૃક્ષના બદામી ફળ જેવો જ હૂબહૂ લાગે છે. શ્રી લાઉરના મત પ્રમાણે અંકોર વાટના રચયિતાએ મંદિર આસપાસની ખાઇને સાગર કલ્પીને તેની મધ્યમાં પંચ શિખર-મંડિત મેરુ પર્વતની કલ્પના કરીને આ દેવાલય બાંધ્યું છે.


પથ્થરના રાજ-માર્ગ પર અમે આગળ વધ્યાં. અરધે રસ્તે જતાં



અરણ્યની વચ્ચે, પહેલાં ૬૦૦ ફીટની ખાઇ, તે પછી પ્રવેશદ્વાર ને પછી વિશાળ પ્રાંગણમાં આવેલા ભવ્ય મંદિરનો સ્કેચ



મંદિરની આસપાસની ખાઈને સાગર કલ્પીને તેની વચ્ચે પંચ-શિખર મંડિત મેરુ પર્વતની કલ્પના કરીને આ મંદિર બાંધ્યું છે. જુઓ : સામેના પાનાનું માનચિત્ર (ફોટો : નવનીત પરીખ)



ઉપર: (૧) અંકોરવાટનું દૂરથી પ્રથમદર્શન (૨) કઠેડાના છેડા પર નાગની ફણા (૩) ગરુડ પર વિરાજમાન ચતુર્ભુજ વિષ્ણુ

માર્ગની બંને બાજુએ થોડે દૂર, એકએક વેદ-ભવન (ગ્રંથાલય) આવે છે. અસલ અહીં ચારે વેદ, અઢારે પુરાણ તથા બીજા અનેક ગ્રંથો રાખવામાં આવતા. તે કાળનું કંબોજી સાહિત્ય મુખ્યત્વે તાડ-પત્ર પર અને કોઇક વાર ચર્મ-પત્ર પર અણીદાર સોયા વડે આલેખવામાં આવતું, જે પર કાળી શાહી ફેરવીને પછી પાનું લૂછી નાખવામાં આવતું. આથી શાહી કેવળ સોયા વડે કોરેલા અક્ષરોમાં જ ભરાઈ રહેતી અને લેખ સ્પષ્ટ વાંચી શકાતો. આજે તો કંબોજનાં મંદિર-મહાલયો પરના શિલાલેખોને બાદ કરતાં જૂજ લેખો જળવાયા છે. આગ, લૂંટ તથા વન્ય આબોહવાએ બાકીનાને ભરખી લીધા છે.

મિત્રોથી પાછળ રહી જઇને બે પળ હું તંદ્રામાં પડચો...આઠસો વર્ષ પૂર્વે આ જ રાજમાર્ગે પર થઇને સમ્રાટ સૂર્યવર્મનની સવારી મંદિરે જતી હતી. નિશાન-ડંકા, દુંદુભિ-નાદ, શંખધ્વનિ તથા ઢોલ-વાદન વડે પ્રતિહારીઓ છડી પોકારીને મહારાજાધિરાજના આગમનની ઘોષણા કરતા હતા. તેમની પાછળ બખ્તરધારી યોદ્ધાઓ એક હાથમાં તીક્ષ્ણ તલવાર અથવા અણીદાર ભાલા ને બીજા હાથમાં ઢાલ પકડીને ઉન્નત મસ્તકે ગૌરવથી ધીરી ચાલે ડગ માંડતા હતા. તેમની પાછળ હણહણતા ઘોડા ને ઊંચી સૂંઢ કરેલા હાથી પર સવાર થએલા રાજ-નાયકો પસાર થતા હતા. ત્યાં તો કિનખાબનું મોટું વસ્ત્ર ઓઢેલો, સૂંઢ પર તેમજ ગળામાં ફૂલોના અનેક હારથી વિભૂષિત રાજ-હસ્તિ તેની ગજગામી ચાલે આવતો હતો. તેના ગંડસ્થળમાંથી મૌક્તિકનાં બિંદુ ઝરતાં હતાં. તેના મસ્તક પાસે રત્નજડિત અંકુશ પકડીને તેનો ચતુર મહાવત બેઠેલો હતો. ત્યાં તો હાથીની પીઠ પર શુદ્ધ સોનામાં જ કંડારેલી, અત્યન્ત મનોહર અંબાડીમાં બિરાજેલા કાંતિમાન દેવરાજ સૂર્યવર્મન પધાર્યા. રાજમાર્ગની બંને બાજુએ ઠઠ જમાવીને ઊભેલાં પ્રજાજનોએ વિષ્ણુસ્વરૂપ, સાર્વભોમ, ચક્રવર્તી સમ્રાટનો જયજયકાર કર્યો. ભાટ-ચારણોએ સંસ્કૃત શ્લોકોમાં ભૂમંડલેશ્વરની પ્રશસ્તિ ગાવી શરૂ કરી.

સમ્રાટની પાછળ જ, અંબાડી પર બે કંબોજી રમણી બેઠી હતી ને હળવેથી રાજવીને ચામર ઢાળી રહી હતી. તેમના હસ્ત-ચલનથી થતો કંકણોનો મધુર રણકાર, હાથીની પીઠ પરથી લટકતા મોટા ઘંટના નાદમાં ડૂબી જતો હતો. સૂર્યવર્મને સુંદર રેશમી પીતામ્બર ધારણ કર્યું હતું, જે પર બાંધેલો રત્નજડિત કંદોરો તથા તેમના વક્ષ:સ્થલ પર લટકતો મોતી-માણેકનો હાર તેમના ઘઉંવર્ણાં, ચંદન-ચર્ચિત દેહ પર સોહતા હતા. કાન પર પહેરેલાં મકરાકૃતિનાં સુવર્ણનાં કુંડલ લોકોનાં અભિવાદન ઝીલતા રાજમસ્તકના ડોલન સાથે ઝૂલતાં હતાં અને ગળા પરની ચંપક પુષ્પોની માળા પર ગુંજતા ભ્રમર, ચામરના વીંઝણથી ડરીને દૂર જ ઊડતા હતા. સૂર્યવર્મનના ભાલ-પ્રદેશ પર વૈષ્ણવી શૈલીનું રાજતિલક ચમકતું હતું ને તેમના મસ્તકે ધારણ કરેલો દેદીપ્યમાન, રત્નજડિત રાજમુકુટ કંબોજ સમ્રાટનું સાર્વભૌમત્વ સૂચવતો હતો. રાજહસ્તિની બેઉ બાજુએથી રાજસેવકો ઊંચાં, જરી ભરતનાં છત્ર ધરી રહ્યા ન હોત તો કદાચ આ દેવરાજ સૂર્યવર્મનના પ્રતાપથી, તેજથી, આકાશનો સૂર્ય પણ ઝાંખો પડત!...

દિવા-સ્વપ્નમાંથી જાગીને ઝડપથી હું મિત્રો સાથે થઈ ગયો. રાજપથની બાજુ પર મોટાં તળાવ આવેલાં હતાં, જેમાં અસંખ્ય કમળો ખીલ્યાં હતાં. તળાવથી જરા આઘે પીળાં છાપરાંવાળાં થોડાંક નાનાં મકાન દૂરથી દેખાય છે. આધુનિક સમયનાં આ ઘરોમાં પીળાં વસ્ત્રધારી બૌદ્ધ ભિક્ષુઓ રહે છે, જે અવારનવાર અંકોર-વાટમાં પૂજાર્થે આવે છે.


હજાર ફીટનું અંતર કાપીને અમે મુખ્ય દેવાલયના પગથિયે આવી ઊભા. અહીં, જ્યાં બાજુ પરના નાગ-આકારના કઠેડા પૂરા થતા હતા ત્યાં, છેડા પર, ફણા કરેલા નાગનાં મોટાં મુખ કંડાર્યાં હતાં. પગથિયાંની બંને બાજુએ પથ્થરના મોટા બબ્બે સિંહ એક એકથી ઊંચે ગોઠવ્યા હતા. આ સિંહ તથા નાગ આકારના કઠેડા કંબોજી શિલ્પ શૈલીનું એક પ્રધાન લક્ષણ છે. બાર-તેર પગથિયાં ચડતાં નાની અગાસી આવી. ઉત્સવ-સમયે જ્યારે મંદિરનું વિશાળ પ્રાંગણ માનવ-મેદનીથી ઊભરાતું ત્યારે કંબોજી સમ્રાટ અહીં ઊંચે, સિંહાસન પર બિરાજતા.

હવે અમે મુખ્ય મંદિરમાં પ્રવેશ્યાં. પ્રવેશદ્વારની પથ્થરની બારસાખ પર અત્યંત સુંદર, નાજુક ભાત કંડારી હતી. રેશમી કાપડ પરના ભરત-ગૂંથણ જેવું મૃદુ ને ભાતીગળ આ શિલ્પ જાણે હમણાં થોડાં જ વર્ષો પૂર્વે કંડાર્યું હોય તેવું સરસ જળવાઇ રહ્યું છે.


આ પશ્ચિમ દ્વારની બંને બાજુ અંકોર-વાટની જગવિખ્યાત પરસાળ ફેલાએલી છે. આવી જ પરસાળ મંદિરની ચારે બાજુએ આવેલી છે. અહીં શરૂમાં બહારની બાજુ પથ્થરની બારીઓ મૂકી છે, જે દરેકમાં પથ્થરના સાત-સાત નાજુક સ્તંભ કંડારીને અદ્ભુત જાળી બનાવી છે. જાણે કાષ્ઠ શિલ્પ જ હોય તેવા સંપૂર્ણ વર્તુળાકાર આ સ્તંભ છે.

અંદરની બાજુએ આ જાળીઓની બાજુ પર ઠેક-ઠેકાણે પથ્થરની અપ્સરાઓ વિવિધ અંગ-વિન્યાસમાં ઊભી છે. પ્રલંબ-શિલ્પની આ સુંદરી 'અંકોરની અપ્સરા'ને નામે પ્રસિદ્ધ છે. દરેક સ્વર્ગીય રમણીએ પોતાનો વિશિષ્ટ અલંકાર ધારણ કર્યો છે. દરેકનો કેશકલાપ પણ આગવો, મનસ્વી છે. દરેકે કેડ પર લાંબુ, સુંદર અંબર પહેર્યું છે જેના પ્રલંબ છેડા બંને બાજુએ ભોંય સુધી ઝૂલે છે. અપ્સરાએ પગમાં ઝાંઝર, કેડે કંદોરો, હાથે કંકણ ને બાજુબંધ, કાને કુંડળ તથા ગળામાં રત્નમાળા પહેર્યાં છે. આ 'ઉર્વશી'એ તો મસ્તકે ઊંચો, અણીદાર કિરીટ ધર્યો છે, તો આ 'મેનકા'એ કમળફૂલ વાળની જટામાં ખોસ્યું છે; તો વળી આ 'ચિત્રલેખા'એ કોઈ તાપસ કન્યાની જેમ કેવળ પોતાના વાળની લટો ગૂંથીને વિલક્ષણ કેશ કલાપ રચ્યો છે.

અંકોર-વાટની દીવાલો પર આવી અસંખ્ય અપ્સરાઓનાં શિલ્પ છે, પરંતુ કોઈ પણ બે અપ્સરાઓના કેશકલાપ એક સરખા નથી. કુંડળ તથા બીજાં આભૂષણોમાં પણ એવું જ વિપુલ વૈવિધ્ય ભરેલું છે, છતાં, સ્વર્ગની સુંદરીના આ અનુપમ શિલ્પની એક નાની ખોડ નજરને ચુકાવી શકતી નથી: બધી અપ્સરાઓ સીધી, સામે મોઢે ઊભી છે છતાં શિલ્પની અનુકૂળતા ખાતર તેમના પગ આડા કંડાર્યાં છે. સમગ્ર શિલ્પ સામે દૃષ્ટિ કરતાં તે ક્ષતિ વિશેષ રુચિભંગ કે કલા-હાનિ નથી પહોંચાડતી, પરંતુ દૃષ્ટિ નીચી વળતાં ઇંદ્રસભાની આ ચપલ-ચરણ અપ્સરાના આડા પગ આંખને જરૂર કઢંગા લાગે છે. (નીચેનું ચિત્ર)




જમણી બાજુ: કંબોજી શિલ્પમાં શોભનકાર્ય કરેલું ભરપટ્ટે છે તેના ઉદાહરણરૂપ અંકોર વાટના પ્રવેશ-દ્વારના બારસાખનો એક ભાગ. એની ભૂમિકામાં રહેલી ભારતીય પરંપરા સ્પષ્ટ છે. નીચે: અંકોર-ની જાણીતી 'અપ્સરા'ના શિલ્પની એક કઢંગી વિશિષ્ટતા તેના આડા પગ છે.



કાયાની કરામત વિષે મબલખ ચિત્રો સાથે સરળ સમજણ આપતી ચિત્રબોધમાળા [૧]


હાડકાં દેહના માળખાને ઘાટ આપનાર તથા ટેકવનાર વજ્રથી યે કઠણ છતાં મૃદુ એવી કુદરતની એક અજબ કરામત છે. હાડપિંજર દેહના અવયવોને આધાર અને રક્ષણ બંને આપે છે. કેટલાંક હાડકાં એકબીજાં સાથે અમુક યોજનાપૂર્વક જોડાએલાં હોવાને લીધે અંગોનું હલનચલન પણ તેને લીધે શકય બને છે.

નવજાત બાળકનાં હાડકાં કોમલાસ્થિનાં બનેલાં હોઈ તે મૃદુ હોય છે. આથી જન્મ વખતે બાળકનાં અંગ-ઉપાંગોની ગતિ વાંકીચૂંકી કે આડીઅવળી હોય છે. એટલે જ વારંવાર પડી જવા છતાં તેનાં હાડકાં ભાંગતાં નથી. ઉંમર વધતાં કોમલાસ્થિના પીત-રંગી માવામાં લોહી અને એ દ્વારા કૅલ્શ્યમ ભળવાથી તેનું અસ્થિભવન થવા લાગે છે.



ખોપરી

મગજ એ આપણા શરીરમાં એક અતિ આવશ્યક અંગ છે. બહારનાં બળોથી એને સહેજ પણ ઇજા થાય તો જીવનમાં ખટકો આવી પડે આથી કુદરતે એને ચારેકોર બંધ ખોપરીની પેટીમાં સુરક્ષિત ગોઠવ્યું છે. ખોપરી એકબીજાં સાથે અજબ રીતે જોડાએલાં કુલ ૨૨ હાડકાંની બનેલી છે, માથાનાં ૮ અને ચહેરાનાં ૧૪. આમાં માત્ર નીચલું જડબું જ હલેચલે. આંખ કાન, ઘ્રાણ અને સ્વાદના અવયવો પણ ખોપરીની બખોલોમાં ઊંડાં સુરક્ષિત ગોઠવાયાં છે.




પાંસળીઓનું પિંજર

હૃદય અને ફેફસાં એ શરીરનાં બીજાં બે નાજુક અને અતિ આવશ્યક અંગો છે. પાછળથી મેરુદંડ સાથે ને આગળથી છાતીના હાડકા–ઉરોસ્થિ સાથે જોડાએલી પાંસળીઓમાં તે બંને સુરક્ષિત છે.





કરોડનો છૂટો મણકો

મેરુદંડ એટલે હાડપિંજરનો મોભ; શરીરને ટટ્ટાર અને સીધું રાખનાર એકમાત્ર સાધન; હાથપગ રૂપી ઉચ્ચાલનોનું આધારબિંદુ; છાતી ને પેટપેડુના અવયવોને સીધા ને ઊંચા ઝીલી રાખનાર થંભ. એની સાથે શરીરનાં બધાં જ હાડકાં એક યા બીજી રીતે જોડાએલાં છે. તેના દરેક મણકાનો આકાર વીંટી જેવો છે. યુક્તિપુરઃસર ઘડાએલા ને જોડાએલા મણકામાં વાદળી જેવાં પોચાં તત્ત્વો છે. દર બે મણકા વચ્ચે કોમલાસ્થિનું પડ હોઈ મેરુદંડ લોખંડના ગજ જેવો સખત છતાં વળી શકે તેવો, વજનમાં હલકો અને સ્થિતિસ્થાપક છે.



મેરુદંડ-સંમુખદર્શન






પુખ્તવયના માણસનું અને બાળકનું હાડપિંજર






▲ બસ્તિપ્રદેશ

કરોડના છેલ્લા નવ જોડાઈ ગએલા મણકા–ત્રિકાસ્થિ અને ગુદાસ્થિ ને કટિબંધનાં હાડકાં જોડાઈને બસ્તિપ્રદેશ બને છે. સ્ત્રીઓનો બસ્તિ-પ્રદેશ વધુ પહોળો હોય છે. બસ્તિપ્રદેશમાં ગોઠવાએલાં જાંઘાસ્થિ આખા ધડનો ભાર ઉપાડે છે. શરીરમાં જાંઘાસ્થિ મોટામાં મોટાં હાડકાં છે.




▲ ◀ હાથ અને પગની રચના એક સરખી છે. ઢીંચણની ઢાંકણી સાથે એક પગમાં ૩૧ અને ખભાનું હાડકું ને હાંસડી મળીને દરેક હાથમાં ૩૨ હાડકાં હોય છે.




▲ હાથ અને પગનો પંજો

હાથમાં દરેક કાંડામાં આઠ, હથેળીમાં પાંચ, આંગળીઓમાં ચૌદ મળી કુલ ૨૬ હાડકાં હોય છે. એ જ રીતે પગની પાટલીમાં ઘૂંટીમાં સાત, કમાનમાં પાંચ, આંગળીઓમાં ચૌદ મળી કુલ ૨૬ હાડકાં હોય છે.




લાબાં હાડકાં વચ્ચેથી પોલાં હોય છે એ પોલાણમાં વાદળી જેવો પોચો ને સરેશ જેવો ચીકણો તથા રતાશ પડતો પીળો 'માવો'(૨-૩)હોય છે. માવામાંથી રોજ કરોડો રક્તકણો પેદા થઇ લોહીમાં ભળે છે. હાડકામાં પણ લોહીના ભ્રમણ માટેનો માર્ગ (૪) હોય છે. પોચા અને કીમતી માવાને હાડકાનું સખત પડ(૧) રક્ષે છે.



લોહીની નળી અને જ્ઞાનતંતુઓ માટેનો માર્ગ


અતિ ઘણો વિપુલ કરી દર્શાવેલ હાડકાનો ટૂકડો



જન્મ સમયે જાંઘાસ્થિ   બાર વર્ષની વયે

૨૦-૨૪ વર્ષની વયે પુરાઇ જતા સાંધા ↗

જાંઘાસ્થિનું અસ્થિભવન: ઉમર વધવાની સાથે હાડકું પણ ધીમે-ધીમે કેમ વધતુ જાય છે તે દર્શાવતી આકૃતિ.





હાડકાંના સાંધા આંતરત્વચાના પડ (૧)થી ઢંકાએલા હોય છે. તેમાંથી જ પેદા થતો તેલ જેવો ચીકણો પદાર્થ(૩) સાંધામાં ઊંજણનું કામ કરે છે; વધુમાં હાડકાંના છેડા ઘસાય નહિ તે માટે તેના પર કોમલાસ્થિનું પડ (૨) પણ હોય છે. જમણી બાજુ: સાંધાઓમાં હાડકાંને એકબીજા સાથે જકડી રાખનાર અસ્થિબંધનોના પટ્ટા દર્શાવ્યા છે.

લેખક પ્રો. રમણલાલ ચી. શાહ એમ.એ.

હિમખંડ ઉપર શિયાળો

હા–શિયાળો, અને તે હિમખંડ ઉપર ગાળનાર જવાંમર્દોની હિંમત અને હાડમારીની કલ્પના કરી શકો છો? કોઈ નવલકથા પેઠે દિલને જકડી રાખનારી ઉત્તર-ધ્રુવ-માર્ગના સાહસસફરીઓના વીતકની સત્ય કથા

ચાર્લ્સના અવસાન પછી ટુકડીની સરદારી હવે કૅપ્ટન બડિંગ્ટને લીધી. ચાર્લ્સ વગર હવે ઉત્તર તરફ આગળ જવામાં તેમને રસ રહ્યો નહિ; એટલે શિયાળો પૂરો થયા પછી તરત ઘર તરફ પાછા ફરવાનો એમણે નિશ્ચય કર્યો.

શિયાળામાં તેમનું વહાણ બરફમાં જકડાઈ ગયું હતું. એટલે દીર્ઘ રાત્રિ તેમણે વહાણમાંજ પસાર કરી. ધીમેધીમે બરફ ઓગળવા લાગ્યો.

ઑગસ્ટ મહિનો શરૂ થયો અને વહાણ બરફમાંથી મુક્ત થયું. ધીમે ધીમે વહાણ પાછું ફરવા લાગ્યું. સમુદ્ર હજુ બરફ-રહિત થયો નહોતો. મોટી મોટી હિમશિલાઓ સમુદ્રમાં આમથી તેમ તરતી હતી. 'પોલરીઝ' થોડા માઇલ પાછું ફર્યું ત્યાં રૉબેસન ખાડીમાં એક વિશાળ હિમખંડમાં તે સપડાઇ ગયું, અને તેની સાથે સાથે એ દક્ષિણ તરફ ઘસડાવા લાગ્યું. એક રીતે ઘર તરફની જ એ ગતિ હતી, પરંતુ બરફમાં સપડાઈ જવાથી વહાણને જોખમ હતું. બરફની સાથે ઘસડાતાં ઘસડાતાં સ્મિથ સાઉન્ડ વટાવી બૅફિન સમુદ્રમાં વહાણે પ્રવેશ કર્યો.

કેટલાક દિવસ પછી એકાએક કુદરતનું ભયંકર તોફાન શરૂ થયું. આસપાસનો બરફ વહાણ સાથે જોરજોરથી ટકરાવા લાગ્યો. ગાંડાતૂર સાગરે તાંડવ શરૂ કર્યું. એવામાં એક મોટી, તીક્ષ્ણ શિલા વહાણના તળિયામાં અથડાઈ ને તેમાં ગાબડું પડ્યું! વહાણને ડૂબતું બચાવી લેવું હોય તો તાત્કાલિક એમાંથી વજનદાર સામાન કાઢી લેવો જોઇએ, ને તૂટેલા ભાગની મરામત કરવી જોઇએ. વહાણ જમીન જેવા વિશાળ અને સપાટ બરફમાં સપડાએલું હતું, એટલે તેના પર સામાન ઉતારી લેવામાં જોખમ નહોતું. તેમણે તરત બરફ પર મોટી મોટી પેટીઓ, બે હોડીઓ, પાણી ભરવાનાં પીપો, કોલસાનો જથ્થો, કપડાં, પથારીઓ, લેખિત અહેવાલો વગેરે અગત્યની ચીજો ઉતારી લીધી, ને વહાણની મરામત શરૂ કરી દીધી.

થોડો સમય પસાર થયો ત્યાં, તોફાનની અસરને લીધે તેમ જ ઋતુ બદલાતી હોવાને કારણે બરફના વિશાળ ખડમાં એક મોટી તડ પડી ને તે પહોળી થતી ગઈ! જોતજોતામાં બરફના બે જુદાજુદા ખંડ થઇ ગયા ને સમુદ્રમાં હાલકડોલક થવા લાગ્યા. એથી કેટલોક સામાન સમુદ્રના પાણીમાં પડી જાય એવી સ્થિતિ ઊભી થઈ. ટાયસને બીજાઓની મદદથી એ સલામત સ્થળે ખસેડી લીધો. બંને એસ્કિમો દંપતી પોતાનાં બાળકો નીચે મૂકી સામાન વ્યવસ્થિત કરવા લાગી ગયાં. ત્યાં તો બરફમાં ફરી મોટી તડ પડી એના બે ભાગ થઇ ગયા! અરધો સામાન એક ખંડ પર અને અડધો સામાન બીજા ખંડ પર થઈ ગયો, અને વચ્ચે સમુદ્રનું પાણી આવી ગયું. કેટલાક માણસો એક ખંડ પર રહી ગયા, કેટલાક બીજા ખંડ પર, ને કેટલાક વહાણની મરામત કરવામાં રોકાયા હતા. થોડા કલાક પસાર થયા ને બરફના ખંડમાં બીજી બે મોટી તડ પડી! એથી તો તેમની મુશ્કેલી ઘણી વધી ગઇ. અલબત્ત, બરફના ખડનો ઘેરાવો એટલો વિશાળ હતો કે એના ટુકડા થયા પછી પણ એના પર છૂટથી હરીફરી શકાય એટલા એ મોટા હતા; તો પણ જુદાજુદા ટુકડાઓ પર જુદો જુદો સામાન ને જુદા જુદા માણસો રહી ગયા હતા. એક ટુકડા પરથી બીજા ટુકડા પર સામાન ને માણસોની હેરફેર કરવા માટે તેમને વચ્ચે હોડી ફેરવવાની જરૂર પડી!

આ રીતે તેમનો આખો દિવસ આથમવા આવ્યો, પણ કામ ઓછું



કંઈ પણ અણસાર આપ્યા વિના ૧૯ માણસોને બરફ પર રઝળાવી મારીને 'પોલરીઝ' પાણીમાં ચાલી નીકળ્યું.

થયું નહિ. સદ્‌ભાગ્યે 'પોલરીઝ' બચી ગયું હતું અને તેની મરામત પૂરી થવા આવી હતી. દિવસ આથમ્યે અંધારું થવા આવ્યું. સૌ પોતપોતાના કામમાં મશગૂલ હતા. પણ... આ એકાએક શું થઈ ગયું? 'પોલરીઝ'ની આસપાસનો બરફ ચૂપચાપ ક્યારે ખસી ગયો તેની કોઇને ખબર ન રહી, અને સુસવાટાભર્યા પવનના સપાટાની સાથે તે કોઇને ય કીધા વિના પોતાની મેળે જ દોડયું ઉત્તરમાં સ્મિથ સાઉન્ડ તરફ! અંધારામાં ધ્યાન પડે તે પહેલાં તો તે ઘણે દૂર નીકળી ગયું. જેઓ વહાણ પર હતા તેમણે વહાણને રોકવાના ઘણા પ્રયાસો કર્યા, પરંતુ સમુદ્રના પ્રવાહ સાથે ઘસડાતું વહાણ ઝટ કાબૂમાં આવ્યું નહિ. બરફ પર રહેલા કેટલાક માણસોનું ધ્યાન પોલરીઝની એકાએક ગતિ પ્રત્યે ગયું. કેટલાક 'પોલરીઝ!' 'પોલરીઝ!' એમ બૂમો પાડવા લાગ્યા; કેટલાક એમાં ચડી જવા માટે એની પાછળ પાછળ બરફ પર દોડયા ને સાહસ કરી પાણીમાં પડી એની પાછળ તરતા તરતા જવા લાગ્યા. 'પોલરીઝ' પરના માણસોએ તેમને જોતાં વહાણ પરથી બે હોડીઓ, તેમને ઊંચકી લેવાના હેતુથી લટકાવી. પરંતુ વહાણ ને તેમની વચ્ચે અંતર વધતું જતું હતું, અને અંધારું પણ થઇ ગયું હતું, એટલે તેમને બરફના ખંડ તરફ પાછા ફરવાની ફરજ પડી.

હવે બરફમાં વધુ તડો પડતી ગઈ અને સામાન તથા માણસો વિભક્ત થવા લાગ્યાં. આ દોડધામમાં હાન્સ અને જો બંને તથા તેમની બંનેની પત્નીઓ પણ પોતાનાં નાનાં બાળકોને ભૂલી ગયાં હતાં. બરફમાં ઉપરાઉપરી તડ પડતી હતી ત્યાં અચાનક હાન્સનું ધ્યાન પડયું. તેણે બંને બાળકીને સંભાળી લીધી અને સુરક્ષિત સ્થળે મૂકી.

'પોલરીઝ' ને માણસો વચ્ચેનું અંતર ઘણું વધી ગયું. હવે તે ક્ષિતિજ પરથી અદૃશ્ય થઇ રહ્યું હતું. બરફ પરનાં માણસો જોરજોરથી બૂમો મારી રહ્યા : 'પોલરીઝ! અલવિદા!' તેમના ઉદ્‌ગારોમાં કંપ હતો, કારણ કે શિયાળાની દીર્ઘ રાત્રિ શરૂ થવાને હવે વાર નહોતી.

પવન સાથે થોડાક માઈલ સમુદ્રમાં ઘસડાયા પછી 'પોલરીઝ'ને કૅપ્ટન બડિંગ્ટને કાબૂમાં લીધું અને શિયાળાની રાત્રિ એ વહાણમાં ગાળવાનું શક્ય ન હોઈ એને જેમતેમ કરીને નજીકના કિનારે લીધું. અગાઉના તોફાનમાં વહાણનો કેટલોક ભાગ તૂટી ગયો હતો એટલે લાંબી સફરમાં એ બહુ ઉપયોગમાં આવે તેવું રહ્યું નહોતું, તેમજ એમાં પડેલા ગાબડાને લીધે ઝાઝો વખત એમાં રહેવું જોખમભર્યું હતું. આથી કિનારે પહોંચતાં જ બડિંગ્ટન અને એના બીજા સાથીદારોએ વહાણમાંથી બધો જ સામાન જમીન પર ઉતારી લીધો ને વહાણના લાકડાનો ઉપયોગ કાપી કાપીને કામચલાઉ ઘર બાંધવામાં કર્યો. તેમનું ઘર તેમને ઠંડી ને પ્રાણીઓથી રક્ષણ આપે એવું હતું, પરંતુ ખોરાકનો જથ્થો તેમની પાસે પૂરતા પ્રમાણમાં નહોતો. એથી તેઓ આસપાસના એસ્કિમોનો સંપર્ક સાધવા અંધારી રાતમાં નીકળી પડયા. સદ્‌ભાગ્યે નજીકમાં જ ઇટાહના એસ્કિમો રહેતા હતા. તેમણે તેમને ખૂબ મદદ કરી અને તેમને જરા પણ અડચણ ન પડે એ માટે કેટલાક તો તેમની સાથે તેમના ઘરમાં આવીને રહ્યા.

શિયાળો પૂરો થઇ વસંત ઋતુ આવી. સમુદ્રમાં બરફ ઓગળવા લાગ્યો એટલે તેમણે ઘર તરફ જવાની તૈયારી આરંભી. વહાણ તો તેમની પાસે હવે રહ્યું નહોતું, એટલે એમણે જે લાકડું ઘર બનાવવાના ઉપયોગમાં લીધું હતું તેમાંથી બે હોડીઓ બનાવી. દક્ષિણ દિશા તરફ હોડીઓ હંકારતાં તેઓ સ્મિથ સાઉન્ડમાં થઇને બેફિન સમુદ્રમાં આવી પહોંચ્યાં, ત્યાંથી તેમને એક વ્હેલ-શિકારીએ પોતાના વહાણમાં લઇ લીધાં.

પણ બરફ પર જે રહી ગયા તેમને માટે શિયાળાની લાંબી રાતમાં બરફ છોડી બીજે જવાની શક્યતા જ ક્યાં હતી? અલબત્ત, શિયાળો જામવાને લીધે હવે બરફમાં વધુ તડો પડવાનો ભય નહોતો, અને આસપાસ બધે બરફ જામ્યા પછી લાંબી રાત પૂરતો તો સમુદ્રનો ભય પણ નહોતો. ટાયસન, એક રસોઇયો, કેટલાક ખલાસીઓ, કોઠારી અને બે એસ્કિમો કુટુંબ–એટલાં મળી અઢાર જણ બરફના ખંડ પર રહી ગયાં હતાં. તેમની પાસે કેટલુંક ખાવાનું, એક હોડી, બે એસ્કિમો બનાવટની કાયાક (નાની સપાટ હોડી), એક તંબૂ, એક હોકાયંત્ર ને બીજી કેટલીક પરચૂરણ વસ્તુઓ હતી. તેમણે વિશાળ હિમખંડના બનેલા નાનાનાના એ ખંડોમાંથી એક લગભગ દોઢસો ફૂટ લાંબો અને દોઢસો ફૂટ પહોળો મોટો અને મજબૂત ખંડ પસંદ કર્યો. તેના પર તેમણે બધો સામાન એકઠો કરી લીધો. એસ્કિમોએ એ બરફમાં ભોંયરાં ખોદીને, તેઓ સામાન્ય રીતે જેવાં ઘરોમાં રહે છે તેવાં ત્રણ ઘરો બનાવ્યાં : બે કુટુંબ માટે બે નાનાં ઘર અને બાકીના માટે એક મોટું ઘર. એસ્કિમોને તો આવાં ઘરમાં રહેવાની નવાઈ નહોતી, પણ સાહસિકોને આ પ્રકારના ઘરમાં રહેવાનો આ પહેલો જ અનુભવ હતો. પરંતુ એસ્કિમો દંપતીને લીધે તેમની નૈતિક હિંમત આવી વિપત્તિમાં પણ ટકી રહી હતી. ધ્રુવસમુદ્રમાં એક વિશાળ હિમખંડમાં તેઓ રહેતા હતા, પણ પોતાનું શું થવાનું છે એની તેમને ખબર ન હતી.

ઘર બનાવવાના કામકાજમાં જે સમય પસાર થઈ ગયો તેમાં ખાવાનું લગભગ ખૂટી ગયું. આવી રાતમાં એસ્કિમો સિવાય શિકાર કરવાનું કોઇને આવડતું નહિ, અરે એમની કાયાક બરફ વચ્ચે પાણીમાં ઝડપથી ચલાવવાનું પણ તેમને બરાબર આવડતું નહિ. એમાં યે આ પ્રદેશોમાં શિકાર માટે અનોખી કુનેહની જરૂર પડતી, જેમાં એસ્કિમો પાવરધા હતા. હાન્સ તથા જો પોતાની કાયાકમાં શિકાર કરવા નીકળ્યા. બીજા ભૂખ્યા પેટે તેમના આગમનની રાહ જોઇને બેઠા. હાન્સ અને જો પહેલો શિકાર લઈ આવ્યા ત્યારે તો એ રાંધવા જેટલી ધીરજ પણ કોઈનામાં રહી નહોતી. કાચો ને કાચો ખોરાક તેમણે પેટમાં પધરાવી દીધો. અઢાર માણસોનો ખોરાક પૂરો પાડવાનું કામ ઘણું કપરું હતું. તેમ છતાં બંને એસ્કિમોએ તેમને આશ્વાસન આપી હિંમત ન હારવા સમજાવ્યું. કારણ કે શિકાર પૂરતો ન મળવાને લીધે અને બરફમાં રહેવાની આવી સ્થિતિને લીધે જીવતા ઘરે પહોંચવા વિષે સાહસિકો હવે સાશંક બની ગયા હતા.

દોઢસો ફૂટ લાંબા ને પહોળા બરફના ખંડમાં તેમણે શિયાળાની ૮૩ દિવસ જેટલી લાંબી ઘોર અંધારી રાત જેમતેમ પસાર કરી. આ રાત દરમ્યાન મહત્ત્વની ઘટના બની હોય તો તે એટલી જ કે તેમની સંખ્યા અઢારમાંથી ઓગણીસની થઈ હતી: જોની સગર્ભા પત્ની હાનાએ એક બાળકને જન્મ આપ્યો હતો. શિયાળાની લાંબી રાત નિર્વિઘ્ને પસાર થઈ. એ રાતમાં કોઈની તબિયત બગડી નહોતી. વધારે સારું તો એ હતું કે જે હિમખંડ પર તેઓ રહેતાં હતાં તે રોજના ચોવીસ માઇલની ગતિથી દક્ષિણ તરફ જઈ રહ્યો હતો, એટલે ઘર તરફ જવાનું એટલું અંતર આપોઆપ કપાતું હતું! જાણે મંદ ગતિથી વગર મહેનતે ચાલતા બરફ રૂપી વહાણમાં તેઓ બેઠાં ન હોય!

સૂર્યોદય થયો. પણ એણે તેમનામાં હર્ષોલ્લાસ પ્રગટાવ્યો નહિ, કારણ કે તેઓ આશા-નિરાશાની મિશ્ર લાગણી અનુભવતાં હતાં. સૂર્યોદય થતાં ધ્રુવપ્રદેશની શિયાળાની લાંબી રાતનું વિઘ્ન પસાર થયું, પણ સૂર્યોદયે પોતે બીજું નવું વિઘ્ન ઊભું કર્યું. સૂર્યપ્રકાશને લીધે બરફ ઓગળવા લાગ્યો, ને જે હિમખંડ પર તેઓ રહેતાં હતાં તે ધીમેધીમે ઓગળી નાનો થવા લાગ્યો. એમાં તડ પડે તો જોખમ ઘણું મોટું હતું.

આસપાસ બરફ ઓગળતો જતો હતો, પણ તેમાં હોડી ફેરવાય એટલું પાણી સપાટી પર થયું નહોતું. દિવસે દિવસે તેમનો હિમખંડ નાનો ને નાનો થતો જતો હતો. સદ્‌ભાગ્યે બરફના જાણકાર એસ્કિમોએ તેમાં ભોંયરાં ખોદી વચ્ચે જે ઘર બનાવ્યાં હતાં તેને હાનિ પહોંચી નહોતી, તો પણ સંકટ કઇ ઘડીએ આવી પહોંચશે એ કહેવાય એવું નહોતું, એથી તેઓ કોઈપણ ઘડીએ આવી પડનારા સંકટનો સામનો કરવા માટે કપડાં પહેરી, જરૂરની વસ્તુઓ પાસે રાખીને જ રહેતાં.

દિવસે દિવસે આસપાસનો બરફ ઓગળી જતાં તેમનો હિમખંડ ખુલ્લા સમુદ્રમાં છૂટો તરવા લાગ્યો. આ હિમખંડ મૂળ સ્થાનેથી ૧૩૦૦ માઈલ દક્ષિણે આવી ગયો હતો. એના પર તેમણે અત્યાર સુધીમાં બધા મળી ૧૭૦ જેટલા દિવસો પસાર કર્યા હતા. આમ જુઓ તો, ૧૭૦ દિવસમાં વગર મહેનતે જ તેમણે ઘર તરફ ૧૩૦૦ માઈલનું અંતર કાપ્યું હતું. ધ્રુવપ્રદેશમાં હિમખંડ પર ૧૭૦ દિવસ પસાર કરનાર તેઓ પહેલા જ સાહસિક હતાં.

અંતે, પહેલી એપ્રિલે તો, ઉનાળાના દિવસમાં બરફનું કદ નાનું થતું જતું હતું અને એમાં બનાવેલા ઘરમાં તિરાડો પડતી જતી હતી ત્યારે, તેમાં રહેવું અત્યંત જોખમ ભરેલું બની ગયું. હવે એ છોડીને હોડીનો આશરો લીધા વિના છૂટકો નહોતો. પણ તેમની પાસે ફક્ત એક જ હોડી હતી. માત્ર છ માણસો બેસી શકે એવી હોડીમાં ઓગણીસ માણસે સમાવેશ કર્યો. હોડી ડૂબે નહિ એટલા માટે, તેમણે પોતાની સાથે એક પણ વસ્તુ લીધી નહિ. શરીર પરનાં બિનજરૂરી કપડાં પણ તેમણે સમુદ્રમાં ફેંકી દીધાં. ખોરાકનો જથ્થો તો પૂરતા પ્રમાણમાં તેમની પાસે હતો, પણ હોડી ડગુમગુ થતાં, થોડાક દિવસનો જ ખોરાક રાખી બાકીનો બધો તેમણે સમુદ્રમાં પધરાવી દીધો! હવે કોઇ અગમ્ય ભાવિ તરફ તેઓ ઘસડાઈ રહ્યાં હતાં. સંકટ પળેપળ તેમને માથે તોળાઈ રહ્યું હતું. મૃત્યુ પોતાના તરફ ઘસડી જવા જાણે તેમની પાછળ પાછળ ભમતું હતું. તેઓ જાણતાં હતાં કે બચવાવાની આશા નહિ જેવી હતી, છતાં તેઓ શાંતિ અને ધીરજ ધારણ કરી પોતાનો પંથ કાપતા જતાં હતાં. અત્યારે તો તેમનું ધ્યેય એક જ હતું: વહાણોની અવરજવરવાળા વિસ્તારમાં ઝટઝટ પહોંચી જવાનું, જેથી કોઇક વહાણ તેમને બચાવી લે.

હોડીમાં જકડાઈ એકસરખાં બેસી રહેવાને લીધે ને સતત હલેસાં મારવાને લીધે તેઓ વારંવાર થાકી જતાં; અને રાતના તો હોડીમાં બેસી રહેવું જોખમભર્યું પણ હતું. આ સંજોગોમાં તેઓ, ભલે થોડું લાંબું અંતર કાપવું પડે તો પણ, પોતાની હોડી સમુદ્રમાં છૂટાછવાયા તરતા વિશાળ હિમખંડો વચ્ચે હંકારતાં. એક ખંડથી બીજા ખંડ તરફ જવામાં લાભ એ હતો કે હોડી ગમે ત્યારે અચાનક ડૂબે તો તરતા તરતા નજીકના હિમખંડ પર પહોંચી જવાય. જ્યારે તેઓ થાકતાં ત્યારે હિમખંડ પર ઊતરી પગ છૂટા કરતાં, અને વિસામો લેતાં. રાત પડતી એટલે તેઓ એકાદ વિશાળ અને સલામત હિમખંડ પસંદ કરતાં અને હોડીને ત્યાં બાંધી રાખી રાતવાસો રહેતાં.

સતત શ્રમ ને ખોરાકની આ તંગીમાં એકાએક નવું સંકટ ઉમેરાયું. આસપાસ ગાઢ ધુમ્મસ છવાઇ ગયું ને મોટા મોટા કરાનો વરસાદ પડ્યો. એથી કેટલાંકને તાવ આવ્યો. ખોરાકની તંગી અને માંદગીને લીધે જીવતાં ઘેરે પહોંચવાની કેટલાંકે તો આશા પણ છોડી દીધી.

આ રીતે સત્તાવીસ દિવસ તેમણે હોડીમાં પસાર કર્યા. અઠ્ઠાવીસમી એપ્રિલના દિવસે મોડી સાંજને વખતે એક વહાણ તેમના જોવામાં આવ્યું. અનહદ આનંદમાં આવી તેમનાં મન નાચવા લાગ્યાં. આ સંકટમાંથી મુક્તિ હવે હાથવેંતમાં છે એમ તેમને લાગ્યું. વાયરલેસનાં સાધનો હોત તો તેમણે એ વહાણને પોતાનો સંદેશો તરત પહોંચાડ્યો હોત, પણ અહીં તો બંનેનો સંપર્ક થાય ત્યાં સુધી રાહ જોવાની હતી. તેમણે વહાણ જોયું, પણ વહાણનાં માણસોએ હોડી જોઇ હોય એમ લાગતું નહોતું. બંને વચ્ચે અંતર એટલું હતું કે રાત પહેલાં તેમનો સંપર્ક થવાની શક્યતા નહોતી. તેઓ નજીકના હિમખંડ પર રાત રહ્યાં ને ભળભાંખળુ થતાં ઊઠીને વહાણની તપાસ કરવા ચારે બાજુ ક્ષિતિજ સુધી નજર ફેરવી. પણ વહાણ તો રાત દરમ્યાન ક્યાંનું ક્યાં ચાલ્યું ગયું હતું! તેમનો આશાતંતુ છિન્નભિન્ન થઇ ગયો.

એ દિવસે સાંજે તેમણે ક્ષિતિજ પાસે ફરીથી બીજું એક વહાણ જોયું. રાત પહેલાં ત્યાં પહોંચવાની શક્યતા નહોતી. બીજી વાર પણ શું તેમને એવો જ અનુભવ થવાનો હતો? હા; બીજે દિવસે સવારે ઊઠીને જોયું તો એ વહાણ પણ અદૃશ્ય થઈ ગયું હતું! મૃગજળની જેમ એ બંને વહાણો હાથમાં ન આવ્યાં; પણ એમને જોવા જેટલું તો સુખ હતું ને? પરંતુ હવે તો એ પણ ન રહ્યું; કારણ કે ફરી ચારે પાસ ગાઢ ધુમ્મસ છવાઈ ગયું.

૩૦મી એપ્રિલનો એ દિવસ હતો. હિમખંડનું ઘર છોડી હોડીમાં નીકળ્યાંને પૂરો એક મહિનો થયો હતો. એક મહિનામાં તેઓ કેટકેટલી આકરી કસોટીઓમાંથી પસાર થયાં હતાં! એ સંજોગોમાં, અને ખાસ કરીને ત્રણે બાળકોની સ્થિતિ ગંભીર હતી ત્યારે, તેમની માત્ર એક જ પ્રાર્થના પ્રભુને હતી કે ફરી પહેલાં જેવો કરાનો વરસાદ ન પડે.

ફરી ધુમ્મસને લીધે હોડી હંકારવાનું અશક્ય બનતાં તેઓ એક હિમખંડ પર ચડી ગયાં હતાં. અને જ્યારે પચાસ વાર છેટું પણ દેખાતું નહોતું ત્યારે, લગભગ બપોરને વખતે ધુમ્મસ વીંધીને કંઈક અવાજ આવતો તેમણે સાંભળ્યો. જરૂર નજીકમાં કોઇ વહાણ હોવું જોઇએ એવા આશાભર્યા વિચારોમાં તેઓ લીન થતા હતા, ત્યાં તો જાણે ધુમ્મસનો પડદો ફાડીને તેમને માટે મુક્તિદાતા જેવું એક વહાણ તેમની તરફ આવી રહ્યું હતું. અજાણતાં જ, આવી અનપેક્ષિત રીતે આટલો જલદી વહાણનો ભેટો થવાને લીધે તેઓ આનંદ આનંદના પોકાર કરી રહ્યા. ન્યુ ફાઉન્ડલૅન્ડથી વ્હેઈલના શિકાર માટે ઊપડેલું 'ટાઇગ્રેસ' નામનું એ વહાણ હતું. વહાણના કપ્તાને તેમના હિમખંડ નજીક વહાણ લીધું અને તેમને બધાંને વહાણમાં ચડાવી દીધાં.

અને કેટલા સમયસર તેઓ બચી ગયાં? વહાણમાં બેઠાને થોડાક કલાક પણ થયા નહિ ત્યાં તો ધુમ્મસ વધારે ગાઢ બન્યું, મોટા મોટા કરાનો વરસાદ પડવા લાગ્યો, કુદરતમાં ભયંકર વાવાઝોડું થયું, પવનના સુસવાટા સાથે સમુદ્રનાં પાણી મોટામોટા હિલોળા લેવા લાગ્યાં, પવન સાથે બરફની કરચો જોરજોરથી ઊડવા લાગી, અને મોટા મોટા હિમખંડો લાકડાના ટુકડાની જેમ આમતેમ ડોલવા, ઘસડાવા અને ફેંકાવા લાગ્યા. લાગલાગટ બે દિવસ સુધી આ તોફાન શાંત થયું નહિ. વહાણ માટે પણ જે વાતાવરણ જોખમકારક હતું, એમાં થોડાક કલાક આ વહાણ મોડું આવ્યું હોત તો, આવા જીવલેણ તોફાનમાં હોડીમાં કે હિમખંડ પર તેમનામાંથી કોઇ પણ બચી શક્યું હોત? દિવસો સુધી આકરી કસોટી કરી, મૃત્યુનો પંજો વારંવાર બતાવ્યા કરી, બરાબર અણીને વખતે વિધાતાએ તેમને કેવી અદ્‌ભુત રીતે બચાવી લીધાં!

હાન્સ અને જો પોતાના કુટુંબ સાથે બેફિન સમુદ્રમાં પોતાના સ્થાને ઊતરી ગયા ને બાકીના એ જ વહાણમાં અમેરિકા આવી પહોંચ્યા.

ચાર્લ્સ ફ્રાન્સિસ હૉલના અવસાન પછી વિભક્ત થએલી ટુકડીના માણસો અમેરિકામાં જ્યારે એકબીજાને મળ્યા અને પરસ્પરને જીવતા જોયા ત્યારે આશ્ચર્યાનંદમાં ગરકાવ થઈ ગયા! તેમનું દુઃખ હતું માત્ર પોતાના લાડીલા સરદાર ચાર્લ્સને ગુમાવવાનું.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા

બાજરી જુવાર અને મકાઈ

એ માત્ર ગરીબો માટેનાં જ જરઠ ધાન્યો નથી. એમાંથી યે સાદી અને સ્વાદિષ્ટ અનેક વાનગીઓ બને છે જે દ્વારા સાધનસંપન્ન લોકો—અને રોગીઓ પણ એનાં આરોગ્યદાયક તથા પોષક તત્ત્વોનો લાભ લઈ શકે.

ગુજરાતના મોટા વિસ્તારમાં ગ્રામજનોનો સામાન્ય ખોરાક બાજરી (cambu) છે. એના આછા લીલા રંગને લીધે આયુર્વેદમાં એને 'નીલકણા' કહે છે. એના નાના દાણામાંથી બનતા નીલશ્યામ રોટલાને ભલે ગરીબનો આહાર ગણવામાં આવ્યો હોય, પણ પોષણ-મૂલ્યોની દૃષ્ટિએ ઘઉં પછી બીજું સ્થાન બાજરીનું છે. ડૉ. ચંદ્ર તો કહે છે કે પોષણ-દ્રવ્યોની દૃષ્ટિએ ચોખા કે ઘઉં કરતાં યે બાજરી વધારે સંપૂર્ણ ખોરાક છે.

બાજરીમાં ઘઉં કરતાં જરા થોડું પ્રોટિન પણ વધારે વિટામિન 'એ' અને ચરબી છે. તેમાં રહેલી પાંચ ટકા ચરબી બીજાં શૂક ધાન્યો કરતાં વધારે છે. આથી બાજરી ખાતા લોકોને આંખ અને ચામડીના, પોષણ-ની ખામીના રોગો થતા નથી. વળી એમાં સ્નેહ-તત્ત્વ હોવાથી એના રોટલા ઘડવામાં ઘી કે તેલના મોણની જરૂર પડતી નથી. આથી પણ ગરીબ જનો માટે તે સામાન્ય આહાર બની રહે છે. વળી બાજરીના લોટમાંથી ચળામણ ઓછું નીકળે છે; એટલે લોટમાં એનું અસ્તર જળવાઈ રહેતું હોવાથી એમાં મિલછડના ચોખા તથા મેંદા કરતાં વધારે વિટામિનો અને ક્ષારોનો સમાવેશ હોય છે. બાજરીમાં વિટામિન 'બી ૧'નું પ્રમાણ સારું છે, પણ બીજાં 'બી' વિટામિનો જૂજ છે. આયુર્વેદના ગ્રંથ 'નિઘંટુ રત્નાકર' મુજબ બાજરી જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર છે; બલ્ય અને શરીરને કાંતિ આપનાર છે; પુરુષાતન આપનાર અને કામોદ્દીપક છે. તે ઉષ્ણ છે, રુક્ષ છે ને ગરમ હોઈ પિત્ત કોપાવનાર છે.

ઘઉં કરતાં બાજરી હલકો ખોરાક મનાય છે, ને માંદગી પછી અપાતા નક્કર (સૉલિડ) ખોરાકમાં તેનું સ્થાન પ્રથમ છે. પણ તે ગરમ હોવાથી બંધકોષ કરનાર હોઈ નરમ કોઠાવાળાને જ તે વધુ પથ્ય છે.

બાજરીમાં મોટો ભાગ કાર્બોહાઇડ્રેટનો હોવાથી એનો રોટલો 'સંપૂર્ણ' ખાદ્ય નથી. એમાં ખૂટતાં પ્રોટિનો, ચરબી, વિટામિનો અને ક્ષારો મેળવવા સારુ તે કઠોળ, દૂધ કે ઘી, ને લીલોતરી શાકભાજી સાથે ખાવી જરૂરી છે. દૂધ-ઘી સિવાય એકલી બાજરી ખાવાથી સિરૉસિસ ઑવ લિવર (યકૃત કાઠિન્ય) નામનો રોગ લાગુ પડવાની માહિતી, અમદાવાદ વાડીલાલ સારાભાઈ ઑસ્પિટલમાં પશુઓ પર બાજરીના પ્રયોગો કરવામાં આવતાં પ્રસિદ્ધ થઈ છે. એ ઑસ્પિટલમાં સિરૉસિસ ઑવ લિવરના જે રોગીઓ આવે છે તે ખેડૂતો અને મજૂરો હોય છે અને એ લોકો બાજરી સાથે દૂધ જવલ્લે જ ખાય છે. એટલે બાજરી સાથે દૂધ ખાવાથી આ રોગ થવાનો સંભવ નથી; કારણ કે દૂધનું પ્રોટિન કલેજાના કોષોનું રક્ષણ કરે છે. મધ્યમ વર્ગોનાં ઘરોમાં ખવાતો દાળ-ભાત, ઘી સાથે રોટલો તથા લીલોતરી શાકભાજી, અગર તો દૂધ-રોટલા અને લીલોતરી શાકનું વાળુ એ સપ્રમાણ આહાર બને છે. મજૂરવર્ગ માટે બાજરીનો રોટલો અને અડદની દાળનો ખોરાક યોગ્ય નીવડે છે. ગામડામાં ગરીબોને સુલભ એવો, રોટલા તાજી છાશ અને શાકનો ખોરાક એ બધી રીતે યોગ્ય આહાર છે.

બાજરીની ધાણી માંદા માણસો માટે હલકો ખોરાક છે, તો ઘી ને જીરાના વઘાર સાથે છાશમાં રંધાતું બાજરીના કકરા લોટનું ભૈડકું સાજા માણસો માટે પણ હલકો ખોરાક છે. દૂધ-ઘીનો ધાબો દીધેલા બાજરીના કકરા લોટને ઘીમાં શેકી, એમાં ગોળ નાખી બનાવવામાં આવતો ઘસિયો એકલો પણ ફકાય છે; પણ એને દૂધમાં નાખી લેવાથી એક પૌષ્ટિક ખાદ્ય બને છે. ગરીબ લોકોનાં ઊછરતાં બાળકોની વૃદ્ધિ માટે આ પૌષ્ટિક નાસ્તો છે, તો હાલતા દુખતા કે પડી ગએલા દાંત વાળા પ્રૌઢો અને વૃદ્ધો માટે ખોરાક ચાવવાની મુશ્કેલી ટાળતું સાંજના વાળુનું પણ એ ઉત્તમ ખાણું છે.

બાજરીના કકરા લોટનું જીરાના વઘાર સાથે છાશમાં રાંધેલું ભૈડકું છે તો ગરીબ વર્ગનું સ્વાદિષ્ટ ખાણું, પણ ખાધેલું પચતું ના હોય એવા સાધનસંપન્ન રોગી માટે પણ તે સુપાચ્ય ને પોષક આહાર છે; કારણકે એમાં છાશનાં શ્રેષ્ઠ પોષક દ્રવ્યો ભળેલાં હોય છે. વળી મધ્યમ વર્ગનાં માણસો પણ એમાં ઉપરથી ઘી નાખી શોખની વાનગી તરીકે કવચિત્ ખાય છે. પડી ગએલા ને હાલતા દાંતવાળા પ્રૌઢો અને વૃદ્ધોએ આહારના આયોજનમાં સ્વીકારવા જેવી આ વાનગી છે.

જુવાર

ગુજરાતના આહારમાં પ્રાદેશિક ધોરણે અનાજના વપરાશમાં ફેર રહે છે. ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં બાજરી ખવાય છે તો દક્ષિણ ગુજરાતમાં જુવાર; તો વળી પંચમહાલમાં મકાઈ મુખ્ય ખોરાક છે.

આહારમૂલ્યોની દૃષ્ટિએ જુવાર (cholam) બાજરી કરતાં ઊતરતી છે, પણ તેમાં ઘઉં કરતાં વધારે ચરબી છે; એટલે ઘી-તેલ વાપરી ન શકે એવા ગરીબોનો તે મુખ્ય ખોરાક છે. ચોમાસુ જુવાર કરતાં શિયાળુ જુવાર ખાવામાં સારી ગણાય છે. 'રાજનિઘંટુ' ગ્રંથમાં લખ્યા પ્રમાણે શિયાળુ જુવાર ઠંડી, મધુર અને બલપ્રદ છે; વાત-પિત્ત-કફના દોષોને હરનારી છે; બળ આપનાર ને પુષ્ટિદાતા છે. જુવાર ખાવામાં હલકી છે, પણ સહજ વાયુ કરનાર છે.

જુવારના લોટના રોટલા, ઢોકળાં આદિ વાનીઓ બને છે. બાજરીની જેમ જુવારની પણ ધાણી ફોડાય છે. શ્રી બાપાલાલ ગ. વૈદ્ય લખે છે, 'ભરૂચ જિલ્લામાં કેટલાંક ઘરોમાં તો જુવારની ધાણી બારે માસ ખવાય છે. વાયુ ન કરે એટલા માટે તેમાં લસણ-મરચાંની ચટણી તેલમાં મિલાવીને ભેળવવામાં આવે છે. આ પ્રમાણે ધાણી ખાવાથી વાયુ કરતી નથી, બલકે જલદી પચી જાય છે. તે સારક અને શક્તિપ્રદ છે. ગરીબ દેશનાં બાળકો માટે આવી ધાણી પોષણની દૃષ્ટિએ સારી છે.' હોળીના અરસામાં આ ધાણી આપણે પણ ક્યાં નથી ખાતા?

બીજાં શૂક ધાન્યોની જેમ જુવાર પણ કાર્બોહાઇડ્રેટથી સમૃદ્ધ છે. એ બધાં જ શૂક ધાન્યોનું ઉષ્ણાંક-મૂલ્ય લગભગ સરખું છે. સો ગ્રામ (સાડા ત્રણ ઔંસ)માંથી ૩૩૫થી ૩૬૦ આસપાસ તે મળે છે; ને જે પ્રદેશોમાં લોકોનો મુખ્ય આહાર જુવાર છે ત્યાં તો તેમને એ બાળકને માફક આવતા માના દૂધની જેમ માફક આવે છે.

જુવારને ફણગાવવાથી એનાં વિટામિન 'એ' ને વિટામિન 'સી'નું પ્રમાણ વધે છે. આથી એનું પોષણમૂલ્ય પણ વધે છે. જુવારને ફણગાવવા માટે તેને ચોવીસ કલાક સુધી પાણીમાં ભીંજવી, પછી ભીના

કપડામાં બાંધી એના ઉપર ભાર મૂકવો. ફણગા ફૂટે એટલે તેને છાંયડામાં કપડા ઉપર પહોળી કરવી અને અવારનવાર તેના ઉપર થોડા પાણીનો છંટકાવ કરવો. આમ કરતાં પોણો ઇંચ જેટલા લાંબા ફણગા ફૂટી રહે એટલે ફરી છ કલાક સુધી છાંયડામાં અને ત્યાર બાદ સૂર્યના તાપમાં સૂકવવી. બરાબર સુકાયા બાદ તેને પાણીનો સહેજ હાથ આપી ખાંડવી. આમ કરવાથી છોડાં અને સ્વાદમાં કડવા એવા તેના ફણગા નીકળી જશે. પછી એ જુવારને ધીમા તાપે શેકવી. આમ કરવાથી ઝડપભેર ચાલતી મૉલ્ટની ક્રિયા અટકી જશે. આ થઈ મૉલ્ટેડ જુવાર. તેને દળીને બનાવેલો લોટ સાદી જુવારના લોટ સાથે ૧:૬ના પ્રમાણમાં ભેળવીને રોટલો કે લેડકું બનાવવું. મૉલ્ટેડ જુવારની વાનગી સ્વાદમાં અને ગુણમાં શ્રેષ્ઠ છે. બારે માસ જુવાર ઉપર નભતાં ગરીબ લોકોને આ 'મૉલ્ટેડ જુવાર' ખાતા કરવા જેવા છે, જેથી એમને જુવારમાંથી વધારે પોષણદ્રવ્યો પ્રાપ્ત થાય.

હોળીના અરસામાં ધાણીચણા ખાવાનો આપણે ત્યાં રિવાજ છે. આ રિવાજ શાસ્ત્રશુદ્ધ છે. વસંતઋતુમાં ધાણીચણાનો નાસ્તો એ આરોગ્યની દૃષ્ટિએ ઉપયોગી છે.

આયુર્વેદના કથન અનુસાર હેમંત ઋતુમાં શરીરમાં કફનો સંચય થાય છે. વસંતઋતુમાં સૂર્ય-તાપની અસર નીચે સંચિત થએલો કફ ઓગળી શરીરના સર્વ સ્રોતોમાં વ્યાપે છે. આવું સ્થાનભ્રષ્ટ થઈ શરીરમાં વ્યાપવું એનું નામ પ્રકોપ. દોષના પ્રકોપથી રોગ પેદા થાય છે. માટે સંચિત કફના શમનને સહાયક નીવડે એવો આહારવિહાર થવો ઇષ્ટ છે. આ માટે હલકા અને ગરમ પદાર્થોનું સેવન હિતાવહ છે. ધાણી અને ચણા બંને શેકાવાથી હલકાં અને સુપાચ્ય બને છે. આ કારણે ધાણીચણાનો આહાર શાસ્ત્રશુદ્ધ છે. વળી ધાણીચણામાં જુવારના નવા ધાન્યની નવીનતા સાથે પ્રોટિન-ભરપૂર ચણા હોવાથી આહારની રુચિ સંતોષવા સાથે પોષણદાયક તત્ત્વો પણ મળે છે.

મકાઈ

ભારતના છૂટાછવાયા પ્રદેશોમાં જેમ મકાઈ (maize corn) મુખ્ય ખોરાક છે તેમ અમેરિકામાં પણ તે છે. મેક્સિકો અને દક્ષિણ અમેરિકામાં તો તે જીવનધાર ખાદ્ય (સ્ટાફ ઑવ લાઇફ) છે.

રાસાયણિક બંધારણની દૃષ્ટિએ મકાઈ ઘઉં જેટલી જ પોષણદાતા છે. ઘઉં કરતાં તેમાં બેગણી ચરબી છે (જોકે બાજરી કરતાં ઓછી); આથી મકાઇના રોટલા પણ મોવણ વિના ઘડી શકાય છે. મકાઈમાં ઠીક પ્રમાણમાં વિટામિન 'બી-૧' છે તથા વિટામિન 'એ'ના પૂર્વ કારણ રૂપ 'કેરોટિન'ની છાંટ છે. બીજા કોઈ પણ શુક ધાન્ય કરતાં પીળા રંગની મકાઈ કેરોટિનથી સમૃદ્ધ છે. વળી મકાઈમાં ઘણા કીમતી ખનિજ ક્ષારો પણ આવેલા છે. ખાસ કરીને ફૉસ્ફરસ અને પૉટેશિયમનો તો તે ભંડાર છે. મકાઇની જો કોઈ ખામી હોય તો એ કે તેનાં પ્રોટિનો હલકી કોટિનાં છે. એનું મુખ્ય પ્રોટિન 'ઝીન' છે. ઉપરાંત બીજાં અનિવાર્ય એમાઇનો-ઍસિડોની પણ તેમાં ખામી છે. વળી તેમાં વિટામિન 'બી-૨' (નિકોટિનિક ઍસિડ)નો અભાવ છે. આ કારણે એકલી મકાઈ ઉપર નભનારા લોકોને પેલાગ્રા નામનો રોગ થઈ આવે છે. આ નિવારવા માટે મકાઈ સાથે ઘઉં-ચોખા જેવાં બીજાં શુક ધાન્યો અને શાકભાજી ખાવાં જરૂરી છે.

લીલી મકાઈ શેકીને ખવાય છે. એમાં શર્કરા હોવાથી તે સ્વાદમાં મીઠી લાગે છે. લીલી મકાઇનો દૂધમાં રાંધેલો દાણો, ઢોકળાં, વડાં, ચેવડો આદિ સ્વાદિષ્ટ વાનીઓ કોની અજાણી હશે? સૂકી મકાઇને દળીને બનેલા લોટમાંથી રોટલા તો બને જ છે; પરંતુ તેનો શીરો તથા કંસાર પણ બને છે, જે સ્વાદમાં ઘઉંના લોટની વાનીને ટક્કર મારે એવા હોય છે. વળી મોટા દાણે દળેલી મકાઈ સાથે તુવેર કે મગની દાળ એકઠી કરી ખીચડી પણ બનાવાય છે. તેના આખા દાણાને ચોવીસ કલાક પલાળીને કોઈ કઠોળનું શાક કરીએ એવી રીતે શાક પણ થઈ શકે છે. આખી મકાઇની ધાણી પણ ફોડાય છે, જે બપોરના નાસ્તા વખતે છોકરાંને આપી શકાય. મકાઈના રોટલા સાથે લીલોતરી શાકભાજી ને દૂધનું પ્રમાણ વધારવાથી એનું પોષણમૂલ્ય લગભગ ઘઉં જેવું બને છે.

આયુર્વેદની દૃષ્ટિએ મકાઈ તૃપ્તિ કરનારી, વાયડી અને કફ તથા પિત્તને હણનારી છે. મકાઈ લૂખું અનાજ છે. એનાથી પેટમાં ગડગડાટ થાય છે. કુમળી મકાઈ रुचिपुष्टिकृत् (રુચિ અને પુષ્ટિ કરનાર) છે.

મકાઈ પચવામાં ઘઉં જેવી છે. ઘઉંનાં દ્રવ્યોનું ૮૨ ટકા અભિશોષણ થાય છે, તો મકાઈનું ૯૦ ટકા. મકાઈના કાર્બોહાઇડ્રેટ સંપૂર્ણ શોષાય છે, પણ તેના પ્રોટિનો ઘઉં કરતાં ઓછા ઉપયોગી નીવડે છે.

અમેરિકામાં મકાઈની વિવિધ ખાદ્ય વાનીઓ બનાવવામાં આવે છે. આમાંની જાણીતી એક 'કૉર્ન ફ્લેઈક્સ' છે. રાંધેલા મકાઇના દાણાને મધમાં મેળવી, સૂકવી ચપટા બનાવી શેકેલી એ વાની છે., એ પોષણદાયક ને સુપાચ્ય એવું નાસ્તાનું ખાણું છે.

બીજાં ખાદ્યો સાથે લેવાય તો મકાઈ નિઃસંશય શ્રેષ્ઠ પોષણદાતા છે.

કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ગુજરાતી નિબંધ-લેખન-સ્પર્ધા

પ્રાણલાલ દેવકરણ નાનજી સ્મારક ફંડ તરફથી ગુજરાત-મહારાષ્ટ્ર રાજ્યની કૉલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે નીચે પૈકીના કોઈ પણ એક કે તેથી વધુ વિષય પરની નિબંધ લેખન-સ્પર્ધા યોજવામાં આવી છે: 'માધ્યમિક અને યુનિવર્સિટી શિક્ષણમાં અંગ્રેજી ભાષાની આવશ્યકતા', 'કલ્યાણ-રાજ્યના સાક્ષાત્કાર માટે આપણને કેવા સાહિત્યની અપેક્ષા છે?', 'પરદેશી મદદનો વધતો જતો પ્રવાહ: ભાવિ સામાજિક અને આર્થિક જીવન પર તેની અસર', '૧૯૩૦થી ૧૯૬૦ના ગાળામાં પ્રકટ થએલાં નાટકોમાં પ્રતિબિંબિત થતું ગુજરાતી સમાજજીવન'. સ્પર્ધામાં ભાગ લેનારે ફુલસ્કૅપ કાગળની એક બાજુએ, શાહીથી સ્વચ્છ અક્ષરે ઓછામાં ઓછા ત્રણ હજાર શબ્દોમાં લખેલા પોતાના નિબંધની બે નકલો જુદા કાગળ પર કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળના પ્રમુખ કે પ્રિન્સિપલની સહી, તેમજ ઘર કૉલેજના સરનામા અને કૉલેજના પોતાના વર્ગ નંબરની વિગતો સાથે ૩૦મી સપ્ટેમ્બર ૧૯૬૦ સુધીમાં, રજિસ્ટર્ડ ટપાલથી મોકલવી કે હાથોહાથ પહોંચાડવી. નિબંધના લખાણમાં કોઇ પણ સ્થળે અથવા કોઈ પણ પાના પર વિદ્યાર્થીએ પોતાનું નામ કે સંજ્ઞા લખવી નહિ. ઇનામો: પહેલું રૂ. ૩૦૦, બીજું રૂ. ૨૦૦, ત્રીજું રૂ. ૧૦૦. નિબંધ મોકલવાનું સરનામું: શ્રી પ્રવીણચન્દ્ર વ. ગાંધી, મૅનેજિંગ ટ્રસ્ટી, દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ, હૉર્નિમાન સર્કલ, કોટ, મુંબાઈ ૧.

'પરબ'—ગુજરાતી સાહિત્ય પરિષદનું ત્રૈમાસિક મુખપત્ર

આ સપ્ટેમ્બરની આખરે, સર્વશ્રી યશવંત શુક્લ, નગીનદાસ પારેખ, ભૃગુરાય અંજારિયા ને નિરંજન ભગતના તંત્રીપદ નીચે પ્રકટ થશે. 'પરબ' માટે ગુજરાતી ભાષા-સાહિત્યને અથવા સાહિત્ય સામાન્યને સ્પર્શતા ગંભીર અભ્યાસપૂર્ણ લેખો તથા ગ્રંથાવલોકન અર્થે પુસ્તકો મોકલવાની, પરિષદ તરફથી લેખકો-પ્રકાશકોને વિનતિ કરાઈ છે. આ પત્ર પરિષદના સભ્યોને વિના મૂલ્યે મળી શકશે. વાર્ષિક લવાજમ રૂ. ૩, છૂટક નકલ નો રૂ. ૧. સરનામું: તંત્રીશ્રી, 'પરબ', C/o શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ ૯.

પહેરવા-ઓઢવાના જેવી જ ખાવા-પીવામાં પણ પેઘેલી વરણાગી વિષે

નટવરલાલ માલવી

સત્તરેક વરસ પરની વાત છે. છીપવાડને નાકે (સૂરતમાં) એક મિત્ર મળ્યા. સાથે એમનાં પત્ની હતાં. તે ત્યાંથી જ છૂટાં પડતાં હતાં. જતાં જતાં તેમણે કહ્યું: '–અને પેલું લેતા આવજો.'

મેં સહજ કુતૂહલે પૂછ્યું: 'કેમ ભાઈ, શું લાવવાનું ફરમાન છૂટયું?'

'એમને વ્હીટ ફ્લેઈક (ઘઉંની ધાણી) બહુ ભાવે છે. તમે કોઇ દહાડો ખાધાં છે? ઘણાં જ સરસ આવે છે. આમ, એવાં...હલકાં ફૂલ! દૂધમાં ભેળવીને ખાઇએ તો ખુશખુશ થઇ જવાય. ને સસ્તાં પણ કેટલાં? દસ આને પાશેરનો ડબ્બો મળે. ને પાશેરમાં તો ઢગલો થઈ જાય, ઢગલો!'

મને હસવું આવ્યું. મેં કહ્યું: 'ભાઈસાબ, હું તો ગરીબ માણસ. અમેરિકન વ્હીટ ફ્લેઈક ખાવાનાં નાણાં કયાંથી લાવું? હું તો મારે ત્રણ આને શેરની રાજગરાની ધાણી લાવીને ખાઉં છું. તે પણ દૂધમાં એવી જ ભળી જાય છે, ને એવી જ ફક્કડ લાગે છે. ને ફક્ત ત્રણ પૈસામાં પાશેરનો તો મોટો ગિરનાર ઊભો થઈ જાય છે!'

ગિરનાર પડખેના વતની એ ભાઇ મારું સાંભળીને ડઘાઇ જ ગયા. પછી કહે: 'હા, એ વાત ખરી, તદ્દન ખરી. હું તો એ ભૂલી જ ગયો હતો!'

આવા ભ્રમમૂલક પરદેશી ખોરાકો પાછળ ભારતવર્ષના લાખો રૂપિયા (આજે તો અતિ મોઘું હૂંડિયામણ) બગડે છે, ત્યારે......

*

જે. એલિસ બાર્કર (જેને વિષેના ઉલ્લેખો 'કુમાર'માં એકબે વાર હું કરી ગયો છું તેની જ આ વાત છે) પોતે હતો પત્રકાર, લેખક, સાહિત્યકાર. પણ એક વાર એવો માંદો પડયો કે કોઈ રીતે સાજો જ ન થાય. ઘણીઘણી દવાઓ કરી, પણ કોઈની કારી જ ન લાગે. એટલે એણે 'પારકી આશ સદા નિરાશ' કહી જાતે જ દાક્તરી પુસ્તકો લાવી અભ્યાસ શરૂ કરી દીધો. ખૂબ વાંચ્યું, પુષ્કળ અખતરા કર્યા, છતાં એ તબિયત સુધારી ન શક્યો!

ત્યારે એણે મોરચો બદલી નાખ્યો. રૂઢ, અતિવ્યાપી દાક્તરી વિજ્ઞાનને એણે બાજુએ મૂક્યું, ને હોમિયોપથીનો અભ્યાસ શરૂ કર્યો. તેને લગતું ખૂબ વાંચ્યું, અખતરા શરૂ કર્યા, પંડની દવા શોધી કાઢી ને સાજો થઈ ગયો. માત્ર સાજો જ ન થયો, જીવનનો રાહ જ એણે બદલી નાખ્યો. પત્રકારત્વ છોડી દઇ એણે હોમિયોપથિક વૈદું શરૂ કર્યું અને ઇંગ્લાંડનો નામાંકિત, બલકે અતિનામાંકિત, મોખરાનો હોમિયો-શાસ્ત્રી બની ગયો. અસંખ્ય દુર્દમ દર્દો એણે સાજાં કર્યાં, દુખિયારાંને નરવાં બનાવ્યાં, અને સ્વાનુભવનો અપાર ઢગલો પણ એણે જગતભરને ચરણે ધરી દીધો. કલમનો સ્વામી તો હતો જ. પુષ્કળ પુસ્તકો લખ્યાં. તેમાંનું છેલ્લું પુસ્તક તે 'માઈ ટેસ્ટામેન્ટ ઑાવ હીલિંગ' ('મારી ઉપ-ચાર-ગીતા'). તેમાં એણે લખ્યું કે 'હું ૭૪ વરસનો થયો છું; આ મારું છેલ્લું જ પુસ્તક બનશે એમ લાગે છે.' સને ૧૯૩૯.

લગભગ દસેક વરસ વધુ જીવી સને ૧૯૪૮માં ૮૪ વરસની પીઢ વયે એણે દેહ છોડી. વિલાયતનાં પત્રોએ, પ્રજાએ, અસંખ્ય દર્દીઓએ એના મૃત્યુ પર વિલાપ કર્યો. બાર્કર ખૂબ દયાળુ હતો; શાંત, ચિંતન-શીલ, પરગજુ, ચીલાચાલુ પદ્ધતિઓમાંથી નવું પ્રસ્થાન કરવાને સદા ઉત્સુક. છેક પચાસ વરસની વયે એણે હોમિયોપથીના અભ્યાસનો એકડેએક ઘૂંટવા માંડયો, અને તેમાં પારંગતતા પ્રાપ્ત કરી.

એણે લખેલા આ 'ઉપચાર-ગીતા' પુસ્તકમાં એક પ્રકરણ આહાર વિષે છે; અને, અતિ નવાઈ લાગશે કે, જે બાર્કર કદી હિંદ આવેલો નહિ, ભારતીય સંસ્કૃતિ કે વિજ્ઞાન વિષે જેને કશી જાણ હતી નહિ, (એણે એક ઠેકાણે લખ્યું છે: 'હું બે જ ઉપચાર-વિદ્યાને માનું છું–હોમિયોપથી અને નિસર્ગવિજ્ઞાન.'–આયુર્વેદનું નામ પણ એના ખયાલમાં નથી) હિંદની અસલી આહારકળાનો જેને સપને ય ખયાલ નહિ, તેણે પોતાના પ્રયોગોથી જે આહારપદ્ધતિ શોધી કાઢી છે, તે આપણી અસલી આર્ય આહારપદ્ધતિને તંતોતંત મળતી આવે છે, તેનું જ સમર્થન છે, મહોરછાપ છે! આપણા વડવા સો–બસો–પાંચસો વર્ષ પૂર્વે જે વસ્તુઓ જે પ્રકારે ને રૂપે ખાતા, તે પ્રકારે ને રૂપે તે વસ્તુઓ ખાવાની હિમાયત એણે જા-બ-જા કરી છે. એટલું જ નહિ–એ પદ્ધતિએ ખાનપાન કરવાને તૈયાર ન હોય તેવા કોઈ પણ દર્દીનો કેસ એ લેતો જ નહિ!

દવા ત્રણ મહિના સુધી કરવાની; માંસ-મચ્છી તદ્દન બંધ; ઘઉં સમગ્ર થૂલા સહિત ખાવાના; મીઠું કાળું ખાવાનું; ખાંડ રાતી ખાવાની; ગોળ કાળો ખાવાનો—આ શરતો છે કબૂલ? હોય તો તમારો ઉપચાર શોધું. આ હતી એની શરતો. (ઇંડાંની છૂટ ખરી.)

એણે આહાર વિષે જે લખ્યું છે તે હવે, આપણું ઝડપી પશ્ચિમીકરણ થવા માંડયું છે ત્યારે ખૂબ લક્ષમાં લેવા લાયક છે. લખે છે એ:

'ઘણાક દાક્તરો પોતાના દર્દીઓ આહાર શો કરે છે તેના તરફ બહુ લક્ષ નથી આપતા. માંદલા માણસોનો આહાર બદલી નાખવાનું કામ છે તો ત્રાસજનક જ; ને ઘણા દર્દી તો મનભાવતી ચીજની બંધી થાય તો દુર્વાસા રૂપ ધારણ કરે. વળી દાકતરોને આહાર સંબંધે સાચું જ્ઞાન ઓછું જ હોય છે. આહારના સીધાસાદા, વહેવારુ તત્ત્વોને બદલે તેઓ ફક્ત 'વિજ્ઞાન', 'વિજ્ઞાન' કર્યા કરે છે; ને તેમને ય કૉલેજોમાં એવું શીખવાય છે એટલે 'વૈજ્ઞાનિક' પરિભાષામાં જ વાતો કરે છે, કરી શકે છે: 'કૅલરી', 'પ્રોટિન', 'કાર્બોહાઇડ્રેટ', 'વિટામિન'—આ બધા શબ્દોની વિદ્વત્તાભરી ભુલભુલામણીમાં તેઓ અટવાયા કરે છે.

પણ ખરી વાત તો એ છે, કે દરેક પ્રાણીને શું ખાવું શું ન ખાવું એની એક પ્રકારની હૈયાઉકલત—અંતરસૂઝ હોય જ છે. ડૅાકટર જ્હૉન હાર્વે કૅલૉગે પોતાની એક રસાળ કૃતિમાં લખ્યું છે: 'અતિજ્ઞાની કૉલેજ-પ્રોફેસર કરતાં તો સામાન્ય ડુક્કરને ય વધારે આહારસૂઝ છે!'

જરા વધારેપડતો આક્ષેપ, જરાક સવાયું મ્હેણું લાગે છે, નહિ? તો પછી એ જ ડૅાકટર કૅલૉગે કરેલા પ્રયોગની હકીકત જાણવી જરૂરી છે.

ડૉ. કૅલૉગે પુષ્કળ ડુક્કર પાળ્યાં, ને તેમને અતિ કાળજીપૂર્વક વૈજ્ઞાનિક પંડિતોએ શોધી કાઢેલો આહાર આપવા માંડયો. એક આહારશાસ્ત્રી પાસે એમણે પોતાનાં ડુક્કરો માટે ખાસ આહાર-યાદી બનાવડાવી.

થોડાં વરસ એ ખોરાક આપ્યા પછી કોઈક કારમી પળે કૅલૉગ સાહેબને ઊગી ગયું કે ''લ્યા, આ ડુક્કરોને પંડને શો ખોરાક ભાવતો હશે? લાવો ને, જરા પારખું કરી જોઇએ.'

એમણે ડુક્કરવાડાની આસપાસ નાનાં નાનાં ખોખાં મૂકયાં. દરેક ખોખામાં એકેક જ ચીજ ભરી. એકમાં ફક્ત બટાટા, બીજામાં ફક્ત ગાજર, ત્રીજામાં ઘઉં જ, ચોથામાં ઘાસ, પાંચમામાં ઓટ. પછી ડુક્કરોને મૂક્યાં છુટ્ટાં–'જાઓ ખાવું હોય તે ખાઓ.' પરિણામ એ આવ્યું કે ડુક્કરો ને તેમનાં બચ્ચાંકચ્ચાં બહુ ધ્યાનપૂર્વક સૂંઘીસૂંઘી પોતપોતાને ઠીક લાગે તે ચીજ, ઠીક લાગે તેટલી ખાવા લાગ્યાં. દરેકે જુદીજુદી ચીજ પસંદ કરી, કદાચ પોતપોતાની કાયાની તલસ મુજબ. પરિણામ? એ બધાં આગળ કરતાં ઘણાં તાજાંતવાજાં, વધુ નીરોગી બની ગયાં!

આ તો ટૅલૉગ સાહેબની વાત કરી. હવે હું જરા આડફંટો જાઉં. હું ન્યૂ ઝીલાંડમાં હતો, ત્યારે ત્યાંનાં છાપાં વારંવાર વાંચતો હતો. ઑકલાંડ ગામથી 'ધ વીકૂલી ન્યૂસ' નામનું સરસ સાપ્તહિક નીકળે છે, તેમાં બાળઉછેર વિભાગમાં એક ફકરો આવેલો તે મને યાદ રહી ગયો છે. ઇંગ્લંડમાં (કદાચ પશ્ચિમના ઘણા દેશોમાં) હમણાંહમણાં પાલખની ભાજી (સ્પિનૅક) ખાવા પર બહુ ભાર મુકાય છે. 'પાલખ ખાઓ, પાલખ ખાઓ'ના પોકારો (સ્લૉગન) ચાલે છે. તે સાથે બાળકોને પણ પાલખભાજી ખવડાવવાની સારી પેઠે હિમાયત થાય, એટલે માબાપો બાળકોને તે ખવડાવવા ધમાલ કરે. બાળક તે ખાવા ના પાડે, નથી ભાવતી એવો બળવો કરે. કોઇક વાર બાળક ફાવે તો ઘણી વાર માબાપ ફાવી જાય. ઘણાં બાળકોને અનિચ્છાએ પાલખ ખાવી જ પડે!

આમ દસ-પંદર વરસ ચાલ્યું હશે. પછી સને ૧૯૫૯ના નવેમ્બર-ડિસેમ્બરમાં દાક્તરોને બ્રહ્મજ્ઞાન લાધ્યું, કે બાળકો માટે પાલખભાજી યોગ્ય ખોરાક નથી, તેમને એ ખવડાવવાનું ઉચિત કે લાભકારક નથી.

પરિણામે '૫૯માં લંડન ખાતે ફતવો પ્રકટ થયો કે બાળકો પોતાની અંતરસૂઝને પરિણામે જ પાલખ ખાવાની ના પાડે છે, ને તે તદ્દન વાજબી છે; માટે માબાપોએ જબરીજબરીને બાળકોને પાલખ ખવડાવવાની વાત હવે માંડી વાળવી.

અને તેથી પેલા 'વીકૂલી ન્યૂસ'ના બાળઉછેર વિભાગના સંપાદકે ભલામણ કરી હતી કે 'બાળકોને મારીકૂટીને પાલખ ખવડાવવી નહિ.'

બાર્કર લખે છે: 'સામાન્ય માણસોને સમજાય જ નહિ એવા ગ્રંથો લખીને આહાર-પંડિતો સભર કીર્તિ કમાયા છે. દાક્તરોને ય પોતાના અદ્‌ભુત જ્ઞાન વડે આંજી ગયા છે, ને ખોરાકી પદાર્થો બનાવનારી પેઢીઓને નવીનવી 'વૈજ્ઞાનિક' વાનીઓ બનાવી ટંકશાળ પાડવાની પણ સવડ કરી આપી છે. લોકો તદ્દન સીધા, સાદા, કુદરતી ખાદ્યો ખાય, તો એ કારખાનાંને બંધ થવા વારો આવે, એટલે એ કારખાનાદારો પ્રત્યેક ખોરાકને 'વૈજ્ઞાનિક' પદ્ધતિએ 'સુધારવાનો' ડૉળ કરે છે. દૂધને 'વૈજ્ઞાનિક' પદ્ધતિએ જંતુવિહોણું બનાવે છે; પરિણામે બાકી રહે છે તે તો મૂળ વસ્તુ કરતાં અતિ ઊતરતી કોટિનું જ પીણું! ઘઉં તથા બીજાં અનાજનું થૂલું તો કાઢી નાખવાનું. થૂલું એટલે ખરેખરું પ્રાણતત્ત્વ. ધાન્યનો પ્રાણતત્ત્વ રૂપી ભાગ એ થૂલા રૂપે યા થૂલા સાથે નીકળી જ જાય. ઘઉંનો જર્મ (germ) ગોધૂમાંકુર ખૂબ જ પુષ્ટિપૂર્ણ, શક્તિદાયક હોવાથી, ઝટ 'સડી' જાય છે. કારખાનાંવાળાને પરવડે નહિ. એટલે થૂલું તથા આ ગોધૂમાંકુર ચાળીચાળીને કાઢી નાખે અને ધોળો બાસ્તા જેવો સફેદ રૂપાળો આટો બનાવે, જે લાંબા વખત સુધી સડે નહિ. ને પ્રજાને સારી પેઠે સમજાવી-ઠસાવી દીધું કે આ ખૂબ સફેદ આટો જ સર્વોત્તમ! બીજો તો ઝટ સડી જાય!'

હવે આ 'સડી' જવાની વાત શી છે, તે પર જરા હસી લઇએ. એક દહાડો સૂરતનાં છાપાંમાં મથાળું વાંચ્યું: 'માણસ કરતાં ઇયળમાં અક્કલ વધારે છે!' મથાળું ચમકાવે તેવું હતું. પણ આ વિધાનના કરનારા કોણ? તો કે' સંતપુરુષ વિનોબાજી! ઊભા રહો ભાઈ, બરાબર ધ્યાનપૂર્વક વાંચવા દો.

વાત એવી હતી, કે વિનોબાએ કેટલાક ભાઇઓને હાથ ચોખા ખાવાની સલાહ આપી હશે. તો તેમણે જવાબ વાળ્યો કે 'બાપલા, એ ચોખામાં ઝટઝટ ઈયળ પડે છે, બહુ વહેલા સડી જાય છે!' વિનોબાએ તુરત કહ્યું કે 'એ બતાવી આપે છે કે માણસ કરતાં ઇયળમાં વધારે અક્કલ છે. ચોખામાં માલમાલ હોય ત્યાં સુધી તે એને ખાય છે. નિર્માલ્ય બની જાય તે ચોખાને અડતી નથી. તમે કહો છો એના વડે તો હું કહું છું તે જ વધારે સાબિત થાય છે!' એટલેકે ચોખામાં પૂરું પુષ્ટિતત્ત્વ હોય છે ત્યારે જ ઇયળ તેના પર હુમલો કરે છે! એટલે દસેક વરસની ઉમરથી જ મારી બાએ મને શીખ દઈ દીધેલી કે તારે બીજું ભલે ખાવું, આ મેંદાની પૂરી કદી ખાવી નહિ. દશ-અગિયાર વરસની વયથી જ એ શીખને અનુસરી મેં મેંદાની પૂરી ખાવાનું છોડી દીધેલું, ને તેથી ઘણી ફાવટ આવેલી. આજે પણ મેંદાની પૂરી હોય ત્યારે કદાચ કટકોક ખાઉં, પણ બાકી તજી જ દઉં છું.

લખે છે બાર્કર આગળ: 'દુર્ભાગ્યે આટો જેટલો વધારે ધોળો તેટલો વધારે ખરાબ. ઘણીક વાર તો તે ગંદા આટાનો રંગ ઉડાડી દઇને (બ્લીચિંગ કરીને) બનાવે છે. એ ક્રિયા પાછી વધારે આરોગ્યનાશક છે. ભઠિયારા આ નુકસાનકારક, અ-પોષણનીય, અપચનીય, ખનિજ-તત્ત્વ-વિહોણો આટો જ ખરીદી, રસાયનપંડિતોની સલાહથી તેમાં કેટલાંક ઓસડિયાં (જેને સાવ ખોટી રીતે ઇમ્પ્રુવર્સ, 'સુધારકો' કહે છે તે) ઉમેરે છે, ને પછી પાઉં બનાવે છે. પરિણામે પ્રજા પાઉંના ઢગલે-ઢગલા ખરીદે છે ને ખાય છે.'

ધોળો આટો એટલે આપણે મેંદો કહીએ છીએ તે. બીજાં સ્થાનકો વિષે તો હું ન કહી શકું, પણ સૂરતમાં લગ્ન-જમણવારોમાં મેંદાની જ પૂરી બનાવે છે. હું નાનો હતો ત્યારે આવા જમણવારોમાં જમવા જતો, ને બીજે દહાડે માંદો પડતો: દસ્ત છૂટી જતા.

કારણ, મેંદો પચાવવાનું કામ હોજરીને માટે મુશ્કેલ છે. આટામાંનાં તેને પચાવી આપનારાં તત્ત્વો મેંદામાં હોતાં નથી!

પણ દેખાવ? આજકાલ બાહ્ય દેખાવ, રૂપરંગ, ચિતરામણ, પૅકિંગની કરામતો એ બધા પર એટલો બધો ભાર મુકાય છે, કે ન પૂછો વાત! સૂરતમાં મિઠાઇ તથા સેવગાંઠિયા આદિ ચાળીસ વરસ પર શુદ્ધ સ્વદેશી ને તદ્દન નીરોગી ખાખરાનાં પાંદડાંમાં બંધાઇ વેચાતાં. પાંત્રીસેક વરસથી એ ફરસાણ પસ્તીમાં છાપાંમાં બંધાય છે. તેને લીધે લોકોનાં પેટમાં છાપખાનિયા શાહીનો કેટલો ય અંશ જતો હશે તે કોણ જાણે! પહેલાં વાંસફોડાઓ પાસે તાડછાની ટોપલીઓ બનાવવાનો ગૃહઉદ્યોગ હતો તે હવે કાગળના રૂપાળા, ચિતરામણવાળા દાબડાઓના કારખાનાદારો પાસે ચાલી ગયો છે. આ કાગળો, પૂઠાં, જિલેટિન પેપર, પ્લાસ્ટિકના વરખ, એ બધાંની બનાવટમાં જાતજાતના તેજાબો વપરાય છે; અને તેની અસર શી થાય છે તે વિષે દિલ્હીથી આવેલા એક તાજા સમાચાર ચમકાવી મૂકનારા છે. નાઇલૉનના ને એવા નવીનવી જાતના કાપડનાં મોજાં, પ્લાસ્ટિકની ચંપલ, ખમીસ આદિના વપરાશ વડે ત્યાં ખુજલીનો રોગ વધી પડ્યો છે, એ રોગને નાઇલૉન-ખુજલી એવું નામ પણ મળી ગયું છે, અને 'નિષ્ણાતો'એ, એ ખુજલી નાઇલૉન આદિમાં વપરાતાં તેજાબો રસાયનો વડે થાય છે, એવો અભિપ્રાય આપ્યો છે. આ જે નાઇલૉન, ડેકરૉન ફેકરૉન આદિ નવાંનવાં કાપડોનો વા વાયો છે, જુવાન વર્ગ તેની ચમક પર આકર્ષાય છે, તેના દેખાવનો ભોગ બને છે. દેખાવનો જે મોહ, જે વરણાગી આટાને બદલે મેંદાની મૂર્તિસ્થાપના કરે છે,—ઘણાં વરસથી કરી રહ્યો છે તે આજે વ્યાપક બની નવીનવી મૂર્તિઓ ઉપજાવી રહ્યો છે; અને દસદસ વરસે આવી મૂર્તિઓને પદચ્યુત કરવાનો વખત આવ્યા કરે, તો યે નવાઇ નહિ! તદ્દન નીરોગી કાપડ તો કદાચ ગાંધીજીએ પુરાતન ગુફામાંથી બહાર આણેલી ખાદી જ છે, એવું લખતાં સંકોચ થતો નથી. કદરૂપી? દેખાવવિહોણી? અનાકર્ષક?—કોણ જાણે ભાઈ!

પત્રવ્યવહાર માટે સરનામું: હવાડિયો ચકલો, સૂરત (જવાબી પોસ્ટેજ બીડવું)

પચ્ચીસ વર્ષ પહેલાં

ભાદરવો
૧૯૯૧
અંક
૧૪૧





સ્વ. 'સુકાની'ના આ લેખમાં પ્રાચીન ભારતનો માતબર ઇતિહાસ રચનારા આપણા બખ્તાવર વહાણવટાની રોમાંચકારી ગૌરવગાથા અને એ જ વહાણવટાની ગળગળા બનાવી મૂકે એવી આજની કરુણ અવદશા, કકળતે હૃદયે રૂવાં ઊભાં કરે એવી બાનીમાં લખાઈ છે.

કરાચી પાકિસ્તાનમાં ને મુંબાઈ મહારાષ્ટ્રમાં જતાં, ગુજરાતને ભાગે આજે (એક હજાર માઈલની સાગરપટ્ટી ધરાવતાં છતાં) એક પણ સારું બંદર નથી. કંડલા હજી પ્રાથમિક દશામાં છે. ધીકતા વેપાર-ઉદ્યોગ ને સમૃદ્ધ ખનિજ-સંપત્તિ ધરાવતા ગુજરાતની ચાલુ માંગ કે ભાવિ શક્યતાઓને તેનાં ૮ મધ્યમ કદનાં ને ૪૨ નાનાં બંદરો પહોંચી શકે તેમ નથી. ગુજરાતને એક કાળે જેણે 'સાગરતીર્થ'નું ઉપનામ અપાવેલું તે સાત સાગર પર ધજા ફરકાવતા આપણા જાહોજલાલ વહાણવટાની આજે કેટલી બૂરી દશા થઈ છે તેનો કરુણ ચિતાર આપતો જે હૃદયદ્રાવક લેખ આજથી પચ્ચીસ વર્ષ પર સ્વ. 'સુકાની'એ લખેલો તેનો થોડો ભાગ ઉતારવો આજે ઉપયુક્ત થશે.

પ્રાચીન હિંદનો માતબર ઇતિહાસ રચનાર આપણા બખ્તાવર વહાણવટાની એ રોમાંચકારી ગૌરવગાથા લખતાં, સ્વ. 'સુકાની'એ અમને પત્રમાં લખેલું: 'રુદ્રમાળ પાસે ઊભા રહી પ્રાચીન ગૌરવ માટે બે આંસુ સારનારાં દેશદ્રવી હૃદયો તો આપણે જાણીએ છીએ; પણ અર્વાચીન સંસ્કૃતિના ખડકે તારાજ થએલા આજના સાગર-અવશેષો તો આંસુ પણ સૂકવી નાખે એવા છે.'' વાંચો એ લેખ:

મુંબાઈના પડાવ બંદરમાં કે કરાચીની નેટિવ જેટ્ટી પાસેના ઘાસ બંદરમાં પડેલાં આપણા લૂટ્યાતૂટ્યા સરખા વહાણવટાનાં આ ખંડિયેરોમાં કોઇ પુરાતત્ત્વવિદ હજુ કેમ નહિ પહોંચ્યો હોય? સાત સાત દિલ્હીનાં ખંડિયેરોની કથાને ભુલાવી દે એટલી કરુણતા આ કંઠારે ભંડકભંડકમાં ઊભરાય છે, ને આ એક એક ખુવો, અશોકના થંભ કરતાં વધારે જૂનો ઇતિહાસ કહી શકે એમ છે.

આ આજનાં કન્ટ્રી ક્રાફ્ટ(ગામઠી વહાણો) એ પ્રાચીન વહાણવટાના કલશ નથી, પણ એનાં પાયાઉખેડ ખંડિયેર છે. એ ખંડિયેરને મરણતોલ ઘા કરનાર આપણું અજ્ઞાન જ છે. આજની સંસ્કૃતિએ કંઠારે વસતી આ પ્રજાઓમાંથી પણ દરિયાઈ ખમીર ઓસાવી દીધું છે. પશ્ચિમ કંઠારે બી. બી. ઍન્ડ સી. આઇ.ની રેલવે છે; પૂરવ કંઠારે બંગાલ-નાગપુર અને એમ.એસ.એમ. છે. અને બે હજાર કોસની ધીખતી કંઠાર ઉપરનાં બંદરોની કરપીણ કતલના પાયા ઉપર આ રેલવેઓ આજે દોડે છે. એ બંદરોનો નાશ થતાં એ બંદરોને ધીખતાં રાખનાર વહાણવટાનો નાશ થયો, અને એ વહાણવટા ભેળું જ આપણા સાયરબચ્ચાઓનું નખ્ખોદ નીકળી ગયું.

પણ જ્યાં રડ્યાંખડ્યાં ગામઠી વહાણો ચાલે છે ત્યાં હજુ સાગરવંશ દેખાય છે. એ નાખવાઓની મેલીઘેલી ચીંથરેહાલ બંડી નીચે સાગરના અમોલ ખમીરે ઊકળતાં હૈયાં ધડકે છે એમાં શક નથી. આવાં તૂટ્યાંફૂટ્યાં વહાણોમાં, જરૂર પડ્યે ગમે તેવા દરિયાને પણ બરદાસ્ત કરી શકે એટલી તાકાદ આજે પણ મોજૂદ છે. એમને મધદરિયે મળતી અનેક જંગી સ્ટીમરોનાં તૂતક ઉપરથી એમના ઉપર કીમતી દૂરબીનો મંડાય છે. એ દૂરબીન માંડનાર પરદેશી કપ્તાનો આ નાચીઝ જેવા લાગતા ધંધાસાથીઓ પર આફરીન હોય છે. આ બહાદર નાખવાઓ માટેની પ્રશસ્તિ આ તમારા 'સુકાની'એ અનેક તૂતક ઉપરથી, અનેક પરદેશી કૅપ્ટનોને મોંએ અનેકવાર સાંભળી છે.

તક મળતાં આ નાખવાઓનું ખમીર દેખાઈ આવે છે. નાનાં વહાણ હોય કે મોટાં, સાજાં વહાણ હોય કે બિસ્માર, સ્ટીમર હોય કે પવનના ઘોડા, એનો એમને કશો હિસાબ જ નથી. દરિયાનો સામનો કરવાની તાકાત એ તો નાખવાના જિગરમાં હોય છે, વહાણોમાં નહિ! જે બે-પાંચ કૂડી નાખવાઓ આજે પણ પશ્ચિમ પંથારમાં મિસ્કીન પડ્યા છે તેમાં એ જિગર હજુ યે સાબદું પડ્યું છે! એ તણખામાં ફૂંક ભેળી પ્રચંડ જ્યોતિ ભડકી ઊઠે એમ છે. પણ એ ફૂંક ક્યાં?

આ હજુ તાજી જ વાત છે. કચ્છની ભૂખી કાંઠીના કોઇ લખાધિપતિ શેઠિયાઓને વહાણે ભવાન નાખવો ચડતો. શેઠિયાઓનાં વહાણ જંગબાર મુમ્બાસા સુધી ખેડ કરતાં. ભવાનની ઉમર કાચી હતી, પણ એ દરિયાલાલને પારણે જન્મ્યો'તો. દેશદેશાવરનો એ જોગી હતો.

ઈસ્વી ૧૯૧૫ની સાલ હતી. યુરોપનો મહાભારત જંગ જોરાતો થતો જતો હતો. એ વખતે ભવાનનો કોટિયો સીસલ (Seychelles)માં સલવાઇ રહ્યો હતો. લડાઇના હંગામે દરિયા જોખમી બની ગયા હતા. સીસલમાં જે થોડા ગોરા દરિયાઈ અફસરો હતા તે બધા એક યા બીજે કામે ચડવા માંડ્યા હતા. સીસલનાં સરકારી જહાજોના કામોઢા ગોરાઓ ફોજી આરમારીમાં જોડાતાં, એ ટાપુઓના વહીવટમાં ખલેલ પડવા માંડી હતી. ખાસ તો ફોજી અસબાબ પૂરવ આફ્રિકામાં પહોંચાડવાનો હતો, દખણ આફ્રિકામાં પહોંચાડવાનો હતો, ને ત્યાંથી કિલ્લેબંધી માટે, તરી બંદોબસ્ત માટે, ગીસતના મેલાણ સરંજામ માટે, હજારો જણસ સીસલ લાવવાની હતી. અને એ મહાસાગરના ઘોસ માટેનું જે ખાસ જહાજ તે અફસર વિનાનું બની ગયું હતું.

સીસલની સરકાર મૂઝાઈ ને લાચાર બની ત્યારે બારામાં પડેલાં સઢનાં જહાજોને રોકવા માંડયાં. એમાં આરબ હતા, સોમાલી હતા, જર્મનિયા હતા, ઈરાની હતા ને આપણી પશ્ચિમ ધરાનો નાખવો ભવાન પણ હતો. ભવાનને હજુ મૂછો ફૂટવા માંડી હતી. સરકારી અફસરે બધાં વહાણો બાંધી લીધાં. એક સવારે ભવાનનું વહાણ બાંધવા ઍડમિરૅલ્ટીનો અફસર ભવાનને કોટિયે ચડ્યો. એનાં કોલ, ચોડી, ઘોસ વગેરે જોયાં. એનાં જન્તરબ્યન્ત્ર જોયાં. સાથેસાથે મોટી અજાયબી વચ્ચે એ નાખવા પાસે એણે નોરીના કોઠા જોયા, બ્રાઉનની આલ્મનાક જોઈ, આઝીમુથનાં કોષ્ટક જોયાં, ઍડમિરૅલ્ટીના ચાર્ટ જોયા ને એ અફસર વિચારમાં પડ્યો!

ચોથે દહાડે તો ભવાન નાખવો સરકારી સ્ટીમરના તૂતકે સોળે કળાએ કપ્તાન નિમાયો! 'લડાઈ ચાલે ત્યાં સુધી' એને બોર્ડ ઑવ ટ્રેડની માસ્ટર્સ ટિકેટ—કપ્તાનની 'નલી' મળી. કૅપ્ટન ભવાન પૂર્વ આફ્રિકા ગયો, દક્ષિણ આફ્રિકા ગયો, સિંગાપોર ગયો, રંગૂન ગયો; પણ લડાઈ પૂરી થતાં ફરી પાછો ભવાન નાખવો બની ગયો! ગોરાની ગરજ સરી રહી પછી કાળો તે:તો 'કાળો જ!

લડાઇ પછીનાં બે એક વર્ષ ભવાને કોટિયો

પચ્ચીસ વર્ષ પહેલાં

ભાદરવો
૧૯૯૧
અંક
૧૪૧





કરાચી પાકિસ્તાનમાં ને મુંબાઈ મહારાષ્ટ્રમાં જતાં, ગુજરાતને ભાગે આજે (એક હજાર માઈલની સાગરપટ્ટી ધરાવતાં છતાં) એક પણ સારું બંદર નથી. કંડલા હજી પ્રાથમિક દશામાં છે. ધીકતા વેપાર-ઉદ્યોગ ને સમૃદ્ધ ખનિજ-સંપત્તિ ધરાવતા ગુજરાતની ચાલુ માંગ કે ભાવિ શક્યતાઓને તેનાં ૮ મધ્યમ કદનાં ને ૪૨ નાનાં બંદરો પહોંચી શકે તેમ નથી. ગુજરાતને એક કાળે જેણે 'સાગરતીર્થ'નું ઉપનામ અપાવેલું તે સાત સાગર પર ધજા ફરકાવતા આપણા જાહોજલાલ વહાણવટાની આજે કેટલી બૂરી દશા થઈ છે તેનો કરુણ ચિતાર આપતો જે હૃદયદ્રાવક લેખ આજથી પચ્ચીસ વર્ષ પર સ્વ. 'સુકાની'એ લખેલો તેનો થોડો ભાગ ઉતારવો આજે ઉપયુક્ત થશે.

પ્રાચીન હિંદનો માતબર ઇતિહાસ રચનાર આપણા બખ્તાવર વહાણવટાની એ રોમાંચકારી ગૌરવગાથા લખતાં, સ્વ. 'સુકાની'એ અમને પત્રમાં લખેલું: 'રુદ્રમાળ પાસે ઊભા રહી પ્રાચીન ગૌરવ માટે બે આંસુ સારનારાં દેશદ્રવી હૃદયો તો આપણે જાણીએ છીએ; પણ અર્વાચીન સંસ્કૃતિના ખડકે તારાજ થએલા આજના સાગર-અવશેષો તો આંસુ પણ સૂકવી નાખે એવા છે." વાંચો એ લેખ:

સ્વ. 'સુકાની'ના આ લેખમાં પ્રાચીન ભારતનો માતબર ઇતિહાસ રચનારા આપણા બખ્તાવર વહાણવટાની રોમાંચકારી ગૌરવગાથા અને એ જ વહાણવટાની ગળગળા બનાવી મૂકે એવી આજની કરુણ અવદશા, કકળતે હૃદયે રૂવાંઊભાં કરે એવી બાનીમાં લખાઈ છે.

મુંબાઈના પડાવ બંદરમાં કે કરાચીની નેટિવ જેટ્ટી પાસેના ઘાસ બંદરમાં પડેલાં આપણા લૂટચાતૂટચા સરખા વહાણવટાનાં આ ખંડિયેરોમા કોઇ પુરાતત્ત્વવિદ હજુ કેમ નહિ પહોંચ્યો હોય? સાત સાત દિલ્હીનાં ખંડિયેરોની કથાને ભુલાવી દે એટલી કરુણતા આ કંઠારે ભંડકભંડકમાં ઊભરાય છે, ને આ એક એક ખુવો, અશોકના થંભ કરતાં વધારે જૂનો ઇતિહાસ કહી શકે એમ છે.

આ આજનાં કન્ટ્રી ક્રાફ્ટ(ગામઠી વહાણો) એ પ્રાચીન વહાણવટાના કલશ નથી, પણ એનાં પાયાઉખેડ ખંડિયેર છે. એ ખંડિયેરને મરણતોલ ઘા કરનાર આપણું અજ્ઞાન જ છે. આજની સંસ્કૃતિએ કંઠારે વસતી આ પ્રજાઓમાંથી પણ દરિયાઈ ખમીર ઓસાવી દીધું છે. પશ્ચિમ કંઠારે બી. બી. ઍન્ડ સી. આઇ.ની રેલવે છે; પૂરવ કંઠારે બંગાલ-નાગપુર અને એમ. એસ. એમ. છે. અને બે હજાર કોસની ધીખતી કંઠાર ઉપરનાં બંદરોની કરપીણ કતલના પાયા ઉપર આ રેલવેઓ આજે દોડે છે. એ બંદરોનો નાશ થતાં એ બંદરોને ધીખતાં રાખનાર વહાણવટાનો નાશ થયો, અને એ વહાણવટા ભેળું જ આપણા સાયરબચ્ચાઓનું નખ્ખોદ નીકળી ગયું.

પણ જ્યાં રડયાંખડયાં ગામઠી વહાણો ચાલે છે ત્યાં હજુ સાગરવંશ દેખાય છે. એ નાખવાઓની મેલીઘેલી ચીંથરેહાલ બંડી નીચે સાગરના અમોલ ખમીરે ઊકળતાં હૈયાં ધડકે છે એમાં શક નથી. આવાં તૂટયાંફૂટયાં વહાણોમાં, જરૂર પડ્યે ગમે તેવા દરિયાને પણ બરદાસ્ત કરી શકે એટલી તાકાદ આજે પણ મોજૂદ છે. એમને મધદરિયે મળતી અનેક જંગી સ્ટીમરોનાં તૂતક ઉપરથી એમના ઉપર કીમતી દૂરબીનો મંડાય છે. એ દૂરબીન માંડનાર પરદેશી કપ્તાનો આ નાચીઝ જેવા લાગતા ધંધાસાથીઓ પર આફરીન હોય છે. આ બહાદર નાખવાઓ માટેની પ્રશસ્તિ આ તમારા 'સુકાની'એ અનેક તૂતક ઉપરથી, અનેક પરદેશી કૅપ્ટનોને મોંએ અનેકવાર સાંભળી છે.

તક મળતાં આ નાખવાઓનું ખમીર દેખાઈ આવે છે. નાનાં વહાણ હોય કે મોટાં, સાજાં વહાણ હોય કે બિસ્માર, સ્ટીમર હોય કે પવનના ઘોડા, એનો એમને કશો હિસાબ જ નથી. દરિયાનો સામનો કરવાની તાકાત એ તો નાખવાના જિગરમાં હોય છે, વહાણોમાં નહિ! જે બે-પાંચ કૂડી નાખવાઓ આજે પણ પશ્ચિમ પંથારમાં મિસ્કીન પડયા છે તેમાં એ જિગર હજુ યે સાબદું પડયું છે! એ તણખામાં ફૂંક ભેળી પ્રચંડ જ્યોતિ ભડકી ઊઠે એમ છે. પણ એ ફૂંક કયાં?

આ હજુ તાજી જ વાત છે. કચ્છની ભૂખી કાંઠીના કોઇ લખાધિપતિ શેઠિયાઓને વહાણે ભવાન નાખવો ચડતો. શેઠિયાઓનાં વહાણ જંગબાર મુમ્બાસા સુધી ખેડ કરતાં. ભવાનની ઉમર કાચી હતી, પણ એ દરિયાલાલને પારણે જન્મ્યો'તો. દેશદેશાવરનો એ જોગી હતો.

ઈસ્વી ૧૯૧૫ની સાલ હતી. યુરોપનો મહાભારત જંગ જોરાતો થતો જતો હતો. એ વખતે ભવાનનો કોટિયો સીસલ (Seychelles)માં સલવાઇ રહ્યો હતો. લડાઇના હંગામે દરિયા જોખમી બની ગયા હતા. સીસલમાં જે થોડા ગોરા દરિયાઈ અફસરો હતા તે બધા એક યા બીજે કામે ચડવા માંડ્યા હતા. સીસલનાં સરકારી જહાજોના કામોઢા ગોરાઓ ફોજી આરમારીમાં જોડાતાં, એ ટાપુઓના વહીવટમાં ખલેલ પડવા માંડી હતી. ખાસ તો ફોજી અસબાબ પૂરવ આફ્રિકામાં પહોંચાડવાનો હતો, દખણ આફ્રિકામાં પહોંચાડવાનો હતો, ને ત્યાંથી કિલ્લેબંધી માટે, તરી બંદોબસ્ત માટે, ગીસતના મેલાણ સરંજામ માટે, હજારો જણસ સીસલ લાવવાની હતી. અને એ મહાસાગરના ઘોસ માટેનું જે ખાસ જહાજ તે અફસર વિનાનું બની ગયું હતું.

સીસલની સરકાર મૂઝાઈ ને લાચાર બની ત્યારે બારામાં પડેલાં સઢનાં જહાજોને રોકવા માંડયાં. એમાં આરબ હતા, સોમાલી હતા, જમનિયા હતા, ઈરાની હતા ને આપણી પશ્ચિમ ધરાનો નાખવો ભવાન પણ હતો. ભવાનને હજુ મૂછો ફૂટવા માંડી હતી. સરકારી અફસરે બધાં વહાણો બાંધી લીધાં. એક સવારે ભવાનનું વહાણ બાંધવા ઍડમિરૅલ્ટીનો અફસર ભવાનને કોટિયે ચડયો. એનાં કોલ, ચીઠી, ઘોસ વગેરે જોયાં. એનાં જન્તરવ્યન્ત્ર જોયાં. સાથેસાથે મોટી અજાયબી વચ્ચે એ નાખવા પાસે એણે નોરીના કોઠા જોયા, બ્રાઉનની આલ્મનાક જોઈ, આઝીમુથનાં કોષ્ટક જોયાં, ઍડમિરૅલ્ટીના ચાર્ટ જોયા ને એ અફસર વિચારમાં પડયો!

ચોથે દહાડે તો ભવાન નાખવો સરકારી સ્ટીમરના તૂતકે સોળે કળાએ કપ્તાન નિમાયો! 'લડાઈ ચાલે ત્યાં સુધી' એને બોર્ડ ઑવ ટ્રેડની માસ્ટર્સ ટિકેટ—કપતાનની 'નલી' મળી. કૅપ્ટન ભવાન પૂર્વ આફ્રિકા ગયો, દક્ષિણ આફ્રિકા ગયો, સિંગાપોર ગયો, રંગૂન ગયો; પણ લડાઈ પૂરી થતાં ફરી પાછો ભવાન નાખવો બની ગયો! ગોરાની ગરજ સરી રહી પછી કાળો તે તો કાળો જ!

લડાઇ પછીનાં બે એક વર્ષ ભવાને કોટિયો



આજે પણ જ્યાં ગામડી વહાણો ચાલે છે ત્યાંના આવા નાખવાઓમાં હજી પણ સાગરવંશ દેખાય છે. એમની મેલીઘેલી ચીંથરેહાલ બંડી નીચે સાગરના અમોલ ખમીરે ઊછળતાં હૈયાં ધડકે છે.

ખેડયો. ડર્બનમાં રંગૂનના ચોખા એકળે ખેપ ઉતાર્યા. પછી તો એ કોટિયો બેકાર પડયો. ભવાન પણ ઘેર બેઠો. આ અરસામાં ભવાનને ફરી સ્ટીમરનું તૂતક સાંભર્યું. એ તમારા આ 'સુકાની'ને શોધતો આવ્યો. 'સુકાની'એ એને છ મહિના ઘેર રાખ્યો. ભવાન અંગ્રેજી શીખ્યો; વાયરલેસ ઑપરેટરની પરીક્ષા પસાર કરી; ચોથા અફસરની નોકરી પણ ગોઠવાઈ; પણ કોઇ અનિવાર્ય સંજોગે એણે એ ન સ્વીકારી. ફરી એણે કોટિયાનું સુખાણ ધર્યું.

ઇસ્વી ૧૯૨૫માં, થોડાક દહાડાની ગેરહાજરી પછી 'સુકાની' એક વાર ઘેર આવ્યો. ઘરમાં જંગબારની નામચીન સાદડીઓ પડી હતી. મૉમ્બાસાથી આડમાર્ગે પાછાં ફરતા ભવાન નાખવો જાતે આવી આ અમોલી ભેટ મૂકી ગયો હતો. એ ભેટ માટે ઉપકાર દર્શાવવા 'સુકાની'એ ભવાન ઉપર કાગળ લખ્યો. જવાબમાં મોડા ખબર આવ્યા. મૉમ્બાસાથી પાછા ફરતાં, ઘરના જ પાણીમાં, ઉંબરની સીમમાં, કોઈ હડકયા ધડા ઉપર, ('કુમાર'-ના ૧૦૦મા અંકમાં આવેલી 'સુકાની'ની વાર્તા 'હડકી વારી આઇ'માં વર્ણવેલી જગ્યાવાળો એ પટ) ભવાન, કોટિયા સોત, લાસ ગયો હતો!! ભાંગેલા કોટિયા ઉપરથી દરેકે દરેક ખારવાને જીવતો ઉતારી ભવાન નાખવો છેવટ સુધી ફરજ અદા કરતો ઊભો—ને સાગરના ખાંડા જેવા પોતાના પાલનમાં એણે સમદર-સમાધ લીધી. 'રાતે બાર બજ્યા હસે. પીરોટણ મૂકીને થોડોક આગર થયો ત્યાં ધરિયાલાલે પીંઢમાં સમાવી લીધો'—એના ડોસાએ 'સુકાની'ને રૂબરૂમાં કહ્યું. જગ આખાની, પ્રાચીન કે અર્વાચીન કોઈ પણ સાગરશૂરી મગરૂર મહાપ્રજામાં ભવાન પુણ્યશ્લોક બની રહેતે!

અને આ રડયાંખડયાં 'ગામડી' વહાણોમાં, આ ખજૂર ને સાગવાન, સિમેન્ટ ને ગુણપાટ ભરતા 'કન્ટ્રી ક્રાફ્ટ'માં હજુ યે અનેક ભવાનો જીવે છે. ...છતાં આ પ્રશસ્તિ હાલ તો નિવાપાંજલિ જેવી જ છે.

હિન્દુસ્તાનનો પ્રામાણિક ને પ્રમાણભૂત ઇતિહાસ હજુ લખાયો નથી; એટલે બીજા સ્વતંત્ર દેશોના ઇતિહાસમાં હિંદી વહાણો વિષે જે ભાંગીતૂટી હકીકત હજુ સુધી મળી છે તે પર જ આધાર રાખીએ તો પણ એટલું તો પુરવાર કરી શકાય છે કે હિંદમાં એક કાળે જબરદસ્ત વહાણો બંધાતાં અને એ વહાણો દુનિયા સારીમાં ઘૂમી વળતાં. હિંદની વસ્તુઓ દુનિયાભરનાં બજારમાં એ વહાણો દ્વારા પહોંચતી હતી અને આખી દુનિયાની વસ્તુજાત આ દેશમાં નજરે પડતી.

આ કથન માટે ભુજ્યુની વેદકથા કે બવેરૂજાતક ઉપર જ આધાર રાખવો પડે એમ નથી. હિંદી સંસ્કૃતિ પશ્ચિમમાં મિસર અને પૂર્વમાં મેક્સિકો–ચીલી સુધી પથરાઈ હતી. એ દેશોનાં ધર્મ, રીતભાત, સાહિત્ય, દંતકથા, રાજ્યવહીવટ, શાસ્ત્રીય ગંતવ્યો સુદ્ધાં પ્રાચીન આર્ય સંસ્કૃતિના પડછાયા જેવાં જ હતાં એ પ્રામાણિક તવારીખનવેશ કબૂલ કરે છે. દખણ પાસિફિકના ટાપુઓમાંના દ્રવિડ ભાષા, દ્રવિડ સંપ્રદાય, દ્રવિડ રીતરિવાજો એ બધાં આજે પણ હિંદની પૂર્વ કંઠાર સાથે સામ્ય દેખાડી રહ્યાં છે. મૅલેનેશિયા, મૅક્રોનેશિયા, પોલિનેશિયા વગેરે દેશભાગમાં અથર્વવેદની ક્રિયાપ્રક્રિયાઓની પ્રતિચ્છાયા આજે પણ દેખાય છે. ફિલિપ્પાઈન્સની વૃક્ષવાસી (aboriginal) પ્રજાઓના રીતરિવાજ આજે પણ કિષ્કિંધાના પૂર્વજોની પ્રણાલી દેખાડે છે, એમની ભાષા પણ કુરંગી ભાષા (તામિલમાં કુરંગી એટલે વાનર) મૂલ રૂપે સૂચવે છે.

ઇશુ પૂર્વે ને તે પછીના તાજા સૈકાઓમાં હિંદી વહાણખેડુઓ ટયૂટન ને ગૉથ (આજના જર્મની)ની કંઠારે દેખાયાં હતાં. કેટલીક હકીકતો એવી પણ મળે છે જે ઉપરથી લાગે છે કે ક્ષીરસાગર (white sea, arctic ocean)-માં હિંદી વહાણો દેખાતાં હતાં.

ઈશુ પછીની પહેલી દસ સદીમાં તો ભારતવર્ષમાં સાહસ ચડતું જ રહ્યું હતું. તે કાળે વહાણવટું પણ જબ્બર હતું. ત્યાર પછી શરૂ થએલી અધોગતિને મધ્યાહ્ને એટલે ઈશુની ૧૬મી ૧૭મી સદીઓમાં પણ હિંદી વહાણો કેટલાં બખ્તાવર હશે તેનો ખયાલ આવવો મુશ્કેલ છે છતાં નીચે આપેલી ટૂંકી હકીકતો વિચારવા જેવી છે.

ઇસ્વી ૧૬૧૧માં એક અંગ્રેજ કપ્તાને એક હિંદી વહાણ માપ્યું. એની લંબાઇ ૧૫૩ ફીટ હતી, પહોળાઈ ૪૨ ફીટ હતી, ઊંડાઇ ૩૧ ફીટ હતી. 'આઇને અકબરી' કહે છે કે એ વખતે લારીકંઠાર(નગરઠઠ્ઠાથી બેટ શંખોદ્ધાર સુધી)-માં ૪૦,૦૦૦ (ચાળીસ હજાર) નાનામોટાં જહાજો તૈયાર મળતાં. ગુજરાતના સુલતાનો સાગરના ઉમરાવ 'અમીર-અલ-બહર' કહેવાતા. એ કાળે કોઈ કોઈ શાહ સોદાગર પાસે ૪૦ જેટલાં વહાણો હતાં, જે દરેક વહાણની કિંમત ૧૫,૦૦૦ સુવર્ણમુદ્રા જેટલી અંકાતી. એક જ વેપારી પાસે છ લાખ સુવર્ણમુદ્રાની કિંમતની સોદાગરી આરમારી હોય એ આજે રૉકફેલર કરતાં પણ મોટો ગણી શકાય કેમ કે તે કાળની ૧૫,૦૦૦ સુવર્ણમુદ્રા તે આજે દસ લાખ પાઉંડ જેટલી લેખાય એમ નાણાંશાસ્ત્રીઓ કબૂલ કરશે; તો એક જ વેપારી, જો ફક્ત પોતાનો માલ આયાત-નિકાસ કરવા માટે સાઠ કરોડ રૂપિયાનાં તો વહાણો રાખે તો એની માલદારી કેટલા કરોડની? નિકોલો કૉન્ટી નામનો મુસાફર કહે છે કે આવા 'છપ્પન ઉપર ભેરી' બજાવનારા તો કેટલા યે વેપારી તે કાળે હિંદમાં હતા! અને તે વળી બંદરે બંદરે હતા! અને ૨,૦૦૦ કોશની આ કંઠારે એવાં અગણિત બંદરો હતાં! એક આરબ મુસાફર અબ્દુલ રઝાક પંદરમી સદીમાં હિંદ આવ્યો ને જોયું કે 'વિજયનગરના રાજાને

તામિ જ ૩૦૦ બંદરો ધીખતાં હતાં, જેમાંના દરેકનો મુકાબલો (તે કાળે માતબર કહેવાતા) કલિકટ સાથે થઇ શકે!'

પણ એ સોનાની દ્વારકા ક્યાં ગઇ? આજનાં કોટિયા, બૂમ, ધૂડ, દંગી જુઓ—અને આ પ્રશ્નના ઉત્તર રૂપે પથરાઈ રહેતી ક્રૂર નિરાશા સમજી શકાશે!

લારને મોજે મોજે સૈકાઓ થયાં વીરના પાળિયા ભેખડાય છે. એ ભૂખી કંઠારે દરો દિશાથી વીંઝાતા વાવડા ભેળા દારુણ મરસિયા ધ્રૂસકે છે. જેના કાનોમાં પરદેશી તવારીખનું સીસું નથી ઢોળાયું તેનાં હૈયાં હજુ પણ એ સાંભળીને કંપી ઊઠે છે. એ કરોડો થાપતા-ઉથાપતા જગડૂ ને વર્ધમાન ગયા; છત્રપતિ મહારાજાઓને મચક ન આપનાર સંદીક વહાણવટીઓ ગયા; પચાસ વાંસનાભારા વચ્ચે બાંધેલાં જાડાં ઍરિયાં સાંબેલાંને ખાંડાના એક જ ઝાટકે કાપી નાખનાર સિંધુરાજ શંખ પણ ગયા; બબ્બે હજાર નાખવાઓની તરીગીસત લઈ શત્રુઓને રજાડનાર રાજા નાયક (જેના સગા મકના નાયક ઉર્ફે 'ધુડાકિયા બાણ'ને હવે 'કુમાર'ના વાચકો ઓળખતા થયા છે.) ગયા; વાસ્કો દ ગામાને દોઆબની ભૂશિરથી આમોરિનના બંદર સુધી પહોંચાડી જનાર કાનજી માલમ ગયા, અને એવા તો અસંખ્ય મહાવીરોનાં નામોનિશાન પણ ગયાં!

—અને એના વંશજો આજે પડાવબંદર ને ધાસબંદર ઉપર ચીંથરેહાલ ભટકી રહ્યા છે.

પશ્ચિમ કંઠાર ઉપર ફરતાં વહાણોનાં નામ મોટે ભાગે અરબી ભાષામાંથી ઊતરેલાં દેખાય છે. છેલ્લા કેટલાક સૈકાઓ થયાં અરબી પાણીમાં જ આ વહાણોના ધ્રાસ હોવાથી, તેમજ અરબી ધંધાસાથીઓના સંગથી, અને તેરમી સદી પછી અરબી ને ફારસી રાજભાષા જેવી થઈ હોવાથી ખાસ કરી સિંધ, કચ્છ, ગુજરાત અને કેટલેક ભાગે મલબારના વહાણવટામાં અરબી ભાષા જ દેખાય છે.

સાથેસાથે એ પણ કહેવું જોઇએ કે આરબોને પણ પહેલા વહાણવટું શીખવનાર આર્યાવર્ત જ હોવાથી એ અરબી મનાતા શબ્દોનાં મૂળ પણ સંસ્કૃત સુધી પહોંચે છે. આ કૈં શબ્દશાસ્ત્ર વિષેનો નિબંધ નથી, એટલે અહીં આ મુદ્દા ઉપર વિસ્તાર કરવો ઇષ્ટ નથી. એક-બે ઉદાહરણ જ બસ થશે:


પોત (સંસ્કૃત); વર્ણસાવર્ણ્યથી બોત; ઉચ્ચારવૈષમ્યથી બોટ; લાઘવદર્શનાર્થે બોટિલા, (પોર્ચુગીઝ); તેનું અપભ્રંશ, બતેલો (અરબી); તેના ઉપરથી બતેલો (કચ્છી).

સંસ્કૃત, સમુચી અર્થ-પહોળા તલવાળું જહાજ); ચીનાઓના સંગથી ('સમ્પોસ્સાવર્ણ્યમ=સંપાન=ચંપાન) થયુચી; પાશ્ચાત્ય અપભ્રંશ ધમ્રૂસી; આજે પહોળા તલવાળાં વહાણને અરબસ્તાન ને સોમાલી કાંઠો સંભૂક કહે છે ને પાછલા પહોળા તલને ધમ્રૂસો કહે છે; જેનું બીજું નામ વાંઢાર, એ ભાઉડાગારનું અપભ્રષ્ટ રૂપ છે.

નામદાર જૉન કંપની બહાદુરે જ્યારે હિંદમાં પગ મૂક્યો ત્યારે પણ હિંદની નિદાન પશ્ચિમ કંઠારે તો જબરું વહાણવટું મહાલી રહ્યું હતું. કંપની સરકારના વહાણોને દેશીઓ મારતા, લૂંટી લેતા, શિકસ્ત આપતા, કોઈ વાર કુમક પણ દેતા, વગેરે બાખૂબ વાતો વિલાયતમાં તે કાળે રોશન થતી હતી. એનો ઇતિહાસ લખાયો છે પણ ભાંગ્યોતૂટ્યો જ; કેમકે ઇંડિયા ઑફિસે, ઈ.સ. ૧૮૬૪ આશરે આ આરમારીના ઇતિહાસનાં સાધનોનો નાશ કર્યો છે. એ કૃત્યને જંગલી કહેનાર એક અંગ્રેજ આરમારી-અફસરે એ ભાંગ્યોતૂટ્યો ઇતિહાસ બેભાગમાં લખ્યો પણ છે. પહેલા ભાગની પ્રસ્તાવનામાં ઇંડિયા ઑફિસના એ 'ઇતિહાસમેધ'ની યજ્ઞકથા એણે અફસોસ સાથે લખી છે.

છતાં એ વખતના હિંદી વહાણવટાના અનેક દુશ્મનો હતા. ફ્રાન્સ, હૉલૅન્ડ, પૉર્ટુગલ વગેરે દેશોનાં દફતરે હજુ એ ઇતિહાસ મોજૂદ છે. એથી પણ ઘણો જૂનો ઇતિહાસ ચીનના દફતરે મોજૂદ છે, ને એનાથી પણ પ્રાચીન ઇતિહાસ લંકાથી મેક્સિકોની અસંખ્ય જાતિઓની દંતકથામાં, સ્થાપત્યમાં, ભાષામાં, ક્રિયાકાંડમાં મોજૂદ છે.

વિધિનું ચક્ર હમેશાં ફરતું જ રહે છે. રામની અયોધ્યા આઉધ બની, કૃષ્ણની દ્વારિકા આડત્રા બની. કોઈ પણ દેશનો ઇતિહાસ એ ભૂતકાળની છબી નથી, પણ વર્તમાન આત્માની છબી છે. એ આઉધની અયોધ્યા બનાવવી ને આડત્રાની સુવર્ણપુરી દ્વારિકા બનાવવી એ હિંદના હાથની જ વાત છે. 'સરસામસ્મિ સાગરઃ' સુવર્ણની દ્વારિકાના દિવ્ય વિધાતાનો એ ગૂઢ સંદેશ ભારતવર્ષ ભૂલી જાય તો એની આજની અવદશા માટે એ બીજાને કેમ દોષી શકે? **'સુકાની'**



હોકાયંત્રની દિશાઓ માટે આપણા વહાણવટામાં આજે વપરાતાં નામો આ ચિત્રમાં આપ્યાં છે. એમાંનાં કેટલાંક કચ્છી છે, કેટલાંક અરબી છે. કરુણતા તો એ છે કે એક વાર દક્ષિણ સમુદ્રમાં ઘૂમતા આપણા જે બખ્તાવર વહાણવટીઓ 'દક્ષિણ' માટે 'સધર્ન ક્રૉસ' ઉપરથી 'ચોકી' શબ્દ વાપરતા તેમનાં સંતાનોની સીમ આજે બખાઈ, મલબારી ને મકરાણ વચ્ચે સંકડાઇ ગઈ છે!

શબ્દકથા : 'દશેરા'

રામે રાવણને રોળ્યો એ દિવસ, અથવા તો એ અયોધ્યામાં પાછા આવ્યા એ દિવસ તે 'વિજયાદશમી'. કોઈ કહેશે, ના ભાઈ, ના. વિજયાદશમી એટલે તો તે દિવસ, જ્યારે ગુપ્તવાસ પૂરો કરી પાંડવોએ વિજય મેળવવા ફરી શસ્ત્રો ધારણ કર્યાં. આમાંથી ગમે તે વાત સ્વીકારીએ તો યે 'વિજયાદશમી'નામ યથાર્થ ગણાય. પણ 'વિજયાદશમી'નું લોકપ્રચલિત નામ તો 'દશેરા' છે. તો આ 'દશેરા' નામનું મૂળ શું?

'દશેરા' માટે હિન્દીમાં 'દશહરા' છે. અને જેઠ સુદિ દશમ એ 'ગંગાદશહરા' તરીકે જાણીતી છે. તે દિવસે ગંગાનું સ્વર્ગથી અવતરણ થયું, તેથી ગંગાની પ્રતિમાનું પૂજન કરીને અને ગંગાનદીમાં સોનાચાંદીનાં બનાવેલાં જળજંતુ નાખીને લોકો એ ઊજવે છે. ગંગાસ્નાનનો પણ તે દિવસે એવો મહિમા છે કે તેથી દસ પ્રકારનાં પાપ દૂર થાય છે: બ્રહ્મહત્યા વગેરે પાંચ મહાપાતક અને નાસ્તિકતા વગેરે પાંચ ઉપપાતક. આમ દસ પાપને જે તિથિ હરે તે 'દશ-હરા'. પછીથી આસો સુદિ દશમ પણ 'દશ-હરા' કહેવાઈ આપણે ત્યાં તો એ જ 'દશ-હરા'—'દશેરા' છે.

'શહર'નું 'શહેર', 'નહર'નું 'નહેર', 'જહર'નું 'ઝેર' તેમ 'દશહરા'નું 'દશેરા'.

—હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

વોરા ઍન્ડ કં. પ્રા. લિ.નાં પ્રકાશનો

અભિરુચિ

સાહિત્ય-અભિજ્ઞાનનું રસાળું કૌતુક ઘણાને થતું હશે: 'મહાભારત'માંની માનવતા વિષે કે કાલિદાસની, રવીન્દ્રનાથની યા રૉબર્ટ ફ્રૉસ્ટની કવિતાનું ઓળખાણ કરવાનું મન થતું હશે; સમર્થ તત્ત્વચિંતક શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાનું ગુજરાતી સાહિત્યમાં જે સીમાંકિત સ્થાન છે તેનો પરિચય કરવાની યે જિજ્ઞાસા થતી હશે. આ પુસ્તકમાંથી માત્ર આટલું ઓળખવાનું જ નહિ, આસ્વાદવાનું યે મળી રહેશે. આ સંગ્રહનું નામાભિધાન (અભિરુચિ) સાર્થ કરે તેવાં, આપણા અગ્રણી ગુજરાતી કવિ-લેખક-સમીક્ષક શ્રી ઉમાશંકર જોષીનાં નાનાવિધ સાહિત્યિક લખાણોનો આ સંગ્રહ આસ્વાદ્ય અને એટલો જ અભ્યસનીય છે. શૈલીની તાજગી, શબ્દ-અર્થની માર્મિક અને સમુચિત માંડણી તથા રસલક્ષી અને દૃષ્ટિપૂર્વકની રજૂઆત, તેમજ વિષયનું મૂલગામી અને બહુવંગી અન્વેષણ તથા નિરૂપણ, એ શ્રી ઉમાશંકરની લેખનકલાની સમૃદ્ધિના અંશો છે. કિંમત: રૂ. ૩–૭૫

શેક્સપીઅરની નાટ્યકથાઓ

શેક્સપીઅરનાં જગપ્રસિદ્ધ નાટકોની વાર્તારૂપે રજૂઆત કરતી ચાર્લ્સ અને મેરી લૅમ્બની 'લૅમ્બ્ઝ ટેઈલ્સ ફ્રૉમ શેક્સપીઅર' અંગ્રેજી સાહિત્યમાં ખ્યાતનામ ગણાએલી અને પેઢી દર પેઢી વંચાતી આવેલી સ્મરણીય કૃતિ છે. અરધી સદી પર થએલો તેનો ગુજરાતી અનુવાદ ગઈ પેઢીના સાહિત્યરસિકો ભૂલ્યા નહિ હોય. એ જ ઢબ ઉપર થએલો આ પ્રયત્ન પ્રશસ્ય છે. અંગ્રેજી નહિ જાણનારા વાચકવર્ગને વિશ્વના એક શિરમોર સાહિત્યકારની મૂળ કૃતિઓની રસાવહતાની ઝાંખી રૂપે યે પ્રતીતિ આવાં પ્રકાશનો દ્વારા જ થઈ શકે. (આ જ ઢબે આ પ્રકાશન સંસ્થાએ અગાઉ સંસ્કૃતની પ્રખ્યાત સાહિત્યકૃતિઓનું સરળ ને સંક્ષિપ્ત દોહન આપ્યું હતું.) અંગ્રેજી સાહિત્યના અભ્યાસી જુદાજુદા લેખકો પાસે તૈયાર કરાવવામાં આવેલી આ પુસ્તિકાઓ ભાષા ને શૈલીએ સરળ અને હૃદ્ય છે. જો કે કથાઓના સાહિત્યિક અંશના પ્રકાશને યે આવાં પ્રકાશનોમાં અવકાશ છે, એવું સૂચન અસ્થાને ન ગણાય.

હૅમ્લેટ (અનુલેખક: પ્રફુલ્લ ઠાકોર), રૂ. ૧; **જુલિયસ સીઝર** (અનુલેખક: પ્રો. પ્રફુલ્લ ઠાકોર) રૂ. ૧–૦૦; **વેનિસનો વેપારી** (અનુ.: પ્રો. રમેશ જાની) રૂ. ૧–૨૫; **ઑથેલો** (અનુ.: શ્રી કરસનદાસ માણેક) રૂ. ૧–૨૫; **ઍઝ યુ લાઇક ઇટ** (અનુ: પ્રો. જનક દવે) રૂ. ૧–૨૫; **કિંગ લિયર** (અનુ.: શ્રી રાજેન્દ્ર રાવળ) રૂ. ૧–૨૫; **ટેમ્પેસ્ટ અને સિમ્બેલીન** (અનુ.: પ્રો. રમેશ જાની) રૂ. ૧–૫૦; **બારમી રાત** (અનુ.: કરસનદાસ માણેક) રૂ. ૧–૦૦; **મચ ઍડો અબાઉટ નથિંગ** (અનુ.: કરસનદાસ માણેક) રૂ. ૧–૦૦; **ટેમિંગ ઑવ ધ શ્રૂ** (અનુ.: શ્રી ચીમનભાઇ દવે) રૂ. ૧–૨૫.

શેરલૉક હોમ્સનાં પરાક્રમો

ફોજદારી વકાલતમાં કીર્તિ કમાએલા આપણા એક અગ્રણી રાજપુરુષ ડૉ. કૈલાસનાથ કટજુએ એક વાર બુદ્ધિના ઇજારદાર કહેવાતા વકીલો તેમજ બૅરિસ્ટરોને સુદ્ધાં શેરલૉક હૉમ્સની વાર્તાઓ વાંચવાનો અનુરોધ કર્યો હતો. સર આર્થર કૉનન ડૉઇલે લખેલી, આજના બુદ્ધિપ્રેમી યુગના પ્રતિનિધિરૂપ ડિટેક્ટિવ (સત્યાન્વેષી) કથાઓ આજે તો જગતને ખૂણેખૂણે લોકાદર પામેલી છે. (એના લેખક અને એ કથાઓના અમર ખ્યાતિ મેળવી ચૂકેલા એ નાયક વિષે 'કુમાર'ના ૩૮૪મા, ૩૯૬મા અને ૪૨૮મા અંકમાં પરિચય અપાયો છે.) અનુવાદક શ્રી જેઠાલાલ સોમૈયાએ પ્રસ્તાવનામાં યોગ્ય જ કહ્યું છે કે 'શેરલૉક હોમ્સનાં પરાક્રમો એ કેવળ સ્થૂળ વીરતાનાં સાહસો નથી; એનું સ્થાન એથી યે ઊંચું છે. બુદ્ધિચાતુર્ય અને મનોવિશ્લેષણ સાથે એને ઊંડો સંબંધ છે.' મૂળ અંગ્રેજીમાં ત્રણ મોટા સંગ્રહરૂપે પ્રસિદ્ધ થએલી વાર્તાઓ પૈકી 'ધ સ્પેકલ્ડ બૅન્ડ', 'ધ બૉસ્કોમ્બ વેલી મિસ્ટરી', 'ધ સ્કૅન્ડલ ઈન બોહીમિયા,' 'ધ મિસ્ટરી ઑવ રેડ હેડેડ લીગ', 'ધ કેઈસ ઑવ આઈડેન્ટિટી', 'ધી એન્જિનીઅર્સ થમ્બ,' 'ધ ફ઼ાઇવ ઑરેન્જ પિપ્સ', 'ધ મૅન વિથ ધ ટ્વિસ્ટેડ લિપ', 'ધ બ્લ્યૂ કાર્બન્કલ', 'ધ કૉપર બીચીઝ', 'ધ નોબલ બૅચેલર', અને 'ધ બેરિલ કૉરોનેટ' એટલી કથાઓના અનુવાદ બબ્બેના સમૂહમાં આ પુસ્તકોમાં આપેલા છે. કિંમત દરેકની રૂ. ૧–૨૫.

સોનચંપો સિદ્ધ હથોટી ધરાવતા આપણા કવિઓ પૈકી એક શ્રી બાલમુકુંદ દવેને તો 'કુમાર'ના વાચકો અને ગુજરાતી કવિતાના અભ્યાસીઓ લાંબા કાળથી ઓળખે છે. પ્રસ્તુત એ સરકારનું બાલસાહિત્ય માટેનું પારિતોષિક પામેલો એમનો સંગ્રહ છે. બાલકાવ્યની સફળતા વિષે આરંભમાં જ કવિએ ઇશારો કર્યો છે: 'જોડાક્ષર વિનાના સાદા શબ્દોવાળી સુમેળ પદાવલિથી જ કેવળ બાલકાવ્ય સિદ્ધ થતું નથી. એને માટે તો આપણા પોતાના વિગત શૈશવનું પુન: આવાહન કરવું પડે અને બાળકના પિંડમાં પ્રવેશવું પડે.' કવિતાની સ્થિર સૂઝ ને દૃષ્ટિ ધરાવતા શ્રી બાલમુકુંદનાં આ બાલકાવ્યો તે કસોટીમાંથી પસાર થએલાં છે. કિંમત રૂ. ૦ ૭૫

જીવનસ્મૃતિ: કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે આલેખેલા પોતાના જીવનના આરંભકાળનાં આ સંસ્મરણો કેવળ બંગાળમાં જ નહિ પણ ગુણવિશિષ્ટ ભારતીય સાહિત્ય તરીકે વિશ્વખ્યાત છે. રવીન્દ્રનાથ એને વિષે લખે છે: 'દર્શક ભાવે પોતાને નિહાળવાની હમણાં મને જાણે તક મળી છે. એમાંથી એ દેખાયું છે કે કાવ્યરચના અને જીવનરચના એક જ બૃહત્-

રચનાનાં અંગો છે. કવિનું જીવન જેમ કાવ્યને પ્રકટ કરે છે તેમ કાવ્ય પણ કવિના જીવનને રચતું ચાલે છે. આ જીવનચરિત્ર નથી–આ તો કેવળ ભૂતકાળની સ્મૃતિ છે–સ્મૃતિનું ચિત્ર માત્ર છે. જીવનની તમામ સ્મૃતિઓને ભેગી કરીને રજૂ કરવાથી તેની કંઈ શોભા રહેતી નથી. તેથી મેં એક સૂત્ર પકડીને સ્મૃતિઓને ગોઠવી છે.' એ પુસ્તકનો શ્રી રમણલાલ સોની-એ કરેલો આ સંક્ષિપ્ત અનુવાદ છે. કિં. ૧–૫૦.

ટાગોરની દૃષ્ટાંતકથાઓ: શ્રી રમણલાલ સોનીએ ગુજરાતીમાં આલેખેલી ગુરુદેવની કેટલીક સુંદર રૂપકકથાઓ, ૧–૭૫.

રાઈટ બંધુઓ: એરોપ્લેનની પ્રથમ શોધ કરનારા અમેરિકન બંધુઓ વિલ્બર અને ઑર્વિલ રાઇટના, અમેરિકન લેખક ક્વેન્ટીન રેયૉનાલ્ડ્ઝે પ્રસંગાત્મક વાર્તારૂપે લખેલા, કિશોરોને માટે રોચક ચરિત્રનો, શ્રી રાજેન્દ્ર રાવળે કરેલો અનુવાદ, રૂ. ૧–૫૦.

પથેર પાંચાલી: શ્રી વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાયે બંગાળી ભાષામાં લખેલી, મધ્યમ વર્ગના સામાન્ય કુટુંબનું વાસ્તવદર્શી ચિત્ર રજૂ કરતી એ મહાન નવલકથાના, શ્રી રમણલાલ સોનીએ કરેલા આ સંક્ષિપ્ત અનુવાદની પ્રસ્તાવનામાં મૂળ કૃતિનો પરિચય કરાવતાં શ્રી નગીનદાસ પારેખે કહ્યું છે કે, ''પથેર પાંચાલી' એ એક જ કૃતિથી શ્રી વિભૂતિભૂષણ વિશ્વવિખ્યાત થઈ ગયા એમ કહી શકાય; કારણ, એ નવલકથા ઉપરથી ઉતારવામાં આવેલું ચિત્રપટ જગતનાં શ્રેષ્ઠ ચિત્રપટોમાં સ્થાન પામ્યું છે. એ નવલકથામાં બંગાળના ગામડાના એક અતિસામાન્ય કુટુંબની કથા અત્યંત સામાન્ય નાનાનાના પ્રસંગો દ્વારા કહેવાઈ છે, અને એમાં માનવસ્વભાવનું, ખાસ કરીને બાળસ્વભાવનું સુંદર નિરૂપણ જોવા મળે છે. આ કથાઓમાં વિભૂતિબાબુએ કરેલું બંગાળનાં વનવગડા અને વાડીનું, વનસ્પતિ અને પશુપંખીઓનું નિરૂપણ એવું મમતાભર્યું છે કે એ આ કથાની એક વિશેષતા બની રહે છે. સામાન્ય ગણાતી સમગ્રીમાં પ્રતિભા કેવી અસામાન્ય કૃતિ સર્જી શકે છે તેનું આ નવલકથા સારું ઉદાહરણ છે.' કિંમત રૂા. ૧–૭૫.

હૃદયવિભૂતિ: આપણા સિદ્ધ વાર્તાકાર સ્વ. રમણલાલ દેસાઈની એ પ્રિય (અને ગુજરાતમાં પણ અતિ લોકપ્રિય થએલી) ગુનેગાર કોમોની વાત કહેતી નવલકથાનો સંક્ષેપ, ૨–૦૦; **ગ્રામસેવકનું ગૌરવ અને બીજી વાતો**: એ જ લેખકની, ગ્રામજીવનને લગતી બાર વાર્તાઓ, ૧–૫૦; **ગ્રામમાતા અને બીજી વાતો**: જાણીતા વાર્તાકાર શ્રી ઈશ્વર પેટલીકરે લખેલી, ગ્રામજીવનનું વિવિધ દર્શન કરાવતી અગિયાર વાર્તાઓ, ૧–૭૫; **તરણા ઓથે ડુંગર**: આધુનિક યુગના નવયુવકની વાત કહેતી, શ્રી ઈશ્વર પેટલીકરની એ લોકપ્રિય નવલકથાનો સંક્ષેપ, ૨–૦૦; **મંગલ મંદિર**: જીવનમાં માંગલ્યનું દર્શન કરાવતી શ્રી ઈશ્વર પેટલીકરની નવ વાર્તાઓ, ૧–૫૦; **કલ્પવૃક્ષ**: અસ્પૃશ્યતાનો પ્રશ્ન રજૂ કરતી એ જ લેખકની લાંબી સામાજિક નવલકથાનો સંક્ષેપ, ૨–૦૦; **ખેતરને ખોળે**: મુંબાઇ સરકારનું ૧૯૫૨-૫૪નું પારિતોષિક મેળવનારી અને ગ્રામજીવનનું વાસ્તવદર્શી ચિત્ર રજૂ કરતી શ્રી પીતાંબર પટેલે લખેલી નવલકથાનો સંક્ષેપ, ૧–૭૫; **દેવનો દીધેલ અને બીજી વાતો**: સમાજમાંના અન્યાય, અસૂયા તથા અજ્ઞાન વચ્ચે પણ માણસાઇનો દીવડો જલતો રાખી હસતે મોએ જીવન જીવવાનો ધ્વનિ ધરાવતી શ્રી પીતાંબર પટેલની અગિયાર ચુનંદી વાર્તાઓનો સંગ્રહ, ૨–૦૦.

વલ્લરી: શ્રી રમણ કોઠારીના સંગ્રહ 'વૃંદાવન'નો અનુગામી, છંદોબદ્ધ કાવ્યો, ગીતો ને સુભાષિતો–મુક્તકોનો તેમનો બીજો સંગ્રહ, શ્રી રામપ્રસાદ બક્ષીની પ્રસ્તાવના સાથે, ૨–૦૦.

પ્રકાશક સંસ્થાનું સરનામું: વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઈ ૨

સાહિત્ય-સમસ્યા

ગાંધીજીના જીવનપ્રસંગો, તેમનું વ્યક્તિત્વ, સિદ્ધાંતો તથા તેમના જીવન સાથે સંકળાએલાં સ્થળો વિષે લખાએલાં કાવ્યોમાંથી ચૂંટેલી નીચેની પંક્તિઓ કોણે, કયા પ્રસંગને આવરીને લખી છે તે શોધવાનું છે:

(૧) આળોટે જ્યાં રુદન કરતા દાંડી પાષાણ-ખંડ
ત્યાં રોપાયો અમર સ્મૃતિ શો રાષ્ટ્રનો માનદંડ!

(૨) મોટા ઘરનો મોભ તૂટ્યો આ? કે વ્હાણનો કુવાથંભ?
ફાટ્યો પ્હાડનો પ્હાડ હિમાલય? કે આ ઘોર ભૂકંપ?

(૩) આશ્ચર્યચકિત જગત નીરખી રહ્યું
જગતના ઇતિહાસમાં અદ્વિતીય
દુભાયેલાં તે ચાર હજારની કૂચ.
મોખરે હતો તે સેનાધિપતિ.
સિંહને શસ્ત્ર ન હોય, ને ન હતાં તે નરકેસરીને.

(૪) શું ના અંત્યજ બન્યું બાલ પ્રભુના? શું એ ય ના માનવી?
શું ના એ ય સુપુત્ર ભારત તણા? શું હિન્દના એ નથી?
શું ના એક જ કોમના અવયવો? હિન્દુ ન એ આખરે?
આખું હિન્દ તથાપિ સ્પર્શ ન કરે—ગાંધી કહે શું કરે?

(૫) ગઈ જ શીખવી ભોળી જેને ગણી હતી, ધર્મ તે;
સ્મરણ બની એ સાધ્વી! આત્મન् प्रसीदत हृद्यते।

(૬) ક્ષિતિજ શૂન્ય સ્મશાન, ચિતા મહીં
તપનનું શબ, કાય જલી રહી;
અગનની ગગને પ્રસરી શિખા,
ક્ષણિક તેજ તણી શું મરીચિકા!

(૭) ઊભો, ભડભડી રહી, અનમ, ઉગ્ર, હિંસા વિષે
ઊંડી, પરમસાત્ત્વિકી સકલસ્પર્શિની દૃષ્ટિથી
દશે દિશ વિલોકતો, તિમિર દુર્ગને ભેદતો,
ક્ષણેક્ષણ નિહાળતો સતત જ્યોતિ ચૈતન્યનો
અસંખ્ય મનુબાલને અભય પ્રેરણા અર્પતો.

(૮) માતા! તારો બેટડો આવે,
આશાહીન એકલો આવે.
જ્વાલામુખી એને કાળજે રે, એની આંખમાં અમૃતધાર:
એવો કોઈ માનવી આવે,
ભેળાં કાળનોતરાં લાવે.

યોજક · મહેન્દ્ર પંડ્યા

ઉત્તરો: (૧) કૃષ્ણલાલ શ્રીધરાણી-૧૯૩૦નો દાંડીનો મીઠાનો સત્યાગ્રહ; (૨) 'સ્નેહરશ્મિ'-ગાંધીજીના અવસાન ઉપર; (૩) ન્હાનાલાલ: આફ્રિકામાં કરાએલા સત્યાગ્રહ વિષે; (૪) ચન્દ્રશંકર પંડ્યા: હરિજન-ચળવળ અંગે; (૫) ઉમાશંકર જોશી: કસ્તૂરબા ગાંધીના અવસાન અંગે; (૬) નિરંજન ભગત: ગાંધીજીના મૃત્યુએ; (૭) સુંદરજી બેટાઇ: 'વિશ્વયજ્ઞ'; (૮) ઝવેરચંદ મેઘાણી: ગોળમેજી પરિષદમાંથી આવ્યા ત્યારે.



સ્વ. કલાકાર મધુકર શેઠ

માત્ર સવા વરસ પર (૪૨૬મા અંકમાં) તો એમનો પરિચય આપ્યો છે,—અરે હજી થોડા માસ પર મુંબાઈમાં મળ્યા ત્યારે એમણે કરેલા કેટલાક નવા પ્રયોગો 'કુમાર' માટે ચૂંટ્યા છે, ત્યાં ચોથી ઑગસ્ટે પ્રદ્યુમ્ન તન્નાનો પત્ર મળ્યો કે મધુકર ચાલ્યા ગયા! સ્વ. ભૂલાભાઈ દેસાઈના નિવાસસ્થાન 'હસમન'માં તેમનાં પુત્રવધૂ શ્રીમતી મધુરી દેસાઈ તરફથી ચાલતા ભૂલાભાઈ મેમોરિયલ ટ્રસ્ટના આશ્રયે અલ્પકિંચન કલાકારોને કામ કરવાની જે જોગવાઈ અપાઈ છે ત્યાં પોતાના સ્ટૂડિયોમાં એ (૧લી ઑગસ્ટે) ચિત્રકામ કરતાં કરતાં જ અચાનક હૃદયરોગના હુમલાથી બેભાન થઈ ઢળી પડ્યા. અરધાક કલાકે શુદ્ધિમાં આવતાં મહાપ્રયત્ને નીચે ઊતર્યા, દાક્તરને બોલાવ્યા, ને ઍમ્બ્યુલન્સમાં દવાખાને લઈ જતાં જ એમણે સદાની વિદાય લઈ લીધી!

સરળતા ને શાલીનતાની મૂર્તિ સમો એ ખરેખરો કલાકાર આત્મા હતો. નાનપણથી જ સૌંદર્યની સૂઝ એટલી તીવ્ર કે શાંતિનિકેતનમાંથી તાલીમ લઈને નીકળ્યા પછીનાં અઢારે વર્ષ એ અનુભૂતિને વ્યક્ત કરવા માટે અવનવીન અખતરાઓ અને શૈલી-પ્રયોગો કર્યા જ કર્યા.

એમનો પરિચય તો, એ પોતે જ સંભળાવતા હોય એ રીતે, સવા વરસ પર ભાઈ પ્રદ્યુમ્ન તન્નાએ 'કુમાર'માં કરાવ્યો છે. આ સાથે એમના બે જાણીતા કલાકાર મિત્રો (એક દક્ષિણ ભારતીય ને એક બંગાળી)એ આપેલી સ્મરણાંજલિઓથી એમાં પૂર્તિ થશે. વૃદ્ધ માતા, યુવાન પત્ની ને કિશોર બાળકોના છત્રહીન થએલા એમના કુટુંબની આ આપત્તિનો આઘાત એ મધુર મધુકરના સૌ મિત્રોને પણ પોતાની આપત્તિ જેટલો જ લાગ્યો છે. એમના આત્માને શાંતિ હો.

સ્વ. મધુકર શેઠ

લેખક : કે. જી. સુબ્રહ્મણ્યન્

મધુકર સાથે મારો પ્રથમ પરિચય પંદરેક વર્ષ પહેલાં થએલો. અમે બંને ત્યારે શાંતિનિકેતનમાં કલાભવનના વિદ્યાર્થી. સ્વભાવે એ ઘણા એકાંતિક, શરમાળ તથા ઓછાબોલા અને પોતાના કામમાં જ રત, પણ ભલા અને મીઠી મૈત્રીભર્યા.

શાંતિનિકેતનમાં ત્યારે કળાના અભ્યાસક્રમનું મુખ્ય વલણ વિદ્યાર્થીઓને પ્રકૃતિના સાન્નિધ્યમાં ધકેલવાનું, મનાતું કે એથી જ સાચી પ્રતિભા પાંગરી ઊઠે. અભ્યાસખંડના કીડા થઈ બેસવાની વૃત્તિ ત્યાં નાપસંદ રહેતી. એટલે સ્કેચબુક લઈને આસપાસના ગ્રામપ્રદેશોનું પ્રકૃતિ-સૌંદર્ય ઉતારવા નીકળી પડેલા વિદ્યાર્થીઓ ત્યાં ઠેરઠેર નજરે ચડતા. શરમાળ ને કાર્યમગ્ન મધુકર એ પૈકીના એક. એમની અભ્યાસકૃતિઓ કોઈ અનોખી ચેતનાથી ભરેલી અને લાગણીભીની રહેતી. શિક્ષકોને એમાં ભાવિની ઉજ્જ્વળ પ્રતિભાની ઝાંખી થતી. એ અભ્યાસકાળ દરમિયાન કરેલાં ઘોડા અને ભેંસોનાં એમનાં ચિત્રો અને સમુદ્રતરંગો પર ઠેકતા અશ્વોનાં માટી શિલ્પો મને હજી ય યાદ છે.

પણ અમારો એ પરિચય લાંબો ન રહ્યો, કેમકે મારા ત્યાં દાખલ થયા પછી ત્રણેક મહિને એમણે શાંતિનિકેતન છોડ્યું. પછી લગભગ દસેક વરસે ફરીને અમે મુંબાઈમાં ભેટી ગયા. એ જ સરળ, ઓછાબોલા મધુકર—શાંત, પણ કોઈ અજાણી ચેતનાથી પ્રદીપ્ત. આ ગાળામાં થોકબંધ ચિત્રસર્જનો એમની પાસે એકઠાં થએલાં. એમાંનો મોટો ભાગ તો અભ્યાસ-નોંધોનો ને તેની જ માંડણી પર કરેલાં ચિત્રોનો. પણ બધાં ચેતના અને લાગણીથી તરવરતાં. પ્રકૃતિ વિષે એ અત્યંત સંવેદનશીલ હોવાથી પોતાને એમાંથી થતી સૌંદર્યની ઝાંખી એ ચિત્રમાં પૂર્ણપણે ઉતારવા મથતા. એમને જાણે સદા અંદેશો રહ્યા કરતો કે રખેને પ્રકૃતિ સાથેનો સીધો સંપર્ક જો ના રહ્યો તો મારી કલા નિર્જીવ-પાંગળી બની જશે. આ બાબતમાં તો તે પોતાની પ્રતિભાનો પણ વિશ્વાસ ન કરતા. યેન કેન પ્રકારેણ કલાકૃતિઓ સર્જ્યે જવામાં નહિ, પણ પ્રત્યક્ષ અનુભૂતિની સર્વ નાજુકાઈઓ પ્રત્યે સજાગ રહેવામાં જ કલાકાર તરીકેનું સાર્થક્ય એમને લાગતું. પરિણામે, અનન્ય નિષ્ઠાની સાથે તેમનામાં ચીવટભરી વિવેકદૃષ્ટિ આવી. માત્ર શ્રેષ્ઠ વસ્તુઓ જ એમને આકર્ષતી. જેવુંતેવું તો એમને ગમતું જ નહિ.

એમના આ વલણને લીધે નિસર્ગદૃશ્યોનાં આલેખનો એમને વધુ ફાવતાં. એમનાં પ્રકૃતિચિત્રોમાં, અલબત્ત, કાળેકાળે અભિવ્યક્તિના પલટા આવતા, પરંતુ એમની તીવ્રતા તો કાયમ રહી. ઋતુ ઋતુએ તો શું, રોજેરોજ પલટા લેતી પ્રકૃતિની લીલા એમનામાં સંવેદનાના વિવિધ સૂરો જગવતી. જરા પણ તક મળી કે મધુકર મુંબાઈના ધમાલિયા વાતાવરણમાંથી છટકી આસપાસના ગ્રામપ્રદેશમાં ભમવા નીકળી જ પડ્યા હોય. વિહાર સરોવરની આસપાસનાં પ્રકૃતિદૃશ્યોએ એમની કેટલીક ઉત્તમ કલાકૃતિઓ સર્જાવી છે. એમાં અનુભૂતિનું ઊંડાણ ને છતાં અભિવ્યક્તિનું લાઘવ છે. અનુભૂતિના આવા ઉછાળાથી કરેલાં રેખાના ભરચક સપાટાઓવાળાં એમનાં ચિત્રો જોઈને આપણને વાનગૉખનાં પ્રકૃતિદૃશ્યો યાદ આવી જાય. પણ મધુકરની અભિવ્યંજના સાવ અનોખી જ.

કરુણતાની પરાકાષ્ઠા તો જુઓ! જીવનના મધ્યાહ્નકાળે, જ્યારે એમની કલા એક નવું જોમ પ્રાપ્ત કરી દિશાબદ્ધ થતી હતી ત્યારે જ, હૃદયરોગના હુમલાને કારણે એમનું અવસાન થયું. એમની નિષ્ઠા અને પ્રતિભાની યાદ એમના સૌ ચિત્રકારમિત્રોને રહેશે—અને એમના એ અત્યંત સૌજન્યશીલ સ્વભાવને તો કોણ ભૂલી શકશે?

મધુકર: એક સ્મરણાંજલિ

લેખક: સમર દાસગુપ્ત

હજી ૨૬મી જુલાઈએ તો મધુકર મને યાદ દેવા આવ્યા, કે એમણે જે થોડાક નવા પ્રયોગો કર્યા છે તે જોવા મારે અને મારા સાથી શ્રી આગાએ જવાનું હતું. એ વખતે હું ઓછું જ જાણતો હતો?—કે પ્રભુએ આપણી વચ્ચેથી અચાનક ઊંચકી લીધેલા એ પ્રિય મિત્રનાં હવે તો સંસ્મરણો જ લખવાનો વખત આવશે?

એ ખબરના આઘાતથી હું એટલો તો સ્તબ્ધ બની ગયો કે (આ

અનિવાર્ય નિર્માણને સ્વીકારી લીધા વિના આપણું ચાલવાનું નથી એમ જાણતા છતાં) તેની કળ વળતાં વાર લાગી. હજી તો જુવાન, ચેતનાથી ભરેલા, નવાનવા અખતરા કરવાની આકાંક્ષાઓ અને અભિલાષાઓથી સભર એ મિત્રને આમ ઝડપી જતાં વિધિનો જીવ કેમ ચાલ્યો?

મધુકર સાથેની મારી મિત્રતા શરૂ તો થઇ, રોજ થાય છે તેવા એક સામાન્ય પરિચયથી. સોળ વરસ પહેલાં મુંબાઈમાં એક કલાકાર મિત્રે અમારું ઓળખાણ કરાવ્યું. પણ એ પછી તરત એણે મારી સાથે ઘરેલુ બંગાળી ભાષામાં જે વાત કરવા માંડી એથી મારા અચંબાનો પાર ન રહ્યો. સૌરાષ્ટ્રનો વતની મધુકર માત્ર થોડાક વરસના શાન્તિનિકેતનના વસવાટથી આટલું સરસ બંગાળી અપનાવી લઈ શકે એ મારા માન્યામાં ન આવે. હું તો ખુશખુશાલ થઈ ગયો. એના બંગાળીએ જાણે મારા પર જાદુ કર્યું—ને સાથે, એની સરળતા, પ્રતિભા ને બીજા ગુણોએ મારા પર એવી તો ઊંડી છાપ પાડી કે અમે નિકટના મિત્રો બની રહ્યા.

પછી ૧૯૪૬માં મુંબાઈવાસી બંગાળીઓએ ભરેલા સાહિત્ય સંમેલન પ્રસંગે મારે ચિત્રપ્રદર્શન યોજવાનું આવ્યું, તે જો ભાઇ મધુકર અને બીજા એક મિત્ર પ્રભાસ સેનની સહાય ન હોત તો સફળ થવું મુશ્કેલ હતું. એ વખતે મને મધુકરનાં ચિત્રો માણવાની તક મળી.

એ પછી તો અમે વારંવાર—ચિત્રપ્રદર્શનો વખતે વિશેષ મળ્યા જ કરતા અને પ્રવર્તમાન કલાપ્રવાહોની ચર્ચા કરતા. કહેવાતી 'મૉડર્ન' કળાનું મોજું ત્યારે બધાં ભારતીય કલા-પ્રદર્શનો પર ફરી વળવા માંડ્યું હતું. લાગતું હતું કે સૌ, જાણે કે, ચિત્રકળાની નવીનવી ને તરેહબાજ પદ્ધતિઓ અજમાવવામાં એકબીજાની હરીફાઇ કરી રહ્યા હતા અને ભારતીય ચિત્રકળાની પરંપરાને જડમૂળથી ભૂંસી નાખવા મથતા હતા. કલાના સહૃદય ને નિષ્ઠાવાન ભક્ત મધુકરને આ વલણથી બહુ મૂંઝવણ, ગુસ્સો ને ગ્લાનિ થતાં. પ્રદર્શને પ્રદર્શને નિતનવાં એવાં ચિત્રો જોવા મળતાં જેના મોં માથાની કોઇને સૂઝ ન પડે. મુંબાઈના કહેવાતા કલાવિવેચકો આ નવા રૂપપલટાને વખાણીવખાણીને વારી જતા; પણ કલાના ગંભીર અભ્યાસીઓ એમાં કશું માણવા જેવું ન લાગવાથી મૂંઝાતા કે ખરેખર આ કલા છે?


ઍબ્સ્ટ્રૅક્શન—વસ્તુવિહીનતા, કે જે કાંઈ નામ તમે તેને આપો એ, જોનારને કશો જ સંદેશ આપી શકતી ન હતી. એ ચિત્રોનો ભાવાવેગ સમજ્યા હોવાનો દાવો કરનારાઓને પણ પૂછીએ ત્યારે એ સમજાવવામાં તો નિષ્ફળ જ નીવડતા. મુંબાઈના કલાજગતમાં જ્યારે આવી અરાજકતા વ્યાપી રહી હતી ત્યારે મધુકરે કેટલાક આશાસ્પદ કલાકાર ને શિલ્પી મિત્રો સાથે મળીને ગંભીરપણે આ કોયડાનો અભ્યાસ ને ચર્ચા કરવા માંડ્યાં. ઘણાં મંડળો નીકળ્યા, ઘણી સંસ્થાઓને આશ્રયે રસમય ચર્ચાઓ પણ થઈ. મધુકર એ એકેએકમાં હાજરી આપતા. તેના વિચારોની સ્પષ્ટતા, અને ફ્રેન્ચ કલાકારોની આંધળી વાનર-નકલ કરતા કેટલાક ભારતીય ચિત્રકારોના એ અનુકરણિયાવેડાને ઝાડી નાખવાની તેની હિંમત હું જોયા કરતો ને તેનાથી મુગ્ધ થતો. એ કહેતા કે કોઈ પણ ચિત્રકૃતિ—પછી તે પરંપરાગત હોય કે અદ્યતન હોય, વાસ્તવદર્શી હોય કે ઍબ્સ્ટ્રૅક્ટ-નિગૂઢ હોય, પણ તે જો પોતાનાં રૂપ રેખા ને રંગનાં લયમાધુર્ય ને ઊર્મિતત્ત્વ આપણામાં સંક્રાન્ત ન કરી શકે તો તેને કલાકૃતિ તરીકે હરગીઝ ન સ્વીકારી શકાય. માત્ર પોતે 'અનોખી' છે એટલા જ એક કારણે કોઈ પણ કૃતિ 'કલાકૃતિ' બની શકે નહિ, પછી તેનો કર્તા ભલે ગમે તેવો મહાન હોય.

જેમ શબ્દોની આડીઅવળી રમત કરવાથી કોઇ સાહિત્યકૃતિ સરજાતી નથી, કે થોડા અવનવીન સૂર કે ઠેકાની રમત વડે સંગીતસર્જન થતું નથી, તેમ આકૃતિ રંગ કે રેખાની કેવળ રમતજાળ વડે



કોઈ પણ ચિત્ર 'કલાકૃતિ' બની જતું નથી. આજે ઘણા કલાકારોમાં આ વલણની વ્યાપ્તિ વધતી જાય છે. તેમની કૃતિઓ કદાચ એકાદ ભાત ઉત્પન્ન કરવાથી આગળ કશું જ કરી શકતી નથી. અને આજના ઘણાખરા ચિત્રકારો વિષે સૌથી આશ્ચર્યજનક વાત તો એ છે કે ખુદ તેઓ પણ પોતે શું કરી રહ્યા છે તે સમજતા હોતા નથી. બહુ બહુ તો તેઓ એકાદ અપ્તરંગી ડિઝાઇન કે પૅટર્ન ઉપજાવી કાઢીને પછી પોતાને 'મૉડર્ન' (આધુનિક) કે 'સમકાલીન' ગણાવવાને મથતા હોય છે. ઘણી વાર તો તેઓ એટલું પણ નથી જાણતા હોતા કે એક ચિત્રકૃતિમાં તેની 'ડિઝાઈન'નાં-રૂપરચનાનાં સર્વ કારક તત્ત્વો હોવા ઉપરાંત તેના એ સ્થૂલ તત્ત્વ કરતાં કયાં યે ચડિયાતું એક બીજું તત્ત્વ પણ હોવું જોઇએ, ને તે એ, કે તે કૃતિ હૃદયસ્પર્શી, બુદ્ધિગમ્ય અને આત્મસ્પર્શી હોવી જોઈએ અને ચિત્ત તથા આત્માને શાતા આપતી હોવી જોઇએ. મૉડર્નિસ્ટો તો આજે, નિરપવાદ રીતે, કલાકૃતિઓમાં કાંઈ પણ હેતુ કે તથ્ય હોવાની વાતને છડેચોક ધુત્કારી કાઢે છે. અને તેથી જ કદાચ તેઓ એવી ભાષામાં વાતો કરે છે કે જેમાં નિરામય માનવીને તો કશી સૂઝ જ પડતી નથી. આ છે આપણી આજની 'મૉડર્ન હિંદી કલા'ની કરુણતા. આ અરાજકતાના નગારખાનામાં પ્રામાણિક, શ્રમસાધ્ય ને સૂઝ-સમજવાળી કૃતિની બિચારીની પપૂડી કયાં ય સંભળાતી નથી ને ઘોંઘાટિયણ, અશિષ્ટ તથા મામૂલી કૃતિઓ ચક્રવર્તી થઇને મહાલે છે; કેમકે જન-સામાન્યને ન સમજાય એવી ભાષામાં તેનાં ડિમડિમ વગાડનારા 'કલાવિવેચકો'નું તેમને ઉત્તેજન મળે છે.

શાન્તિનિકેતનમાં કલાગુરુ નંદલાલ વસુના હાથ નીચે તાલીમ પામેલા મધુકર આ બધી વિચાર-વિકૃતિ અને ગોટાળા સામે પોતાની સૂઝ-સમજ ટકાવી રાખીને તેમાં ઘસડાઈ જતાં બચ્યા, અને પોતાની અનુભૂતિને વ્યક્ત કરવા માટેના વિવિધ પ્રકારો અવિશ્રાન્તપણે અજ-



માવતા જ રહ્યા. તે ઘણી વાર કહેતા કે 'પશ્ચિમની પ્રજા તો હજી છેક આજે કલામાં ભાવાવેશ, ને નિગૂઢતા, ને એની વાતો કરતી થઈ છે; જ્યારે ભારતમાં તો અસાધારણ સામર્થ્ય કે પારલૌકિક તત્ત્વ આદિ દર્શાવવા માટે હજારો વર્ષ પહેલાંથી રાવણને દસ માથાં ને વીસ હાથ કે બ્રહ્મા–વિષ્ણુ આદિ દેવ દેવીઓને કોઈને ત્રણ માથાં ને ચાર હાથ વગેરેનાં એવાં નિરૂપણો થતાં આવ્યાં છે, જે સાક્ષર-નિરક્ષર સર્વ જનતામાં સહેલાઈથી સંક્રાન્ત થાય છે.' માણસજાતને સત્ય અને સૌંદર્યની ઝાંખી કરાવવા માટે આપણને મળેલી દૈવી ભાષા છોડીને મ ત્ર ગણ્યાગાંઠ્યા લોકોને જ મનોગમ્ય બને એવી અટપટી પરિપાટીને રવાડે આમ ચડી જવાય એ કલાની એક કરુણતા છે.

કવિ હૉરેસે કલાકારને શીખ દીધી છે કે 'તમારે મને જો રડાવવો હોય તો પહેલાં તમને પોતાને શોક થવો જોઈએ.' એ તો ક્ધાડું છે કે પોતાને થએલી શોક કે આનંદની લાગણી સામામાં સંક્રાન્ત કરવા માટે કલાકારે તે એને સ્પર્શે કે સમજાય એવી ભાષામાં મૂકવી જોઈએ. એ ભાષા ભલે કાલક્રમે બદલાયા કરતી હોય, પણ સમજદારીની પરંપરા સાથેનું તેનું અનુસંધાન તૂટવું ન જોઇએ; કારણ કે રસાનુભૂતિની ખરી સાર્થકતા તો તેની વ્યાપનશીલતામાં જ છે.

આ પાયાના સત્યની મધુકરને પ્રતીતિ હતી; તેથી પોતાની રસાનુભૂતિને વ્યકત કરવા માટે તે અનેક નિરંકુશ અને વ્યાકુલ પ્રયોગો કરતા, છતાં એ પાયાના સત્યથી કદી ચાતર્યા ન હતા. ઇશ્વરે એ બધા પ્રયોગો પાર ઉતારવા ન દીધા, છતાં જે કાંઇ પ્રયત્નો તેણે કર્યા તે સ્પષ્ટ દર્શાવી રહે છે કે એની દિશા કઇ હતી.

મધુકર સાદો, સરળહૃદયી મીઠો માનવી હતો. પોતાના આ વ્યવસાયમાં તેને કપરો જીવનસંઘર્ષ ખેડવો પડેલો. એણે જ્યારે જોયું કે એમાં સફળતા મળવી સહેલી નથી, ત્યારે તેણે તેનો સામનો કરવાનો નિરધાર કરી લીધો. પોતાનો જીવનસિદ્ધાંત નિશ્ચિત કરી દઇને, રોજી રળવા માટે થોડા કલાક કાઢી બાકીનો બધો સમય કલાસર્જન પાછળ જ તે ગાળતા. શેઠ અભય ખટાઉ (જે પોતે પણ કલાકાર છે)ની ખટાઉ મિલમાં તે કલાકાર તરીકે કામ કરતા, અને પાછળથી નવજીવનમાં જોડાયા, છતાં તેમનો સંબંધ અતૂટ રહ્યો હતો.

છેલ્લાં થોડાં વરસથી મધુકરનું સ્વાસ્થ્ય બહુ સારું ન રહેતું; છતાં રોજ સવારે નિયમિત પોતાના સ્ટૂડિયો પર જઈને પોતાની સાધના-જ્યોત તેણે અખંડ જલતી રાખી હતી, અને એ સાધના કરતાં કરતાં જ, અનેક કુટુંબીજનો તથા મિત્રસમુદાયને શોકમાં ડુબાડીને તે ચાલ્યા ગયા. તેમનો આત્મા શાંતિમાં વિરમે એવી મારી પ્રાર્થના છે.

એક પિકાસો-પ્રસંગ

તાજી જ બનેલી વાત છે;–ને ખરી બનેલી વાત છે.

લંડનમાં ટેઈટ ગૅલૅરીમાં વિખ્યાત કલાકાર પિકાસોનાં ચિત્રોનું એક જંગી પ્રદર્શન ચાલે છે. પિકાસોનાં ચિત્રોનું આવડું મોટું પ્રદર્શન જગતમાં આજ સુધીમાં કોઈ દેશમાં ભરાયું નથી. એમાં એના સમર્થ હાથે કરેલાં શરૂનાં હૃદયગમ્ય ચિત્રોથી માંડી છેલ્લામાં છેલ્લી અગમ્ય ને ચિવિત્રી મૉડર્નિસ્ટ કૃતિઓ સુધીનો વ્યાપ છે. અને, સૌ જાણે છે તેમ, પિકાસો એટલે મૉડર્નિસ્ટોનો અગ્રચારી–અને અગમ્યતામાં નવનવોન્મેષશાલી આરૂઢ કલાકાર, એટલે આ પ્રદર્શનમાં પણ એની એવી અકળ અગમ્ય કૃતિઓ સંખ્યાબંધ છે.

લંડનમાં લાયોનેલ બર્લે નામે એક કલાકાર છે. રંગીલો, ફાંટાબાજ, છાંટાપાણીનો જરા શોખીન, નવ બાળકોનો પિતા. એની પત્ની તો કહે છે કે એ સાચી પ્રતિભા છે અને કહે છે કે આ પિકાસો તો સૌને બનાવે છે.

આ સાબિત કરવા માટે બર્લેએ એક નુસખો અજમાવ્યો. પોતાનાં કરેલાં એવાં ચારેક ચિવિત્રાં ચિત્રો ટેઈટ ગૅલરીમાં ચોરીછૂપીથી ઘુસાડી દીધાં, ને પિકાસોનાં ચિત્રો વચ્ચે ટાંગી દીધાં!

અને ત્રણ દિવસ સુધી એ ત્યાં રહ્યાં. નિષ્ણાત કલાકોવિદો તથા રોજેરોજ જોવા આવતા હજારો પ્રેક્ષકોમાંથી કોઈ એ પરખી શક્યું નહિ.

'પછી'–લાયોનેલ કહે છે –'હું કંટાળ્યો, ને એ પાછાં ઉતારી લાવવાનો નિશ્ચય કર્યો.' પણ દીવાલ પરથી ચોરીછૂપીથી ઉતારતાં એની પત્નીના હાથમાંથી એક ચિત્ર પડી ગયું. એના અવાજથી એ પકડાઈ ગઈ, અને પિકાસોની મહાન કૃતિ ચોરવાનું એના પર તહોમત મુકાયું!

પણ જ્યારે તપાસમાં ખરી વાત કહી દેવામાં આવી ત્યારે, સત્તાવાળાઓએ ડહાપણ વાપરીને એ વાતને મજાક તરીકે ગણીને સંકેલી લીધી ને આગળ પગલાં લેવાનું માંડી વાળ્યું.

આ સમાચાર આપનાર લંડનનો ખબરપત્રી ડેવિડ હ્યુ જોન્સ જણાવે છે કે પછી એક દિવસ મેં લાયોનેલ બર્લેની મુલાકાત લીધી. પૂછ્યુ: 'તમને શું પિકાસોનાં ચિત્રો નથી ગમતાં?'

'જરૂર ગમે છે.' તેણે કહ્યું, 'તેનું શરૂના કાળનું કામ અદ્ભુત છે. પણ આ હમણાંનું તો નર્યું તૂત છે. કોઈ પણ શક્તિશાળી કલાકાર એ કરી શકે. એકાદા કૅનવાસ પર રંગના ડબકા મૂકી નીચે તેની સહી કરી દો એટલે પત્યું—જગત આફરીન પોકારી ઊઠશે કે એક મહાન કલારત્ન સરજાયું છે! મેં આ જે કરેલું,—એક બપોરે એ ચારેક ચિત્રો ઉપજાવી કાઢીને તેનાં ચિત્રો જોડે ટાંગી દીધાં,—એમાં મારો હેતુ એ જ બતાવવાનો હતો કે આ બધું કેવું તૂત છે!'

'પણ આ પ્રસંગથી તમને જાહેરાત ઠીક મળી ગઈ!'

'હા' તેણે કહ્યું, 'એ પછીના બે દિવસમાં મારાં સાડત્રીસ ચિત્રો વેચાઈ ગયાં, અને બ્રિટનના જુદાજુદા ભાગમાં મારાં ચિત્રોનાં આઠ પ્રદર્શનો ભરાયાં. વધારામાં ઘાનામાં વ્યાખ્યાનમાળા આપવા જવાનું મને આમંત્રણ મળ્યું છે!'

'તમે શું તમારી જાતને પિકાસોની સમોવડિયણ ગણો ખરા?'

'હા; પણ અમારી વચ્ચે એક મોટો ફેર છે. હું જ્યારે એની પેઠે એંશી વરસનો થયો હોઇશ ત્યારે મ.રો કોઈ ભાવ નહિ પૂછતું હોય. તે દહાડે પછી જાહેર પ્રજા સાથે મારાથી આમ આંખમીંચામણાં નહિ કરી શકાતાં હોય!' ('લંડન ડૅલિગ'માંથી)

કઠપૂતળી-કલાનો સમારોહ

અવલોકન · સુનીલ કોઠારી અને મહેરબહેન કૉન્ટ્રૅક્ટર



'સૈંયા, તેરી ગોદી મેં ગેંદા બન જાઉં,
જબ મોરે રાજાજી કો ભૂખ લગેગી, પૂરી પકોડી કચોડી બન જાઊંગી;
જબ મોરે રાજાજીકો પ્યાસ લગેગી, ગંગા ઔર જમનાકી લહેરેં બન જાઊંગી;
સૈંયા, તેરી ગોદી મેં ગેંદા બન જાઉં.'

–અને પાયલ બાજવા લાગ્યાં, ઢોલક પર ઠેકા લેવાવા લાગ્યા ને કમ્મરેથી વળીવળીને રામજણીએ દરબારમાં મુજરો ભર્યો! રાજાએ ખુશ થઇ એને બક્ષિશથી નવાજી, ને એણે વળી ઘેરદાર ઘાઘરાની બેય કોર પકડીને ઠમકઠમક નાચી જલસો પૂરો કર્યો. પડદો પડ્યો ને સૂત્રધારે બધી લીલા સંકેલી.

ગયા નવેમ્બરની ૧૩થી ૧૭મી તારીખ લગી ઉદયપુર ખાતે પ્રથમ 'અખિલભારતીય કઠપૂતળી સમારોહ' થયો હતો. 'ભારતીય લોકકલા મંડલ'ને નામે લોકકલાનું સંવર્ધન કરતી સંસ્થાના સંચાલક શ્રી દેવીલાલ સામરે તેની યોજના કરેલી, અને કેન્દ્રીય મંત્રીશ્રી હુમાયૂં કબીરે એનું ઉદ્‌ઘાટન કર્યું હતું. દેશભરમાંથી ત્યાં જે કઠપૂતળી–દળ ઊમટેલાં તે પરથી ભારતમાં એ કલાનું જે સંરક્ષણ-સંવર્ધન થઈ રહ્યું છે એ ઘણું આશાપ્રદ અને આનંદમય જણાયું.


છેલ્લાં કેટલાંક વર્ષો થયાં—અને વિશેષે તો શ્રી સર્જી ઑબ્રાઝત્સોવે, અને નોમ થીએટરના કલાકારોએ ભારતમાં પ્રવાસ કર્યો ત્યારથી કઠપૂતળી વિષયક કલા ને કાર્યક્રમો વિષે આપણું ધ્યાન સવિશેષ દોરાયું છે.

લગભગ દસેક સૂત્રધાર મંડળીઓએ ઉપર્યુક્ત સમારોહમાં ભાગ લીધેલો. એમાં કલકત્તાના 'ધ પપેટ'એ સૌનું ધ્યાન ખેંચ્યું. શ્રી રઘુનાથ ગોસ્વામી નામે કલાકારની રાહબરી હેઠળ કલકત્તાના ઉત્સાહી કલાકારોએ વ્યવસાયી ધોરણે એ કાર્ય હાથ ધર્યું છે. અલબત્ત સર્જી ઑબ્રાઝત્સોવની ખૂબ જ અસર સ્પષ્ટપણે એ મંડળીના કામમાં જોઈ શકાય છે. એમણે 'હલ્લાગુલ્લા' નામે પરીકથા, વણઝારાઓનું એક નૃત્ય, વાયોલિન વાદન ઉપરાંત 'કૈસા મઝા આયા' નામે એકાંકીના પ્રયોગો રજૂ કરેલા. કઠપૂતળી માધ્યમ માટે એમણે ચૂંટેલાં બધાં જ કથાનકો ઉત્તમ રહ્યાં. એમનું કામ પણ ઉચ્ચ કોટિનું હતું અને સંગીત સુસંગત હતું. કઠપૂતળાંની બનાવટ પણ નિતાન્ત રમ્ય અને આકર્ષક હતી, સિવાય કે એમનાં મોં-માથાં સહેજ નાના કદનાં હતાં; તેથી ઘણી વાર પ્રકાશ-યોજના બરાબર ન હોવાથી ચહેરા પરના ભાવ–વિભાવ પ્રેક્ષકો માણી શકતા નહોતા. શ્રી હુમાયૂં કબીરે રૂ. ૪૦૦૦ની ભેટ 'ભારતીય લોકકલા મંડલ'ને કરી હતી, જેમાંથી રૂ. ૩૦૦૦ સંસ્થાને ને બાકીના રૂ. ૧૦૦૦માંથી ત્રણ રોકડ પારિતોષિકો આપવાની યોજના હતી. એમાં રૂ. ૩૦૦નું રોકડ ઇનામ એ સંસ્થાને મળ્યું.

બીજી મંડળી હતી અમદાવાદની 'શ્રેયસ્' સંસ્થાની. એનાં તંત્રી હતાં શ્રીમતી લીનાબેન મંગળદાસ. એમની શાળામાં કઠપૂતળીઓની કલાને દાખલ કરનાર અગ્રણી, અને 'ગલગોટા' (શ્રી દેશળજી પરમારના કાવ્ય-સંગ્રહ) નામે પ્રસંગને કઠપૂતળાંઓ દ્વારા રજૂ કરનાર નિર્માતા તથા દિગ્દર્શક (આ લેખનાં સંયુક્ત લેખિકા) શ્રીમતી મહેરબહેન કૉન્ટ્રૅક્ટર હતાં. કૌશલની દૃષ્ટિએ 'શ્રેયસ્'નો પ્રયોગ સંગીત, અવાજ અને ભાષાંતર ઉપરાંત રંગમંચની સજાવટની દૃષ્ટિએ સરસ રહ્યો. જે કઠપૂતળાં રજૂ થતાં હતાં તેમાં 'ગ્લવ' અને 'રૉડ', સૂત્રસંચાલિત મૅરીઓનેટ અને છાયાચિત્રોથી રજૂ થતાં વિવિધ ત્રીસેક કઠપૂતળાંના સંચાલનમાં ત્રણ બાળકલાકારોએ પ્રાવીણ્ય દર્શાવી સૌની ચાહના સંપાદન કરી. એમનાં કઠપૂતળાં મૌલિક હતાં—રાજસ્થાની નહોતાં.

દિલ્હીના 'ભારતીય કલાકેન્દ્રે' શ્રી રાહીની રાહબરી નીચે 'ઝાંસી કી રાની' અને 'ઢોલામારુ'નાં પ્રખ્યાત રાજસ્થાની કથાનકો રજૂ કર્યાં. એ બધાં જ કઠપૂતળી-પાત્રો રાજસ્થાની સૂત્રધારોએ તૈયાર કરેલાં અને એમણે જ એ કથાનકોનું સંચાલન કરેલું. ઉત્તમ રહ્યું 'ઝાંસી કી રાની'. પરંતુ પાર્શ્વભાગે 'ટેઇપ રેકૉર્ડર'થી રજૂ થએલું સંગીત સુસંગત ન નીવડ્યું. આવા પરંપરાગત પ્રયોગોમાં સંગીત પ્રાણ સમાન હોય છે.

સંગીત નાટક અકાદમીના 'પૂતલીઘરે' અમરસિંગ રાઠોડનું કથાનક રજૂ કર્યું. રાજસ્થાનના જાણીતા કવિ ગજાનન વર્માના સૂત્રસંચાલન હેઠળ આ અત્યંત માનીતા પરંપરાગત પ્રયોગના અત્યંત ધીમા ને વધુપડતા શાસ્ત્રીય સંગીતે તેના પરંપરાગત સ્વરૂપને હાનિ પહોંચાડી. એક ગામથી બીજે ગામ ફરતા રહેતા અને ગામડાંની ભાગોળે અથવા



કઠપૂતળીઓ ચલાવવાની દક્ષિણ ભારતીય પદ્ધતિની સમજણ



એ દક્ષિણ ભારતીય બોમલાટ્ટમ્‌નું એક પાત્ર

પોળ-શેરીઓમાં પ્રદર્શન કરતા લોકકલાકાર રાજસ્થાની સૂત્રધારોની હવા એ લોકો જમાવી શક્યા નહિ.

શ્રી નાથુ ભાટે રજૂ કરેલા 'સીતાસ્વયંવરે' અને શ્રી શ્યામલાલ ભાટના 'પંચાયતે' તો વાહવાહ મેળવી; તેમ દિલ્હીના શ્રી બી. સહાયની દેખરેખ હેઠળ 'આકાશવાણી' (ઑલ ઇન્ડિયા રેડિયો) મંડળના શ્રી સાગર ભાટના પ્રયોગોએ પણ ધ્યાન ખેંચ્યું. 'ગગનસવારી' નામે રાજસ્થાની હાસ્યપૂર્ણ કથાનક ગ્રામજનોના મનોરંજન માટે ઠીક રહ્યું; પરંતુ એમાં વારંવાર આવતા અશ્લીલ પ્રયોગો ટાળવા જોઈતા હતા. 'દસ બજે' પ્રયોગમાં વર્તમાન કથાનકની રજૂઆત કઠપૂતળાંઓના ધીમા હલનચલનને કારણે રસક્ષતિ કરાવનાર નીવડી; તથાપિ એમાંની મૌલિકતા આકર્ષક હતી. મુંબાઇની 'ઇન્ડિયન પપેટ થીએટર'ના ગુલઝારીલાલે સંપૂર્ણતયા રાજસ્થાની શૈલીમાં કઠપૂતળાંઓનો ઇતિહાસ રજૂ કર્યો. એ મંડળીના નવે સભ્યોનું કામ સરસ હતું.

દક્ષિણ ભારતીય કઠપૂતળી દળોમાં પ્રથમ કુંભકોનમની 'ગંગલગાન સભા'એ 'ભામલાટ્રમ્' રજૂ કરેલું. એમના નેતા શ્રી મણિ આયર દક્ષિણ ભારતની કઠપૂતળી–કલાની પ્રમુખ વ્યક્તિ છે. એમની મંડળીના છયે સભ્યોએ સુંદર પ્રયોગો રજૂ કરેલા. એમણે 'ભરતનાટ્યમ્'ની કેટલીક ચીજો 'એકમ નર્તન' (સોલો ડાન્સ) તરીકે રજૂ કરી હતી. કઠપૂતળીની આ રચનાઓ વિષે તો વિસ્તારથી ઉલ્લેખ કરવો જરૂરી છે.

એ પરંપરાગત પ્રકાર તો છે જ, પણ 'રૉડ અને સ્ટ્રિંગ' પદ્ધતિના દક્ષિણ ભારતના પ્રકારોમાં તે આગવો છે. એ કઠપૂતળીઓ લગભગ ૪–૪॥ ફીટની ઊંચાઈની હોય છે. એમને પગ હોતા નથી, અને વજન લગભગ ૩૦ થી ૪૦ રતલ હોય છે. આથી તેના સંચાલનની દોરડીઓ ઘણી મજબૂત હોય છે; અને સામાન્યતઃ જે 'ઍરોપ્લેન' આકારની લાકડાની આકૃતિઓ દ્વારા સૂત્રધારો કઠપૂતળીઓનું સંચાલન કરે છે તેની જોડે તે ન બાંધતાં એક ગોળ 'કડી'માં બાંધવામાં આવે છે. સૂત્રધાર એ પોતાને માથે ઓઢી લે છે (જૂઓ ચિત્ર). એ વર્તુળાકાર કડીમાં કઠપૂતળીના કમ્મરના ભાગની બન્ને દોરડીઓ ઉપરાંત કાન પાસેની દોરડીઓ પણ ભરાવવામાં આવે છે, અને સૂત્રધાર પોતાના મસ્તકના હલનચલનથી કઠપૂતળીનું સંચાલન કરે છે. પોતાના હાથમાં એ બે 'રૉડ' (લાકડીઓ) ધારે છે જે કઠપૂતળીઓના હાથમાં ભરાવેલા હોય છે. કઠપૂતળીના ડોક માથું હાથ વગેરે ખભા પાસે અલગ રીતે હલનચલન કરી શકે એ ઢબે ભેરવ્યાં હોય છે. આ આખીય રચના ગૂંચવણભરી હોવા છતાં અત્યંત રસિક હતી અને કઠપૂતળીઓનાં હલનચલન તો આબેહૂબ ભરતનાટ્યમ્ પ્રકારના શાસ્ત્રીય નૃત્યને જ મળતાં હતાં!

આંધ્ર રાજ્યના શ્રી રમણમૂર્તિના 'છાયા'વાળા પ્રયોગો–'રૉડ-પપેટ' અત્યંત આકર્ષક હતા. એનાં કઠપૂતળાં ચામડામાંથી કાપીકોરીને બનાવેલાં (સ્ટેન્સિલ્ડ) હોય છે. ઇન્ડોનેશિયાની 'વયાગ કુલિત' (જુઓ 'કુમાર' ઑગસ્ટ ૧૯૫૮માં શ્રી નવનીત પારેખનો લેખ) છાયા-નાટિકાઓ મૂળ તો આંધ્રના આ પ્રકારમાંથી જ ઉદ્ભવી છે. સમયના અભાવે ફાળે આવેલી દસ મિનિટ દરમિયાન જ તેઓ પોતાની કલા પ્રદર્શિત કરી શકેલા. એમને વધારે સમય આપવામાં આવ્યો હોત તો એ કલાનાં વિવિધ પાસાં જોવાની તક સાંપડત.


આ સમારોહ દરમિયાન એક પરિસંવાદ પણ યોજાયો હતો. પ્રથમ દિવસે ભારતીય લોકકલામંડળના સંચાલક શ્રી દેવીલાલ સામર, ઑલ ઇન્ડિયા રેડિયોના શ્રી આર. સહાયે, અને સંગીત નાટક-અકાદમીના કાર્યકર શ્રી કેશવ કોઠારીએ પોતાના નિબંધો વાંચેલા. બીજે દિવસે એ નિબંધો પરત્વે ચર્ચા વિચારણા રાખેલી. શ્રીમતી લીનાબહેને પોતાના અનુભવો રજૂ કરી કઠપૂતળી માધ્યમનું શૈક્ષણિક મૂલ્ય કેટલું બધું અગત્યનું છે એ મુદ્દા પર ભાર મૂક્યો હતો. રાજસ્થાનના સૂત્રધારોને તો 'ગ્લવ ઍન્ડ રૉડ' વડે રજૂ થતાં કઠપૂતળાં ઈત્યાદિ જોવાની તક મળતી નથી તેથી તેનું નિદર્શન અત્યંત રસપ્રદ નીવડ્યું. 'શ્રેયસ્' સંસ્થાએ તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલાં કેટલાંક વિદેશથી ભેટ મળેલાં કઠપૂતળાંનું પ્રદર્શન પણ સાથે આણ્યું હતું, એટલે એના સંચાલનની વિધવિધ પ્રથાઓ તથા પ્રકારોથી એ સૌ દંગ થયા.

રોજ રાત્રે સાત વાગ્યા પછી ખાસ પ્રકારના ખુલ્લા રંગમંચમાં કાર્યક્રમો રજૂ થતા. એમાં 'કચ્છી ઘોડી' અને બેંગલોરથી આવેલા શ્રી સુંદરમૂર્તિના 'પુરવી આટ્ટમ' (હૉર્સ ડાન્સ)ના પ્રયોગો ધ્યાન ખેંચનારા બન્યા. મૂળે આ બધી કળાઓના સ્રોત લોકકલામાં રહ્યા છે, છતાં કઠપૂતળી સમારોહ જોડે એનો મેળ ખાતો નહોતો. તામીલનાડમાં 'પુરવી આટ્ટમ' જાણીતો નૃત્ય પ્રકાર છે. એનો ઉદ્ભવ ચોલ, ચેરા ને પાંડ્ય રાજવીઓના શાસનકાળ દરમિયાન થયો મનાય છે. વાંસના બનાવેલા ઘોડાના આકાર પર કાગળ પૂંઠા અને રંગબેરંગી કપડાં ઢાંકી એને સુંદર રીતે શણગારવામાં આવે છે. નર્તક લાકડાની ઘોડી પર પગ બાંધે છે ને એ ઘોડાનું મ્હોરું એવી રીતે પહેરે છે કે જાણે પોતે ઘોડા પર સવાર થયો હોય (જુઓ ચિત્ર). આ 'પુરવી આટ્ટમ'ના કથાનકો ઐતિહાસિક પણ હોય છે.



આ નૃત્યમાં તાલમાન વિશેષ જોવા મળે છે. 'કચ્છી ઘોડી'ને મુકાબલે 'પુરવી આટ્ટમ' વધારે સફળ રહ્યું. એ સિવાય 'ભારતીય લોકકલામંડળ'ના કલાકારોએ રજૂ કરેલા 'ભવાઇ'ના નૃત્યમાં લોકગીતો અને કાબેલિયત સરસ રીતે જળવાયાં. આપણે ત્યાં પણ એ પ્રકારે સાત બેડાં માથે મૂકીને નવરાત્રટાણે ભવાયાઓ નૃત્ય કરે જ છે.

સમગ્ર કાર્યક્રમ એકંદરે સફળ રહ્યો. પરંતુ કોઈ પ્રકારની તંદુરસ્ત પુખ્ત ચર્ચા વિચારણા થઈ નહિ. અલબત્ત 'શ્રેયસ' અને 'ધ પપેટ' એ બે સંસ્થાઓના પ્રયત્નો અને પ્રયાસો દાદ માગી લે તેવા છે. દિલ્હીના 'પુતલીઘર' વગેરેએ 'ટેકનીક'માં સમયાનુસારી ફેરફાર કર્યા છે; જોકે સંગીતની બાબતમાં એ લોકો નિષ્ફળ ગયા હતા. આવા સમારોહની પૂરતી જાહેરાત થવી જોઈએ. 'શ્રેયસ' વિના ગુજરાતમાંથી કોઈએ 'કઠપૂતળી-કળા' વિષે પ્રતિનિધિત્વ કર્યું નહિ એ આપણે ત્યાં આ કલાપ્રકારનું પૂરતું સંરક્ષણ-સંવર્ધન થઈ રહ્યું નથી એમ દર્શાવે છે. આપણે ત્યાં ગામેગામ રખડતા કલાકારોને એકત્રિત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ અને પરંપરાગત શૈલીને એના મૂળના સૌંદર્યને જાળવી રહે તે ઢબે વિકસાવવો જોઈએ. સાથે સાથે સૂત્ર સંચાલન વિનાની બીજી શૈલીઓ (ટેકનીક) પણ અપનાવવી જરૂરી છે. પાશ્ચાત્ય દેશોમાં–ખાસ કરીને ચેકોસ્લોવાકિયામાં તો આ કથાએ સિદ્ધિનાં શિખર સર કર્યાં છે. પ્રતિ વર્ષે આંતરરાષ્ટ્રીય કઠપૂતળી–સમારોહ પણ ત્યાં ઉજવાય છે. આ. વર્ષે એવો સમારોહ આ મહીને રૂમાનિયામાં બુખારેસ્ટ ખાતે તા. ૧૫થી ૩૦ સપ્ટેમ્બર સુધી યોજાયો છે, જેમાં શ્રીમતી મહેરબહેન કૉન્ટ્રેક્ટર ભારત તરફથી ભાગ લેવા ગયાં છે.



> ભલે કંઈકને મળ્યું અધિક તુંથી; તો યે કદી
> વિચાર્યું પલવાર તેં—મનુજ? કોટિકોટિ અહીં
> ન સ્વપ્ન પણ જેનું સેવી શકતા, મળ્યું એટલું
> તને: તરફડાટ તો ય દિનરાત શો આવડો?
> ખરે! હૃદય રંક જેનું, અતિ રંક તેનું જગત્,
> વસે મન મહીં જ માનવની ઋદ્ધિ કે રંકતા.
>
> —મનસુખલાલ ઝવેરી

ધીરલલિત ધનસુખલાલ

શ્રી ધનસુખલાલ મહેતાનું એમનાં ફોઇએ, (કે જેણે પાડચું હોય તેણે) નામ પાડચું ત્યારે જાણે કે એમનું ભવિષ્ય જ ભાખ્યું હતું; કારણ કે તન, મન અને ધન એ ત્રણમાંથી કોઈ બાબતમાં એ ભાઈ ઉપાધિથી પ્રમાણમાં વધારે મુક્ત રહ્યા હોય તો ધનની બાબતમાં. શ્રીમન્ત કુલમાં જન્મ્યા છતાં તેઓ પોતે શ્રીમન્ત ગણાય એટલું ધન કમાયા નથી, છતાં જીવનનિર્વાહના આર્થિક સાધન વિષે એમને ખાસ ચિન્તા કરવી પડે એવું દેખાતું નથી. તનને એમણે ઠીક જાળવ્યું છે, પણ એ તનનું એમને સુખ ઝાઝું નથી મળ્યું. અભ્યાસમાં અને વિકાસમાં વિઘ્નકર નીવડે એવી બીમારી ('કૉરૉનરી થ્રૉમ્બૉસિસ'નામના હૃદયરોગની)



એમને નાનપણમાં જ વળગી રહી હતી. મનને આનંદમાં રાખવાની કળા એમણે કેળવી છે, પણ એમાં એમને ઠીકઠીક પરિશ્રમ પડચો હશે. એ બે વાર પરણ્યા, પણ બંને પત્નીઓની બીમારીએ અને મૃત્યુએ આ રસિયા જીવનો મનસુખ માણવાનો અવધિ ઘણો ટૂંકાવી નાખ્યો.


તન-સુખની અને મન-સુખની આ ઊણપે ધનસુખલાલને ધન-સુખના પૂર્ણ ઉદયથી અને ઉપભોગથી વંચિત તો રાખ્યા છે. જેમાં એમની પછીના માણસો આજે હજારો રૂપિયાનો પગાર લેવા સુધી પહોંચ્યા છે એવી સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીની નોકરીમાંથી ધત્તુભાઇને હૃદયરોગને કારણે નાની ઉમરે નિવૃત્તિ લેવી પડી. એમની રસિકતાને પરિતૃપ્ત કરે એવી પત્ની સાંપડચા છતાં એ પત્નીની તબિયતે એમને ચિન્તાકુલ રાખ્યા અને પત્નીના નાની વયે થએલા મૃત્યુએ એમને વિધુર બનાવ્યા—એ શબ્દના સાચા અર્થમાં વિધુર* બનાવ્યા. એમના હૃદયને એકલતા વીંધી રહી છે. આમ, હૃદયના વ્યાધિએ એમના તન-સુખને, અને હૃદયને વીંધતી વિધુરતાએ એમના મન-સુખને, વણસાડચું. વડીલ બંધુ જયસુખલાલની શીળી છાયાએ એમને ધનની ચિન્તાથી બચાવ્યા; મન-સુખનો ઉદય અને ઉપભોગ એમને સંપૂર્ણ ન સાંપડચો; તે છતાં એમના સંતોષી સ્વભાવે એમને ધનની બાબતમાં સુખી રાખ્યા.

નમણો નાજુક દેહ; ઘાટીલા અવયવો; ગૌર વર્ણની કાન્તિ; મુલાયમ ગુલાબી ચહેરો; મંદ મલપતી ચાલ; શૉખથી સિવડાવેલાં અને

---

* 'વિ+ધવ' અને 'વિ+ધુર' એવી જેની ખોટી વ્યુત્પત્તિ અપાઈ છે એવા આ શબ્દો ખરું જોતાં 'વ્યધ્=વીંધાવું' ધાતુમાંથી નીકળ્યા છે, અને ધત્તુભાઈ આ ખરા અર્થમાં વિધુર છે. ધત્તુભાઈ=એમનું હુલામણું નામ.

આપણાં પ્રાણીઓ : ૩૫
ગેંડો



ત્રણ આંગળાંવાળા ટૂંકા પગ પર ટેકવેલો રાક્ષસી દેહ, ઊભા અણીદાર ને છેડે વાળના ગુચ્છાવાળા કાન, માથાના પ્રમાણમાં ખૂબ નાની આંખ ને આગળ પડતા ઉપલા હોઠ પર ઊગેલા શિંગડાવાળા બેડોળ ગેંડાને જોતાંવેંત બોલી ઉઠાય: 'સરજનહારે આવું તે કેવું વિચિત્ર પ્રાણી સરજ્યું!'

ગેંડાની જાતના કુલ પાંચ વર્ગ, તે પૈકીના બે આફ્રિકામાં અને ત્રણ એશિયામાં થાય છે. આફ્રિકાના ગેંડાને સામાન્યતઃ બે શિંગડાં હોય છે. પાંચેમાંથી કદમાં સૌથી મોટી જાત (શાસ્ત્રીય નામ Rhinoceros unicornis L.) હિંદમાં—નેપાળ-આસામમાં-થાય છે. તેને એક શિંગડું હોય છે, ચામડી ખૂબ જાડી અને વાળના આછા અસ્તરથી ઢાંકેલી, તે પર જાણે બખ્તર પહેર્યું ન હોય એવા વાટા. નર ખભા સુધી ૬ ફૂટથી યે ઊંચો, સરેરાશ ઊંચાઇ ૫ ફૂટ ને ૮ ઇંચની, લંબાઈ ૧૧ ફૂટની. શિંગડું સરેરાશ ૧૫-૧૬ ઇંચ લાંબું. એક શિંગડાવાળા આ સૌથી મોટા ગેંડાની ચામડીનો ખભા સુધીનો વાટો પીઠ સુધી લંબાતો નથી એ તેની વિશિષ્ટતા છે. માદાનું શિંગડું ધારદાર ને લાંબું, નરનું જાડું ને બૂઠું.

રહે ખાસ કરીને નદીકિનારે અથવા કીચડવાળી જગ્યામાં કે ભીની જમીનમાં જંગલ હોય ત્યાં. મુખ્ય ખોરાક ઘાસ. અતુલ-હાથી કરતાં યે વિશેષ-બળ ધરાવતું આ ભીષણ પ્રાણી માણસને મારે છે એ તેને ખાવા નહિ પણ પોતાની ધૂન સંતોષવા. મગર એ ગેંડાનો કટ્ટર દુશ્મન, ઘણી વાર એ તેને પૂરો પણ કરી નાખે. ગેંડો ક્રોધે ચડચો હોય ત્યારે માર્ગમાં આવતી વસ્તુમાત્રનો, પોતાના લાક્ષણિક શિંગડા વડે ચોટ મારીને જડમૂળથી નાશ કરી દે. તેને પાળીને વિશ્વાસમાં લઇ ન શકાય, પોતાને હમેશાં ખવાડતા-પિવાડતા માણસને યે જાનથી મારી નાખે.

સંવનનકાળ આખા વર્ષમાં ગમે ત્યારે. ગર્ભધારણકાળ ૧૭-૧૮ માસનો, નેપાળમાં સાધારણરીતે એક વર્ષનો. ગેંડાનું તાજું જન્મેલું પૂર્ણવિકસિત બચ્ચું ૪ ફૂટ ૧ ઇંચના માપનું અને ૧૨૦ રતલનું નોંધાયું છે.

શૉખથી સજેલાં વસ્ત્રો; જે વસ્ત્રો પહેરે તેમાં શોભી ઊઠે એવી—किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् એ કાલિદાસવચનને સાચું પાડે એવી—મધુર આકૃતિ. આવા ધનસુખલાલને આજે પણ કોઈ ઘરડા ન માને.


એ પોતે પણ પોતાને ઘરડા માનતા હશે કે કેમ એ વિશે શંકાને અવકાશ છે. લટકાળી લલના પણ જેને જોઇને લાજે, લજ્જાનો સાત્ત્વિક ભાવ પણ કદાચ અનુભવે, એવું એમના દેહનું લાલિત્ય અને લાવણ્ય વય છુપાવવામાં, એઓ ધારે તો, મદદ કરે એમ છે.

પણ, अब तो बात फैल गई. ધનુભાઈએ ૬૯ વર્ષ પૂરાં કરી સિત્તેરમામાં પ્રવેશ કર્યો એ વાત જાહેર થઈ ગઈ. નહિ તો કોઇ જાણત કે માનત નહિ કે એ, છેવટ ઉમરમાં તો, હવે વૃદ્ધ થયા છે. એમણે પોતે જાણી જોઇને કોઇને નથી છેતર્યા, પણ એમની કાયાની કોમલતાએ અને કરચલી વિનાની ગુલાબી ચહેરાની ચારુતાએ વયની વાતમાં છેતર્યા છે.

એમની સહજ ધીરગંભીર ધીમી ગતિને આ દર્દે વધારે ધીરગંભીર અને ધીમી બનાવી છે. મિત્રોએ એમને 'નવાબ'નો ઇલકાબ આપ્યો છે. કુશળમાં કુશળ દરજી પાસે સિવડાવેલાં સુંદર અચકન-સુરવાલ પહેરવાનો એમને શૉખ છે; પગમાં ચળકતાં સ્લિપર અથવા મજાની મોજડી એઓ પહેરે છે; માથે 'બાંકી' ટોપી મૂકે છે—ઝાઝે ભાગે સુંવાળાં રૂંછડાંવાળી, કોઈ વાર સાદી; હાથમાં લટકાળી લાકડી રાખે છે. આ વેશભૂષાએ અને એ વેશભૂષાથી શોભતી કે એ વેશભૂષાને શોભાવતી એમની દેહછટાએ એમને આ 'નવાબ'નો ઇલકાબ અપાવ્યો છે. અને એમના હૃદયના દર્દે એમની નવાબી ધીરી ચાલને વધારે ધીરી બનાવીને આ ઇલકાબ માટેની એમની યોગ્યતામાં ઉમેરો કર્યો છે. અચકાતાં અચકાતાં કહું છું કે એમના આ હૃદયરોગે આ પ્રકારે મિત્રકાર્ય કર્યું છે.

મેં તો અચકાતાં અચકાતાં આ કહ્યું, પણ મેઘાણીએ તો એથી આગળ વધીને કહ્યું હતું કે 'દર્દ આવ્યું પ્રેયસી બની.' શ્રી વિજયરાય વૈદ્યના 'ગત શતકનું સાહિત્ય'માં આ પત્ર હમણાં જ મારા વાંચવામાં આવ્યો. 'લિ. સ્નેહાધીન ઝવેરચંદ' એ મથાળા (ને 'મેઘાણીના પત્રો' એ પેટા મથાળા) સાથે ૧૯૪૮માં પ્રકટ થએલા પુસ્તકમાંથી લેવાએલો પત્રખંડ વાંચવા જેવો છે. મેઘાણી લખે છે:

'હૃદયનું દર્દ તમને વળગી બેઠું એમાં એક રીતે તો સુસંગતા છે. તમે હૃદયને ઘણું નિયમનમાં રાખ્યું છે. કોઇકને પણ એ હૃદય સાથે પ્રેમ કરવા નહિ મળેલ હોય; એટલે દર્દ આવ્યું



શ્રી ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા અને તેમની બે પુત્રીઓ—મેના દીવાન અને પૂર્ણિમા મહેતા

પ્રેયસી બની. મૃત્યુને તો તમે ડિકન્સના એ પત્રની પેઠે જ ભેટશો એ વિશે મને શક નથી. પ્રશાંત પુરુષોમાં તમને મેં ઑર તરેહના જ નિહાળ્યા છે. તમારા યૌવનને તમે કેમ જાણે અવસાનને માટે જ ખાસ સાચવી રાખતા હો એવું લાગ્યા કરે છે.'

ધનુભાઇએ હૃદયને નિયમનમાં રાખ્યું છે; અને હવે એ હૃદય એમને નિયમનમાં રાખે છે. યૌવનને ધનુભાઈ સાચવી રાખતા હોય તો યૌવને પણ એમને ખૂબ સાચવ્યા છે. આનું કારણ એ છે કે 'પ્રશાંત પુરુષોમાં' એ 'ઑર તરેહના' જ છે. આ પ્રશાંત પુરુષ પાપભીરુ છે, સાચવીને ચાલનારા છે, જેટલું શરીરને સાચવે તેટલું હૈયાને સાચવનારા છે. સાચવણ એમના સ્વભાવમાં છે. યોગક્ષેમ એટલે કમાવું ને સાચવવું; ધનુભાઇના જીવનક્રમમાં યોગના સાહસ કરતાં ક્ષેમની સાવચેતી વધારે છે.

ધનુભાઇની એ સાચવણ અને સાવચેતી ઘરરખુ ગૃહિણીને પણ શરમાવે એવી છે, અને કૌમારભૃત્યની—બાળકની જાળવણ તથા ઉછેરની—એમની માતાને પણ મા'ત કરે એવી છે. પોતાની અને વિશેષતઃ પોતાનાંની માંદગીમાં વાતવાતમાં વિવશ બને એવા, 'નર્વસ' પ્રકૃતિના ધનુભાઈ કુટુંબવ્યવહારમાં સ્થિતપ્રજ્ઞ બની શકે છે એવું વીસ વર્ષ પહેલાં કોઇએ મને કહ્યું હોત તો હું ન માનત. પણ હવે હું માનું છું.

એમના જીવનમાં રહેલી ઓછપે એમને મુલાયમ, લાગણીવશ ને સાવધાન બનાવ્યા છે. નાનપણમાં આવેલી બીમારીએ એમના અભ્યાસને અધૂરો રખાવ્યો; રીતસરના અભ્યાસની ઊણપ વાચનથી પૂરી કરવાની વૃત્તિએ અને સદ્ગત રણજિતરામ વાવાભાઈએ આપેલા પ્રોત્સાહને એમને વાચનની અને લેખનની દિશામાં વાળ્યા; ઇલેક્ટ્રિસિટીના ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલી યોગ્યતાને પરિણામે એમને રેલવેની નોકરી મળી પણ લાઈન પર વારંવાર થતી બદલીની અને તે સાથે રહેવા-જમવાની મુસીબત ને પ્રતિકૂળતાએ મુલાયમ તબિયતના ધનુભાઇને એ નોકરી છોડીને સિંધિયા સ્ટીમ નૅવિગેશનની નોકરી લેવાની ફરજ પાડી; એ દરમ્યાન પણ વાચનલેખનના શૉખે અને સાહિત્યસર્જક તરીકેની જામતી પ્રતિષ્ઠાએ, ઑફિસકામમાં ગરકાવ રહીને આર્થિક ઉત્કર્ષ કરવાની એમની વૃત્તિને મંદ બનાવી; અંતે હૃદયરોગે એ નોકરી છોડાવી.

જન્મથી જ કોમલ એવા ધનુભાઇને કોમલતર બનાવે, જીવનની મુસીબતો સામે સ્વાશ્રયે ઝૂઝવાથી પ્રાપ્ત થતા ખડતલપણાથી વંચિત રાખે, એવા હતા એમના કૌટુંબિક સંજોગો. જે નબળી અને નાજુક તબિયત અભ્યાસની અને નોકરીની બાબતમાં એમને પ્રતિકૂલ બની, અને પરિણામે એમને વાચન-લેખન તરફ વાળીને સાહિત્યસર્જનના બાબતમાં અનુકૂળ બની, તે જ નાજુક તબિયતે એમને વડીલ ભાઇના તથા ભાભીના લાડકા બનાવ્યા, અને એ સ્નેહલ વડીલોની કાળજીભરી દેખરેખ અને માવજતના લહાવો અપાવીને મહાવૃક્ષની છાયામાં ઊગતા અને વધતા કોમળ રોપ જેવા બનાવ્યા; તોફાની સાગરખેડ ન કરનારા નાજુક કંઠાળ વહાણ જેવા બનાવ્યા.

પોતાનો ઘરસંસાર પોતે ચલાવવાનાં પગરણ તો ધનુભાઇએ કર્યાં હતા. પણ એક પુત્રીને પાછળ મૂકીને પત્નીનું પરલોકગમન થવાથી એ સંસાર સમેટાઈ ગયો. બીજી વારના પત્નીની તો તબિયત જ એવી રહી કે ધનુભાઈથી જુદું ઘર માંડી શકાય જ નહિ. એ પત્ની પણ એક પુત્રીની ભેટ આપીને ગુજરી ગયાં. પોતે અને બે પુત્રીઓ એટલામાં જ સમાઈ ગએલો ધનુભાઇનો સંસાર ભાઈભાભીના સંસાર સાથે જ વણાઈ ગયો અને વણાએલો રહ્યો.

એમને કલાભક્ત તરીકે, વાર્તાકાર તરીકે, નાટ્યલેખક તરીકે, અભિનયકલાના નિષ્ણાત તરીકે આખું ગુજરાત જાણે છે. અંગ્રેજી સાહિત્યનું–વિશેષતઃ ગદ્ય સાહિત્યનું–તેમજ ગુજરાતી સાહિત્યનું, તે પણ વિશેષ ગદ્ય સાહિત્યનું, એમનું વાચન વિશાળ છે અને મનન માર્મિક છે એ પણ ગુજરાત જાણે છે. એઓ ગુજરાતના અનન્યસાધારણ કક્ષાના અને કોટિના હાસ્યરસનિષ્પાદક છે એની પણ ગુજરાતને જાણ છે. પણ મૌલિક આધુનિક ઢબની નવલિકાના સર્જનના ઇતિહાસમાં ધનુભાઈનું સ્થાન ક્યાં છે એ ગુજરાત જાણતું નથી, કારણ કે જાણકારોએ એ જણાવ્યું નથી. ગુજરાત જાણે છે કે ધનુભાઈ વિશિષ્ટ ગુણવત્તાવાળા હાસ્યરસ-નિર્માતા છે, પણ હાસ્યરસના પ્રકારોમાં ધનુભાઇએ ખેડેલા હાસ્યરસપ્રકારનું સ્થાન ક્યાં છે એની ગુજરાતમાં થોડાને સમજ છે; કારણ કે હાસ્યરસના ઉચ્ચાવચ પ્રકારોની તારતમ્ય-પરીક્ષા યોગ્ય રીતે અને પર્યાપ્ત પ્રમાણમાં નથી થઈ.

હમણાં શ્રી ચાંપશીભાઈ ઉદ્દેશીએ અને શ્રી અશોક હર્ષે ગુજરાતને જાણ કરી આપી છે કે ધનસુખલાલ મહેતાનું સ્થાન પાશ્ચાત્ય શૈલીની નવી વાર્તાના ઇતિહાસમાં ક્યાં છે. સ્વ. મલયાનિલની 'ગોવાલણી' વાર્તા સૌ પહેલી આધુનિક ગુજરાતી નવલિકા હોવાનો જે ભ્રમ ફેલાએલો છે તેનો શ્રી ચાંપશી ઉદ્દેશીએ વિરોધ કર્યો છે. 'ગોવાલણી' ૧૯૧૮માં છપાઈ હતી, પણ શ્રી ધનસુખલાલ મહેતાની નવીન ઢબની 'ન્યાય' અને 'પ્રતિબિંબ અને છાયા' એ વાર્તાઓ તે પહેલાંની છે એ માહિતી ભાઇશ્રી અશોક હર્ષે શ્રી ધનસુખલાલની પાસેથી મેળવીને પ્રકટ કરી છે. એમને લખેલા પત્રમાંનું શ્રી ધનસુખલાલનું કથન સ્વ. રણજિતરામને પહેલી આધુનિક મૌલિક ટૂંકી વાર્તાના સર્જકનું સ્થાન અર્પે છે: 'ખરું પૂછાવો તો પાશ્ચાત્ય ઢબે પહેલી સુંદર વાર્તા ૧૯૦૪માં 'હીરા' નામે સ્વ. રણજિતરામે લખેલી.'

પાશ્ચાત્ય આધુનિક નવલિકાપ્રકારનો ગુજરાતમાં પ્રથમ અવતાર કરનારા સ્વ. રણજિતરામ હતા, તો અનેકના પ્રોત્સાહક એ પ્રેરણામૂર્તિએ જેમની સાહિત્યસર્જનની સરણી વહેતી કરી હતી એ શ્રી ધનસુખલાલને એમના નિકટતમ અનુગામી, ને એમણે કરેલા ઉપક્રમના સફલ પુરસ્કારક તથા વિકાસક ગણવા ઘટે.

ગુજરાતની નવી (અર્વાચીન) રંગભૂમિ સમૃદ્ધ થઈ એટલે ધનુભાઇએ નાટ્યલેખન-પ્રવૃત્તિમાં પુનશ્ચ હરિઃ ૐ કર્યું. એ પુનરારંભમાં એમણે કરેલાં રૂપાન્તરોને લોકપ્રિયતા સારી સાંપડી, તે સાથે એમના મિત્રોના ચિત્તમાં એવા ભયનો સંચાર થયો કે નિબંધવાર્તાદિના અનુવાદથી આરંભાએલી ધનુભાઈની સર્જનપ્રવૃત્તિની પૂર્ણાહુતિ પણ આ અનુવાદોથી–રૂપાન્તરોથી થશે. સદ્ભાગ્યે એવું ન બન્યું. એમની છેલ્લામાં છેલ્લી મૌલિક નાટ્યકૃતિ 'ગરીબની ઝૂંપડી' પ્રકટ થઈ ને રાજ્યની પારિતોષિક યોજનામાં એ વર્ષે પ્રથમ પારિતોષિકને પાત્ર ઠરી.

ચિત્રકલાના કાંઈક ઉપાસક અને વિશેષતઃ પરીક્ષક; સંગીતકલાના અલ્પશઃ ઉપાસક ને વિશેષતઃ મર્મજ્ઞ; વાર્તાલેખનની, હાસ્યનિષ્પાદનની અને નાટકલેખનની વાઙ્મય-કલાના સિદ્ધહસ્ત સાધક; અભિનયકલાના અને રંગભૂમિના નિષ્ણાતઃ આવા કલાક્ષેત્રમાં કલાકાર ધનુભાઈ જીવનના પણ કલાકાર છે એ તો જે જાણતા હોય તે જ જાણે.

ધનુભાઈ એટલે રસિક નાગરિક, કુશળ 'કૉન્વર્સેશનાલિસ્ટ' (શ્રોતાને કલાકો સુધી મુગ્ધ રાખી શકે તેવા પ્રવીણ વાતચીત કરનારા), હાસ્યરસિક લેખક, સંગીતજ્ઞ, અભિનેતા આવાં ધનુભાઈના વ્યક્તિત્વનાં પાસાંઓનો પરિચય ૧૯૧૫થી ૧૯૪૦ સુધીમાં ક્રમશઃ મને થયો હતો. એમના અંગત જીવનમાં અને કુટુંબજીવનમાં છુપાઈ રહેલી એમની જીવનકલાનું ને જીવન ફ્લસૂફીનું દર્શન મને ત્યાર પછી થયું.

એમના પિતાને સ્થાને રહેલા ને સમાજના સંસ્કારનેતા તરીકે ઉચ્ચ પ્રતિષ્ઠા પામેલા વડીલ ભાઈ સદ્ગત જયસુખલાલનો સ્વજનો ઉપર અને ધનુભાઈ ઉપર પણ પ્રભાવ ઘણો હતો; પરંતુ એ વિચારક અગ્રણી અગ્રજના આ અનુજ પોતાનું વિચારસ્વાતંત્ર્ય પણ જાળવી શક્યા હતા અને બુદ્ધિના ભેદ છતાં હૃદયનો સંવાદ સાચવી શક્યા હતા; એમાં સદ્ગત જયસુખલાલને જેટલો જશ આપીએ તેટલો જ જશ ધનુભાઇને આપવો પડે.

એ વડીલની છત્રછાયા નીચે રહેલા ધનુભાઇને સંકટનો સીધો સામનો કરવાના પ્રસંગ થોડા આવ્યા હશે; પણ એવો પ્રસંગ આવે ત્યારે કાંઈક ક્ષુબ્ધ ચિત્તે, છતાં સ્વસ્થતાનો પૂર્ણ ત્યાગ કર્યા વિના સંકટને સહન કરવાની, સંકટનો ઉપાય યોજવાની શક્તિ ધનુભાઈ દાખવી શક્યા છે. એ લાગણીને વશ બને છે, પણ વિવશ નથી બનતા; વધારે પડતી જણાતી એમની ક્ષુબ્ધતા અને ચિંતા એમને નિષ્ક્રિય અસહાય નથી બનાવતી; એમને, ભલે બીજા આવશ્યક માને તેથી અધિકતર ને શીઘ્રતર, ઉપાયયોજનામાં પ્રવૃત્ત કરે છે. એમનું હૈયું ઢીલું બને ત્યારે પણ એમની બુદ્ધિ કુંઠિત નથી થતી.

એમની કાયા કૂણી અને કાળજું પણ કૂણું. બંને સતત કાળજી માગે એવાં. એ કાળજી એમનાં મોટાંનાનાં કુટુંબજનો રાખે છે; પણ ધનુભાઈ પણ સ્વજનોને ઝાઝી કાળજી ન રાખવી પડે એની કાળજી રાખે છે. એમની સૂક્ષ્મદર્શિની બુદ્ધિ અનેક વાર અન્યની ઊણપ પારખી કાઢતી હશે; પણ ત્યારે એમની બુદ્ધિની અસહિષ્ણુતાને દબાવી દેતી એમની હૃદયની ઉદારતા એમને સહિષ્ણુતા શીખવે છે. આખી રાત શરીરદુઃખની યાતનાથી અનિદ્રામાં ગાળ્યા પછી પ્રભાતે એઓ પ્રસન્નતા જાળવી શકે છે; આન્તરક્ષોભને અન્તરમાં સમાવીને મુખ પર સ્મિત આણી શકે છે. હૃદય અને બુદ્ધિ વચ્ચે, વેદના ને ભાવના વચ્ચે, સ્વહિત અને પરહિત વચ્ચે આવી સમતુલા જાળવવી એ સ્થિતપ્રજ્ઞતાનું એક તત્ત્વ છે, અને એટલી સ્થિતપ્રજ્ઞતા ધનુભાઈમાં પરખાય છે.

બાહ્ય દેખાવે લહેરીલાલ લાગતા ધનુભાઈ એમની સૌન્દર્યભક્તિમાં અને રસિકતામાં સાત્ત્વિક શુદ્ધિના ને સજ્જનતાના પક્ષપાતી અને પૂજારી છે, એ પણ, એઓ હૃદય-બુદ્ધિ વચ્ચે સમતુલા જાળવી શકે છે એને લીધે.

આ સમતોલપણું જાળવી લેવાની ધનુભાઈની સ્થિતિસ્થાપકતાનો પ્રભાવ એમની સાહિત્યકૃતિઓમાં પણ પારખી શકાય છે. આપણા મધ્યમવર્ગીય સમાજના આ નિપુણ સમીક્ષકે કરેલા એ સમાજના કલામય સંર્જનમાં ઊર્મિલતાનો કે ભાવાવેશનો ઉદ્રેક નથી. મનોવૃત્તિને સંક્ષુબ્ધ કરે એવા પ્રસંગોના નિરૂપણમાં પણ એવો સંક્ષોભ ઉત્કટ રીતે પ્રતિબિંબિત થતો નથી; કાતિલ કટાક્ષની શક્યતા હોય એવી માનુષી નિર્બલતાઓના એમના આલેખનમાં પણ તીક્ષ્ણતા કે કટુતા આવતી નથી; કરુણ પ્રસંગની કરુણતા નિરૂપિત થઈ હોય ત્યારે પણ એ જ પ્રસંગના કોઈ અંશમાં પરખાતી નિર્બળતા કે અસંગતિ પણ સમભાવથી છતાં વિનોદદૃષ્ટિથી એ રજૂ કરે છે; હાસ્યરસની સિદ્ધિ માટે પણ અત્યુક્તિ, વિકૃતિ કે વિડંબનાનો આશ્રય લીધા વિના સમાજ જેવો છે તેનો અને એમાં જે વિલક્ષણતા છે તેનો, ઉપયોગ તેઓ કરે છે; આ પ્રકારની નિરૂપણશૈલી બતાવે છે કે ધનુભાઈ સદ્યોજાત વૃત્તિક્ષોભના નહિ પણ સ્મૃતિએ સંગ્રહેલ ક્ષોભના ચિત્તની શાન્ત દશામાં પણ ટકી રહેતા સ્વસ્થ સંસ્કારોના નિરૂપક છે.

આપણા આ નાટ્યલેખક અને નાટ્યકલાવિશારદ મિત્રને સંસ્કૃત નાટ્યશાસ્ત્રે કલ્પેલા નાયકોના અનેક પ્રકારોમાંથી કયા પ્રકારમાં મૂકી શકીએ? ધીરોદ્ધત તો નહિ જ, કારણ કે પ્રચંડતા, દર્પ, આત્મશ્લાઘાદોષ એ લક્ષણો

શ્રી ધનસુખલાલ મહેતાને ૭૦ વર્ષ પૂરાં થયાની

સપ્તતિ–પ્રસંગે

• પૃથ્વી •

અસંગ રહી તેં ઉમંગભર રંગઅર્ચા કરી;
કરી, નવલિકા રચી, યવનિકા પરી દંભની;
વિનોદ સહ ભાવ સાત્ત્વિક તણી વિભા સંગ્રહી;
ઉરે શમવી અશ્રુ તેં વિમલ હાસ્યલ્હાણી કરી.

ન શૈશવથી સાંપડી તન તણી તને સ્વસ્થતા,
રહી ન મનની ય તે અચલ નિત્ય નિશ્ચિન્તતા;
શરીર મૃદુ; ચિત્ત કમ્પ, વિધિકોપ વાંકો સહ્યો,
છતાં ય તું અમીર ધીર જઇફી સુહાવી રહ્યો.

સુધીર ડગ માંડતો, દગ સુધીરથી પેખતો,
અનાદર ઉવેખતો, સકલ વિઘ્ન ઉલ્લંઘતો:
પલાણ સુખ-સપ્તિ સપ્તતિતમે તું સંવત્સરે,
પ્રયાણ શુભ હો શરદ્-શતની પૂર્તિ પ્રત્યે, સખે.

રામપ્રસાદ પ્રે. બક્ષી

('માનસી' જાન્યુ.–માર્ચ અંકમાંથી સાભાર)

ખૂટતાં જણાય છે; ધીરશાન્ત પણ નહિ, કારણ કે એવી બ્રાહ્મણ જેવી શાન્તિનો યશ ધનુભાઇને ભાગ્યે જ આપી શકાય; ધીરોદાત્ત કહીશું? પણ એમાં મુશ્કેલી એ છે કે ધીરોદાત્ત નાયકના જેવી અને જેટલી ગંભીરતા, મહાસત્ત્વતા, ધનુભાઈમાં પૂરતા પ્રમાણમાં નથી; ધીરલલિત કહેવામાં કાંઈ વાંધો ખરો? એ નાયક કોમળ પ્રકૃતિનો હોય, કલાભક્ત અને કલારસિક હોય, તેથી જ એ 'લલિત' કહેવાય છે; પણ તે સાથે એ નાયક ચિંતામુક્ત હોય છે, ચિંતા કર્યા કરવી એવો એનો સ્વભાવ હોતો નથી—તેથી જ એ 'ધીરલલિત' કહેવાય છે. ધનુભાઈ લલિત ખરા; પણ ધીર પણ ખરા? પ્રસંગનો પ્રથમ આઘાત એમને અધીર બનાવે, પણ એમની બુદ્ધિ એમના હૃદય ઉપર કાબૂ મેળવે એટલે એ ધીરતા પાછી મેળવે, એવી એમની પ્રકૃતિને ધીર પ્રકૃતિ કહી શકાય. તો ધનુભાઇને ધીરલલિત નાયક કહી શકાય. —રામપ્રસાદ પ્રે. બક્ષી

ભારતની સર્વપ્રથમ સ્વયંસંચાલિત દીવાદાંડી

ભારતના પૂર્વ કિનારા પર વિશાખાપટ્ટનમ અને કાકિનાડા વચ્ચે ઈસ્ટ પૉઇંટ તરીકે ઓળખાતા સ્થળે ભારતની સર્વપ્રથમ સમ્પૂર્ણપણે સ્વયંસંચાલિત દીવાદાંડી બાંધવામાં આવશે. ૨૪,૦૦૦ મીણબત્તીઓની શક્તિ ધરાવતા તેના લેન્સનો ઝબકારો ૨૪$\frac{૧}{૪}$ (દરિયાઇ) માઈલ દૂરથી નજરે પડશે. કામગીરી બજાવી રહેલો મુખ્ય દીવો નકામો બની જાય તો તરત જ બીજા વધારાના દીવામાંથી એક ચાલુ થઇ જશે.

આ નવી દીવાદાંડીની કાર્યપદ્ધતિ એવી છે કે સૂર્યાસ્ત પહેલાં એક કલાક બાકી હોય ત્યારે દીવો આપોઆપ સળગી ઊઠે છે તથા લેન્સ ફરતું થઈ જાય છે; અને રાત્રિભર પ્રકાશ રેલાવી સૂર્યોદય પછી બરાબર એક કલાકે દીવો આપમેળે બુઝાઈ જાય છે. દિવસ દરમિયાન બૅટરી આપમેળે પાછી શક્તિ પ્રાપ્ત કરતી રહે છે. બૅટરીને શક્તિ પ્રદાન કરવા માટે બે યંત્રો ગોઠવવામાં આવ્યાં હોઇ વારાફરતી પ્રતિદિન એક યંત્ર કામ કરે છે. અને ભાગ્યવશાત્ આ બંને યંત્રો એકાએક નિષ્ફળ નીવડે તો બૅટરી ૪૫ રાત્રિ સુધી મોરચો સંભાળી રાખી શકે છે.

ભારત સરકારે દેશના કિનારાની નજીક આવેલી સંખ્યાબંધ દીવાદાંડીઓને અદ્યતન બનાવવાની યોજના ઘડી છે. તેમાં બ્રિટનની સ્ટોન–ચાન્સ લિ. નામની ઇજનેરી પેઢી સાધનો પૂરાં પાડનાર છે.

પાણીની વાદળી

પાણી ચૂસવાની વાદળી આમ તો રોવાળી કે છોડવા જેવી લાગે, પણ તે એક દરિયાઈ પ્રાણી છે! સમુદ્રને તળિયે ચોંટીને તે બેસે છે અને તેના છિદ્રાળુ શરીરમાંથી જે પાણી પસાર થાય છે તેમાંની સૂક્ષ્મ જીવસૃષ્ટિને શોષી લે છે. સામાન્ય રીતે વાદળી છીછરા સમુદ્રમાં હોય છે અને મરજીવાઓ ડૂબકી મારીને તેને ઉખેડી આવે છે. વાદળીના હજારો પ્રકારોમાં એક અજબ 'છત્રી-વાદળી' પણ થાય છે: છત્રીના સળિયા અને હાથો જ હોય ને કપડું ન હોય એવા આકારની વાદળી! એ ઊંડા સાગરમાં હોય છે. બીજી વાદળીઓ જ્યારે સમુદ્રને તળિયે ચોંટેલી હોય છે ત્યારે 'છત્રી વાદળી' પાણીમાં તરતી હોય છે!

વાદળી વિચિત્ર પ્રાણી છે. તેના રંગ, આકાર અને કદની વિવિધતા આશ્ચર્ય પમાડે છે. પોતાના છિદ્રલ શરીરમાં પાણી ચૂસવાની અને તેમાંથી ખોરાક કાઢી લઇને પાછું હાંકી કાઢવાની તેની શક્તિ આશ્ચર્યજનક છે. એ રીતે તે પાણીમાં પ્રવાહ ઉત્પન્ન કરી શકે છે. તેને ફેફસાં તો નથી પરંતુ માછલાં જેવી ચૂઈ પણ નથી! તેના શરીરની ધાતુઓ પાણીમાંથી પ્રાણવાયુને સીધી રીતે મેળવી લે છે.

સમુદ્રમાંથી વાદળીને કાઢો ત્યારે તેનું શરીર ચીકણું હોય છે. ગંધ પણ મારે છે, અને કેટલીક વાદળીની ચીકાશ તો દાહક પણ હોય છે, તેથી ખજવાળ આવે છે. કેટલીક વાદળીઓ શંખ, છીપ વગેરેમાં છિદ્રો પાડીને તેને વળગી રહે છે. કોઈ જાતના અમ્લ (ઍસિડ) રસાયણ વડે તેઓ આવાં કડણ શંખ અને છીપમાં છિદ્ર પાડતી હશે.

વાદળી રાક્ષસી માયા છે. તેમાંથી એક નાનો ટુકડો કાપી લો તો પણ એ ટુકડામાંથી વધીને આખી વાદળી બની જશે! જોકે આ ખાસ અજાયબી નથી. બીજા પણ કેટલાક દરિયાઈ જીવો (દા.ત. તારામાછલી) આવી શક્તિ ધરાવે છે. અજાયબી તો એ છે કે તમે વાદળીનો માવો કરીને રેશમી કપડા વડે ગાળી નાખો, તો જે કોશો ચળાઇને બહાર આવશે તે પણ પાછા ભેગા મળીને વાદળી બની જશે! રાજા જરાસંધનાં તો બે ફાડિયાં સંધાઈ જતાં, પણ વાદળીના તો ઝીણામાં ઝીણા કણ પણ ભેગા થઇને વાદળી જીવતી થઈ જાય છે!

વાદળી વિષે એક રસિક પ્રશ્ન છે. વાદળી એક વ્યક્તિ છે કે વ્યક્તિઓનો સમૂહ? આપણું શરીર લો: માથાથી પગ સુધી તે એક શરીર અને એક જીવ છે. દરેક ભાગને એવું અંગ છે જે બીજાને નથી. દા.ત. માથાને મગજ છે, હૃદય નથી; ધડને બીજાં અંગો છે, મગજ નથી; પગને ગતિ કરનાર સ્નાયુઓ છે, ફેફસાં નથી; પેટને જઠર છે, મગજ નથી; અને તેથી કોઇ અંગ અલગ બની જીવી શકે નહિ. પણ વાદળીના શરીરના એક ભાગને જે છે તે બીજા દરેક ભાગને પણ છે અને દરેક ભાગ બીજા દરેક ભાગથી અલગ પડી સ્વતંત્ર રીતે જીવી શકે છે. આથી પ્રશ્ન થાય છે કે એક વાદળી એક વ્યક્તિ છે કે વ્યક્તિઓનો સમૂહ? વિજ્ઞાનશાસ્ત્રીઓ એમ માનવા પ્રેરાયા છે કે વ્યક્તિની સીમાઓ અસ્પષ્ટ હોવા છતાં દરેક વાદળી એક વ્યક્તિ છે. છૂટો પડેલો કટકો કટકા રૂપે નથી રહેતો, પણ વધીને તે એક મોટી વાદળી બની જાય છે.

જગતમાં અઢી હજાર જાતની વાદળીઓ મળી છે! કેટલીક મીઠા પાણીનાં સરોવરોમાં અને નદીઓમાં પણ છે. દુનિયાના બધા સમુદ્રોમાં બધી ઊંડાઇએ વાદળી છે, પણ મોટા ભાગની વાદળીઓ કાંઠા પાસેના છીછરા પાણીમાં ખડકોવાળા તળિયે હોય છે. (પ્રવાસી)

શરદ ઋતુ અને સ્વાસ્થ્ય

શરદ ઋતુને રોગોની માતા કહેવામાં આવી છે (रोगाणाम् शारदी माता). जीवेम शरदः शतम् એ પ્રાર્થનામાં પણ શરદ ઋતુ ઉપર ભાર છે, કારણ કે બીજી ઋતુને મુકાબલે શરદ ઋતુને સ્વસ્થ રહીને પસાર કરવી એ અઘરું છે. શરદ પિત્તપ્રકોપની ઋતુ છે. ચોમાસાની ઠંડી મનુષ્યોને સદી જવા આવી હોય છે ત્યાં શરદમાં અચાનક સૂર્યનો તીવ્ર તાપ શરૂ થાય છે. વર્ષા ઋતુ દરમ્યાન સંચિત થએલું પિત્ત સૂર્યના તાપથી ઓગળીને સ્થાનભ્રષ્ટ થાય છે. પરિણામે તાવ, ઝાડા, ઊલટી અને મલેરિયા જેવા ઉપદ્રવ શરૂ થાય છે. શરદ ઋતુમાં રોગના ભોગ ન બનાય અને શરીરનું સ્વાસ્થ્ય સચવાઈ રહે એ માટે આયુર્વેદોક્ત ઋતુચર્યાનું પાલન કરવું જોઇએ.

વધી ગએલા પિત્તને બહાર કાઢી નાખવા માટે વિરેચનક્રિયા શ્રેષ્ઠ છે. એટલે આ ઋતુમાં હરડેનો એક રેગ લઈ લેવો જોઇએ, જેથી સંચિત થએલું પિત્ત નીકળી જાય. હરડે તીવ્ર રેચક નથી એટલે પોતપોતાના કોઠા પ્રમાણે ઓછુંવધતું પ્રમાણ રાખવું.

શરદ ઋતુમાં પણ મંદાગ્નિ ચાલુ હોય છે. એથી અલ્પ અને લઘુ ભોજનનો આગ્રહ રાખવો.

ખીર

આ ઋતુમાં આવતા શ્રાદ્ધપક્ષ નિમિત્તે આપણે દૂધ, ભાત અને સાકરની ખીરનો ઉપયોગ કરીએ છીએ એ પ્રશસ્ત છે. આ ઋતુમાં દૂધની બનાવટોનો ઉપયોગ કરવાની આયુર્વેદમાં આજ્ઞા છે, કારણ કે દૂધ પિત્તશામક છે. પણ અહીં એ યાદ રાખવું જોઇએ કે દૂધપાક ભારે હોઇ દરેક જણે એનો નિયમિત ઉપયોગ કરવો હિતકર નથી. જ્યારે ક્ષીર (ખીર) લઘુ અને સુપાચ્ય હોઈ રોજ દરેક જણ એનો ઉપયોગ કરી શકે.

શરદપૂર્ણિમાની રાત્રિએ દૂધપૌંઆ ખાવાનો રિવાજ પણ શાસ્ત્રીય છે. શર્કરામિશ્રિત દૂધ અને એવી જ ઉજ્જ્વલ ચાંદની, બંને પિત્તનું શમન કરનારાં છે.

ઘી અને કારેલાં

કડવાં ઔષધોથી સિદ્ધ કરેલા ઘીનું સેવન કરવાની આચાર્યોની આજ્ઞા છે. કડવો રસ પિત્તનું શમન કરનાર છે. કારેલાં પિત્તશામક હોઈ તેલને બદલે ઘીમાં એનું શાક બનાવીને ખાવું જોઇએ. તેલ ઉષ્ણ હોઈ પિત્તની વૃદ્ધિ કરનારું છે, તેથી શરદમાં એનો ઉપયોગ વર્જ્ય છે. પણ શુદ્ધ ઘી મળવું મુશ્કેલ છે એ પરિસ્થિતિમા તલના તેલનો ઉપયોગ કરી શકાય. ચરકાચાર્યે ઘીને 'સહસ્રવીર્ય' કહ્યું છે. સ્નેહોત્તમ ઘીને મેળવવા માટે અને વેજિટેબલ ઘીનું નિકંદન કાઢવા માટે પ્રજાએ જેહાદ ઉપાડવી જોઇએ.

કેળાં

કેળાં પણ આ ઋતુનું એક ઉપયોગી ખાદ્ય છે. કેળાં પૌષ્ટિક તથા મધુર છે, અને જઠરાગ્નિના સંયોગમાં આવ્યા પછી પણ મધુર રહે છે. આયુર્વેદની પરિભાષામાં કહીએ તો કેળાંનો વિપાક મધુર છે. તેથી આમાશયમાં વધી ગએલી પિત્તજન્ય ખટાશ ઓછી થાય છે. આધુનિક પરિભાષામાં કહીએ તો કેળાં અમ્લપ્રતિયોગી છે. રોજ સવારે નાસ્તામાં એકાદ કેળું લેવું. જોકે કેળાં પચવામાં ભારે છે એટલે પોતાના જઠરાગ્નિનો ખયાલ રાખી લેવાં.

નિષેધ

આ ઋતુમાં લવણ રસનું સેવન ઓછું કરવું, કારણ કે લવણ રસ અગ્ન્યાત્મક હોઈ પિત્તની વૃદ્ધિ કરે છે. તીખા પદાર્થોનું પણ અતિશય સેવન ન કરવું. દહીં ઉષ્ણ હોઇ એનું સેવન પણ નિષિદ્ધ છે. નીચે આપેલા પંડિત વરરુચિના શ્લોકમાં પિત્તનો પ્રકોપ કરનાર બધાં કારણો આપ્યાં છે:

कट्वम्लमद्यलवणोष्णविदाहितीक्ष्ण-
क्रोधातपानलभयश्रमशुष्कशाकैः ।
क्षाराद्यजीर्ण विषमाशनभोजनैश्च
पित्तं प्रकोपमुपयाति घनात्यये च ॥

તીખું, ખાટું, મદ્ય, ખારું, ઉષ્ણ, વિદાહી અને તીક્ષ્ણ ખાવાપીવાથી; ક્રોધ કરવાથી, તડકાથી, અગ્નિથી, ભયથી, શ્રમ કરવાથી, શાકની સુકવણી ખાવાથી; ક્ષારનું સેવન કરવાથી, અજીર્ણ ઉપર ભોજન કરવાથી, ભોજનના સમયમાં તેમજ ભોજનના પ્રમાણમાં વિષમતા આવવાથી, શરદઋતુમાં પિત્તનો પ્રકોપ થાય છે.

મૂત્ર ઉષ્ણ છે અને પિત્તની વૃદ્ધિ કરનાર છે, એટલે શરદ ઋતુમાં એનું સેવન નુકસાનકારક છે. વળી પિત્તની વૃદ્ધિથી થનારા રોગોમાં મૂત્ર લાભને બદલે નુકસાન જ કરે. માટે મૂત્રચિકિત્સાના પ્રયોગો કરનારે આ બાબતોનો વિચાર કરવો જોઇએ.

લાભશંકર ઠાકર

ઉપવાસ દ્વારા લાંબું જીવન

એક સોવિયેત પ્રોફેસર ઉંદરોનું આયુષ્ય બમણું કરીને દીર્ઘાયુના પ્રશ્નનો અભ્યાસ કરી રહ્યા છે. ઉંદરોને તેમણે ૧૦૦ દિવસમાં ૯૫ દિવસ સુધી સ્વાદિષ્ટ પરંતુ આવશ્યક કૅલરી કરતાં ઓછી કૅલરીવાળો ખોરાક અને બાકીના પાંચ દિવસ તેમને જરૂર કરતાં વધુ ખોરાક આપીને તેમના શરીરમાંથી મૃત પેશીઓ દૂર કરી હતી, અને વધુ ખોરાકના પાંચ દિવસમાં એની જગ્યાએ નવી પેશીઓ આવતી હતી.

માણસ માટે તેઓ મહિનામાં એક ઉપવાસ કરવાનું સૂચવે છે. ઉપવાસ દરમ્યાન માત્ર ફળ લઈ શકાય. શરીરની જીવનક્રિયાને ઉત્તેજતાં ઔષધો પણ લેવાય. મૃત કોષોને દૂર કરવા સ્નાયુઓને કસરત આપવી જરૂરી છે. આ પ્રમાણે લાંબું જિવાય એ સ્વાભાવિક છે.

ઘાસતેલની આગ ઘાસતેલથી હોલવાય

સળગી ઊઠતા તમામ પ્રવાહી અમુક ઉષ્ણતામાને જ બળવા માંડે છે. કૅરોસીન ૩૦ અંશ સેન્ટિગ્રેડે સળગી ઊઠે છે. પરંતુ આ દહનક્રિયામાં ફક્ત ઉપરનો ખૂબ પાતળો થર ગરમ થાય છે, જ્યારે મોટા ભાગનું કૅરોસીન સામાન્ય ઉષ્ણતામાને રહે છે.

આ ઉપરથી મૉસ્કોના વૈજ્ઞાનિકોને કૅરોસીનની ટાંકીઓમાં લાગતી આગ હોલવવાનો એક વિચાર સૂઝ્યો. જો કૅરોસીનને ઉપર-નીચે કરવામાં આવે તો ઉપરના થરનું ઉષ્ણતામાન ઘટી જાય અને આગ હોલવાઈ જાય. દબાણવાળી હવા કૅરોસીનની અંદર છોડવાથી કૅરોસીનનો જથ્થો ખળભળી ઊઠે છે અને તેથી ૫ થી ૧૦ મિનિટમાં ગમે તેવી મોટી આગ હોલવાઈ જાય છે!

કંકાવટી

સ્ત્રી-ઉપયોગી સાહિત્યનો નવો વિભાગ

ગણિતશાસ્ત્રી લીલાવતી

જ્યારે હિંદમાં સંસ્કૃતિનો વિસ્તાર ખૂબ વધેલો હતો અને શાસ્ત્રોની શોધો ચાલુ હતી ત્યારે દક્ષિણ હિંદમાં ભાસ્કરાચાર્ય નામના જ્યોતિષશાસ્ત્રના એક મહાન પંડિત થઇ ગયા. એમનું જ્યોતિષ એટલી હદે પહોંચેલું કે જન્મકાળ પહેલાંથી જન્મનારનું ભાવિ તે જાણી શકતા; ને એમનો જોષ મિથ્યા ગયો એવું તો કદી કોઇએ જાણ્યું નહોતું.

ભાસ્કરાચાર્યનાં પત્નીને જ્યારે પ્રસવકાળ પાસે આવ્યો ત્યારે પોતાની રીતિમુજબ ભાસ્કરાચાર્ય તેનું ભાવિ જાણી શકે તેમ હતું. પણ પોતાના જ ફરજંદનું ભાવિ જાણવાથી ચિંતા વધે તે હેતુથી તેમણે એનો વિચાર જ ન કર્યો. પણ માતાથી રહેવાયું નહિ. પુત્રીના જન્મ પછી એક ઘડી વીતતાં જ તેણે પતિને આગ્રહપૂર્વક જોષ જોવા વીનવ્યા. ભાસ્કરાચાર્યે જોષ જોઇ આંખો મીંચી દીધી. 'પુત્રી લીલાવતી પરણીને તરત વિધવા થશે.' એટલું જ બોલી એમણે સમાધિ ચડાવી.

વર્ષો વીત્યાં. લીલાવતીના લગ્નનો વખત પાસે આવ્યો. સારામાં સારું સૌભાગ્યમુહૂર્ત જોઇ તે પ્રમાણે ઘટિકાયંત્ર ગોઠવી ભાસ્કરાચાર્ય કન્યાદાન દેવા બેઠા. જ્યોતિષમાર્તંડ ભાસ્કરાચાર્યે કહ્યું કે 'આ ચોઘડિયાંમાં જો કન્યા પરણશે તો સૌભાગ્યવતી રહેશે. વિધિના લેખ પણ મિથ્યા થશે.'

કન્યા લીલાવતી કુતૂહલથી ઘટિકાયંત્ર જોવા ગઇ. યંત્ર જોતાં તેના નાકમાંની મોતીની વાળીમાં એનું વસ્ત્ર ભરાયું ને વાળી તૂટી. એક ઝીણું મોતી પાણીમાં પડીને ઘટિકાયંત્રની વાટકીના વીંધમાં ભરાઈ ગયું. વાટકીમાં પાણી ચડવાની ગતિ ધીમી થઈ ને ભાસ્કરાચાર્યે શોધેલી મુહૂર્ત ઘડીમાં ૫૩ વિપળનો ફેર પડ્યો.

કન્યાદાન દેવાયું. ભાસ્કરાચાર્ય હર્ષ પામતા હતા કે વિધિના લેખ ભાસ્કરાચાર્યે અવગણ્યા. કન્યા પરણીને સાસરે પણ ગઈ. પણ વિધિના લેખ કંઇ મિથ્યા થાય? સાસરવાટના માર્ગમાં જ પતિને સર્પદંશ થયો અને તત્કાળ તેનું મૃત્યુ થયું. લીલાવતી વિધવા થઈ.

ભાસ્કરાચાર્યનો ગર્વ ઊતર્યો. પણ લીલાવતીનો શોક હૈયાફાટ હતો. ભાસ્કરાચાર્યને લાગ્યું કે આ કન્યાનો શોક જો ઓછો નહિ થાય તો એ પ્રાણત્યાગ કરશે. તેથી તેમણે રડતી લીલાવતી પાસે જઈ એક શ્લોક કહ્યો. તેમાં એવું પૂછેલું કે 'તારા જન્મ વખતે મંગળ જે નક્ષત્રમાં હતો તેનાથી આજે ૧૬ નક્ષત્ર દૂર છે, દરમ્યાનમાં તેણે બે પ્રદક્ષિણા પૂરી કરી છે. તો મંગળની ગતિ કેટલી?'

લીલાવતીને આવા દાખલાઓમાં રસ પડવા માંડેલો જોઈ ભાસ્કરાચાર્યે એનું વૈધવ્ય ભુલાવવા ઊંચામાં ઊંચું ગણિતશાસ્ત્ર શીખી તેમાં પારંગત થવાનું પ્રોત્સાહન આપ્યા કર્યું. અને માત્ર થોડાં જ વર્ષની એકધારી મહેનતને પરિણામે લીલાવતી ગણિતપારંગત ગણાઈ, એટલું જ નહિ પરંતુ એણે 'લીલાવતી' નામનો ગણિતશાસ્ત્રનો પહેલો આધારભૂત ગ્રંથ લખ્યો.

'લીલાવતી'ના ગણિતશાસ્ત્રનાં વિધાનો આજે પણ ઉત્તમ ગણાય છે; અને એમ કહેવાય છે કે ત્યારપછી ગણિતનાં મૂળભૂત વિધાનોમાં કશી વિશેષ પ્રગતિ થઈ શકી નથી. 'લીલાવતી' ગ્રંથની ઉપયોગિતા એટલી બધી અંકાઈ છે કે જર્મનીમાં અભ્યાસ કરતા એક પ્રખર ગણિતશાસ્ત્રીએ એ સંસ્કૃત ગ્રંથની એક જ જૂની હસ્તલિખિત નકલના રૂપિયા બે લાખ આપવાનું થોડાં વર્ષ પહેલાં જાહેર કર્યું હતું.

ભારતવર્ષમાં આવી વિભૂતિઓ થઈ ગયાનો આપણી અત્યારની બહેનોને બહુ ઓછો ખ્યાલ છે. લીલાવતી જેવી મહાન ગણિતશાસ્ત્રી બહેન આપણા જ દેશમાં થોડા સૈકાઓ પહેલાં હતી એ વિચારમાત્ર બહેનોને મગરૂર બનાવવા પૂરતો છે. (જ્યોતિ સંઘ)

નાનોશો સ્પર્શ

ઘરને સુંદર બનાવવામાં કંઈ મોટી વસ્તુઓની જરૂર નથી પડતી. એક નાનોશો સ્પર્શ, જરાશી કલ્પના, ન દેખાય એવી રીતે મૂકેલી ધૂપદાનીમાંથી આવતી અગરબત્તીની સુવાસ, સહેજ ગોઠવીને મૂકેલાં અખબાર-સામયિકો, આઠ આનાના 'વૉલ-બ્રૅકેટ'માં પાંદડાંનાં ઝૂમખાં સાથે મધુમાલતી, ગુલમહોર કે જાસુદનાં ફૂલો, ખુલ્લી બાસ્કેટમાં થોડોક મેળ જાળવીને ગોઠવેલાં શાકભાજી, આડીઅવળી બરણીઓને બદલે ઊંચાઈના પ્રમાણમાં ગોઠવેલી બરણીઓ, રસોડામાંના પરચૂરણ વસ્તુઓ મૂકવા માટેના સ્ટૅન્ડને ઢાંકવા સારુ ફાટેલી સાડીમાંથી અરધા કલાકની મહેનતથી બનાવેલા ઝૂલવાળા પડદા, નોકરને આપી રાખેલી એક-બે સૂચનાઓ, ચહેરા પરનું સ્મિત, કર્કશતા વિનાની વાતો–આટલું યે ઘણું છે. બીજું પણ છે; પણ શરૂઆત આટલી ઓછી વસ્તુથી થઈ શકે છે. કોશિશ તો કરી જોજો.

> સુંદર સ્ત્રી કરતાં સુંદર સ્વભાવની સ્ત્રી વધુ સુંદર છે.



સ્ત્રીમાત્રના સૌંદર્યમાં વાળ ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે. સ્ત્રીના વ્યક્તિત્વની ખરી તેજસ્વિતા તેની આંખો અને વાળમાં રહેલી છે. દરેક સ્ત્રી પોતપોતાની આગવી રીતે વાળનું જે પ્રકારે જતન રાખે તે મુજબ તેનું સૌંદર્ય પ્રકટે છે; ને તેમાં પણ પોતાના વ્યવસાય મુજબ (ગૃહિણી, ઑફિસ-કારકુન, જાહેર કાર્યકર, સમાજસેવિકા કે વિદ્યાર્થિની, જે હોય તે પ્રમાણે) પોતાનું વ્યક્તિત્વ તે યોજી શકે. વળી તેમાં પોતાની રહેણીકરણી, દિવસના જુદાજુદા સમયે તથા પોતાના વાળની લંબાઇ તથા જાડાઈ પ્રમાણે પણ રચના કરી શકાય. (સનડે સ્ટાન્ડર્ડ)

દક્ષિણી મસાલો

(૧) કાચો મસાલો: દાલચીની ૦। શેર, કાળાં મરી ૦)= (નવટાંક), શાહજીરું ૦)=, મોટી એલચી ૦)=, જીરું ૦)=, લવિંગ ૦)=, ચિરકુલ ૦)–, (અધોળ), બાદલ ૦)–, જાવંત્રી ૦)–, સૂંઠ બે તોલા, વરિયાળી બે તોલા, જાયફળ નંગ ૪, તમાલપત્ર ૦)–.

(૨) શેકેલો મસાલો: લાલ મરચાં ૦। શેર, ધાણા ૦। શેર, ખસખસ ૦। શેર, દાલચીની ૦)=, મરી ૦)–, લવિંગ ૦)–, શાહજીરું ૦)–, એલચી ૦)–, ચિરકુલ એક તોલો, બાદલ એક તોલો, તમાલપત્ર બે તોલા, વરિયાળી બે તોલા, સૂંઠ એક તોલો, જાવંત્રી એક તોલો, જીરું ૦)–.

કાચો મસાલો સાફ કરીને ખાંડીને બરણીમાં ભરી લેવો. શેકેલો મસાલો બનાવતી વખતે શાહજીરું તથા જીરુંને શેકવાં નહિ. તે બંનેને બાજુ ઉપર રાખી બીજો મસાલો મંદ દેવતા ઉપર જરીક ધીમો સાંતળવો. પછી તેમાં શાહજીરું તથા જીરું ભેળી બધું ખાંડી નાખવું. પેચવાળી બરણીમાં આ મશાલા ભરવા જેથી વાસ ઊડી ન જાય. —સૌ. પ્રભાવતી નિખળ

એક, બે, ત્રણ, ચાર...

સિંધવ ૧) તોલો, પીપળીમૂળ ૨) તોલા, પીપર ૩) તોલા, ચવક ૪) તોલા, ચિત્રકમૂળ ૫) તોલા, સૂંઠ ૬) તોલા, અને હીમેજ ૭) તોલા. આ સઘળાંને ખાંડી ચૂર્ણ કરીને ડબ્બો ભરી રાખો. દિવસમાં બેથી ત્રણ વખત બે આનીથી પાવલીભાર તાજી છાશ કે લીંબુ નીચોવેલા પાણી સાથે આપો. પેટની ચૂંક, દુઃખાવો, ભૂખ ન લાગવી, ખાધા પછી ગોળા ચડવા, પેટ ઢમઢોલ થઈ જવું, કબજીઆત વગેરે મટી ભૂખ લાગી દસ્ત સાફ લાવે છે.

અજમાવી જોજો


શાકમાં મીઠું વધારે પડી ગયું હોય તો ઘઉંના લોટની નાની ઢાકળી બનાવી તેમાં નાખી દેવી. તેથી ખારાશ ઓછી થઇ જશે.

સરસવના તેલ અને નમકથી દાંત સાફ કરવાથી દાંત નીરોગી રહે છે.

ઘરની ફરશ ઉપર શાહી ઢોળાઇ ગઈ હોય તો તરત જ ચૂનો ચોપડી દેવો. સુકાઈ જાય પછી ઉખાડી નાખવું.

બટાટા બાફેલું પાણી ફેંકી ન દેતા. તેનાથી રેશમી કપડાં સારાં સાફ થશે.

(ગુ. સ.) —અનીસ ફાતમા સિદ્દિકી



ભરતકામના ટાંકા: ભરતકામની ખરી ખૂબી તેનાં માધ્યમો અને રંગરચના જેટલી જ તેના ટાંકા પર પણ અવલંબે છે. અહીં એવા ૨૦ જાતના પ્રાથમિક ટાંકા દર્શાવ્યા છે, અને એની રીત પરથી તે જે નામે ઓળખાય છે તે દરેકની નીચે આપ્યા છે. ટાંકો લેવાની સમજણ તો એના રેખાંકન ઉપરથી સ્પષ્ટ સમજાશે. ભરતનો પ્રત્યેક ભાગ તેના પ્રકાર પરત્વે તેને અનુરૂપ ટાંકા વડે ભરાતાં તેની શોભા ઓર ખીલે છે.

આ માસ(સપ્ટેમ્બર)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : રૉબર્ટ ક્લાઇવ

ફક્ત દસ વર્ષના ટૂંકા ગાળામાં પોતાના સાહસ, હિંમત, ધૈર્ય, હાજરજવાબી, સમયસૂચકતા, દૂરંદેશી



વગેરે ગુણો વડે હિંદમાં બ્રિટિશ સામ્રાજ્ય સ્થાપી તેને સ્થિર કરનાર લૉર્ડ ક્લાઈવ આજે તો હિંદી ઇતિહાસમાં દંતકથાના પાત્ર જેટલો સુવિખ્યાત છે. જો કે તેની જીવનકારકિર્દી કાવાદાવા ને દગાખોરીથી સૌથી વધુ સભર છે; છતાં એક મહત્ત્વાકાંક્ષી સામ્રાજ્યસ્થાપક તરીકેનું તેનું કાર્ય હિંદી ઇતિહાસના જિજ્ઞાસુ માટે ખાસ અભ્યાસયોગ્ય છે.

તેનો જન્મ ઈ. ૧૭૨૫ની ૨૯મી સપ્ટેમ્બરે માર્કેટ ડ્રેઈટનના શ્રૉપશાયર ટાઉનમાં થયો હતો. નાનપણથી તે ભારે આળવીતરો ને તોફાની હતો. આથી વાજ આવીને પિતાએ તેને ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મદ્રાસ ખાતેની ઑફિસમાં કારકુન તરીકે અઢાર વર્ષની વયે દાખલ કરાવ્યો. એ ઘરેડિયા કામથી કંટાળીને ક્લાઇવે આપઘાત કરવાના બબ્બે નિષ્ફળ પ્રયાસો કરેલા. કંપનીના અધિકારીઓને ક્લાઇવે એક વાર નવી જ યુક્તિ બતાવી: કર્ણાટકની ગાદીના ઉમેદવાર અને પોતાના મળતિયા મહંમદઅલીને ચાંદાસાહેબ ને ફ્રેંચો ત્રિચિનોપલ્લી ખાતે ઘેરવામાં રોકાએલા હોઈ, તે દરમ્યાન કર્ણાટકનું અરક્ષિત પડેલું પાટનગર આર્કોટ કબજે કરી લેવું. એ કામ ક્લાઈવને જ સોંપાયું, ને આંખના પલકારામાં આર્કોટ કબજે કરીને તથા ચાંદાસાહેબ ને ફ્રેન્ચોને હરાવીને એણે તે સિદ્ધ કરી આપ્યું, ૧૭૫૧ ક્લાઇવ હવે કારકુન મટી સેનાપતિ બન્યો.

અઢળક ધન લઈ તે ૧૭૫૩માં ઈંગ્લંડ ગયો, ત્યાંથી ૧૭૫૫માં ફૉર્ટ સેન્ટ ડેવિડના ગવર્નર તરીકે હિંદ પાછો ફર્યો. ૧૭૫૭ની ૧૩મી જૂને કલકત્તા લેવા મહત્ત્વાકાંક્ષી ક્લાઈવ હુગલી પર ધસ્યો. બંગાળના નવાબ સિરાજુદ્દૌલાના વિરાટ લશ્કર છતાં અંગ્રેજોની મેલી રમત અંતે ફાવી, ૨૩મી જૂને બંગાળનો દગાબાજ સેનાપતિ મીરજાફર ક્લાઈવને મળી ગયો. નવાબ સિરાજુદ્દૌલા હારી જતાં પ્લાસીના આ યુદ્ધે હિંદમાં અંગ્રેજી અમલની છેવટની મેખ મારી. ક્લાઈવે મીરજાફરને બંગાળની ગાદી પર બેસાડી તેની પાસેથી અઢી કરોડ ને ૮૦ હજાર રૂપિયા લીધા. મીરજાફરને ફોડવાનું કામ કરનારા અમીચંદને તેના કામ માટે દસ્તાવેજમાં લખી આપેલી લાખોની રકમ, તેને કરી આપેલો દસ્તાવેજ જ ખોટો છે કહીને, ક્લાઇવે આપી ન હતી. મીરજાફર ખાલીખમ થતાં ક્લાઇવે હવે મીરકાસિમને બંગાળના ગાદીએ બેસાડચો.

૧૭૬૦માં તે ઇંગ્લંડ ગયો. ઈંગ્લંડમાં તે શ્ર્યૂસબરી તરફથી પાર્લમેન્ટનો સભ્ય બન્યો, તેને ૧૭૬૨માં 'આઇરિશ ઉમરાવ'નો અને ૧૭૬૪માં 'નાઇટ'નો ઇલકાબ મળ્યો. ૧૭૬૫માં તે બંગાળના ગવર્નર તરીકે ફરી હિંદ આવ્યો. હિંદ આવી તેણે મુઘલ બાદશાહ શાહઆલમ પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં મહેસૂલ ઉઘરાવવાના હક મેળવ્યા. એ પ્રાંતોની આવક અંગ્રેજોને જતી, કંપની બાદશાહ-નવાબને વર્ષાસન આપતી; ન્યાયનું અને લોકહિતનું કામ 'પૂતળાં' જેવા નવાબ ને બાદશાહ કરતા. આ 'દ્વિમુખી કાર્યપદ્ધતિ' વડે તે તે પ્રાંતોના ખરા વહીવટદાર અંગ્રેજો બન્યા. કંપનીના પૈસા વેડફી નાખ્યાનું તહોમત મૂકીને ૧૭૬૭માં તેને ઇંગ્લંડ બોલાવી લેવાયો અને અદાલતમાં તેના પર કામ ચાલ્યું; અંતે 'તેણે ઇંગ્લંડને મહાન અને ગુણવાન સેવાઓ આપી છે' એવા ઠરાવ સાથે નિર્દોષ જાહેર કરાયો.

ભીષણ માનસદુઃખને લીધે ક્લાઈવ અફીણનું ભારે સેવન કરતો. ૧૭૭૪ની ૨૨મી નવેમ્બરે તેણે ગળુ કાપીને આત્મહત્યા કરી.


દિનવિશેષ

તા. ૪ જગત-ઇતિહાસમાં અપૂર્વ અસહકાર-લડતનો ઠરાવ કૉંગ્રેસમાં પસાર થયો, ૧૯૨૦.
તા. ૬ 'મે ફ્લાવર' જહાજમાં 'પિલ્ગ્રિમ ફાધર્સ' ઇંગ્લંડથી અમેરિકા જવા ઊપડચા, ૧૬૨૦.
તા. ૯ હિંદી વિપ્લવવાદી યતીન્દ્ર મુખરજીને કટકની ઇસ્પિતાલ ખાતે ફાંસી અપાઇ, ૧૯૧૫.
તા. ૧૪ ચેકોસ્લોવાકિયાના તારણહાર અને પહેલા પ્રમુખ મસારિકનું અવસાન, ૧૯૩૭.
તા. ૧૮ ઠેરઠેર ફાટી નીકળેલા કોમી દાવાનળ સામે ગાંધીજીના પ્રથમ ૨૧ ઉપવાસ, ૧૯૨૪.
તા. ૨૧ જગનામી અંગ્રેજ ઇતિહાસકાર અને સાહિત્યકાર એચ. જી. વેલ્સનો જન્મ, ૧૮૬૬.
તા. ૨૩ હરવિલાસ સારડાનું બાળલગ્નનો નિષેધ કરતું બિલ વડી ધારાસભામાં પસાર થયું, ૧૯૨૯.
તા. ૨૮ મુઘલ સલ્તનતનો છેલ્લો બાદશાહ બહાદુરશાહ દિલ્હીની ગાદીએ આવ્યો, ૧૮૩૭.
તા. ૩૦ બિયાસ, સતલજ ને રાવીનાં પૂર ૧ લાખ ચોરસમાઈલના વિસ્તાર પર ફરીવળ્યાં, ૧૯૪૭.

પ્રસંગવિશેષ : અંગ્રેજોએ ક્વિબેક કબજે કર્યું, તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૭૫૯

કૅનેડાના ક્વિબેક પ્રાંતની રાજધાનીનું નાનકડું શહેર ક્વિબેક જગત ઇતિહાસમાં બે મહત્ત્વના પ્રસંગોથી અંકિત છે. એક તો કૅનેડા શોધનાર ફ્રેન્ચ નૌકાસફરી જેક્સ કાર્તિયર પહેલવહેલો ત્યાં ઊતર્યો, ને કૅનેડાનું સૌપહેલું ગોરું (ફ્રેન્ચ) સંસ્થાન શૅમ્પ્લેઇને ત્યાં વસાવ્યું; અને બીજું પાણીને કિનારે ઊભેલી સીધા ચઢાણવાળી ઊંચી ટેકરી પર આવેલી કુદરતી રક્ષણવાળી તેની મજબૂત કિલ્લેબંદીમાં ગાબડું પાડીને જનરલ વુલ્ફે અંગ્રેજોને માટે કરેલો તેનો વિજય. તેંત્રીસ વર્ષના એ નવજવાન બ્રિટિશ જનરલે માત્ર ૮૦૦૦ સૈનિકોની મદદથી બુદ્ધિ અને બાહુબળથી કરેલી ક્વિબેકની કબજાગીરી જગતના લશ્કરી ઇતિહાસનું એક મહાકાવ્ય ગણાય છે. બ્રિટિશોની કૅનેડાની જીતના પ્રતીક રૂપ (૧૭૭૬–૧૮૪૧ સુધી તે કૅનેડાનું પાટનગર રહેલું), કૅનેડાનું સૌથી જૂનું, ઐતિહાસિક મહત્ત્વનું અને રૂપસુંદર આ શહેર હાલ તો જગતમાં કાગળના સૌથી અદ્યતન કારખાનાં ધરાવનાર, અને સાંચાકામ, ચામડાં, કટલરી, બારૂદ, દોરડાં, પોલાદ ને વાજિંત્રોના એવા અન્ય ધીકતા ઉદ્યોગોના કેન્દ્ર તેમજ રમ્ય પ્રવાસભૂમિ તરીકે પંકાય છે.

ઈ. ૧૫૩૫માં જેક્સ કાર્તિયરે શોધ્યું ત્યારે ત્યાં સ્ટૅડાકૉના નામનું દેશી ઇન્ડિયનોનું મોટું ગામ હતું. ૧૬૦૮ના જુલાઈમાં શૅમ્પ્લેઇને 'ન્યૂ ફ્રાન્સ'ને નામે વસાહત કરી આ શહેર સ્થાપ્યું. ક્વિબેકની પ્રગતિ ઘણી ધીમી થઈ. ૧૬૨૯ સુધી માત્ર બે જ ગોરાં કુટુંબોએ ત્યાં સ્થાયી વસવાટ કર્યો હતો. અંગ્રેજોની આંખ તેની ઉપર પ્રથમથી જ હતી, એટલે એ જ સાલ (૧૬૨૯)માં સર ડેવિડ કર્કની સરદારી નીચે એમણે તેના પર આક્રમણ કરી જીત્યું, પણ ૧૬૩૨માં પાછું ફ્રેન્ચોને આપી દેવું પડયું. ૧૬૯૦માં માસાચુસેટ્સના ગવર્નર સર વિલિયમ ફિપ્સે તેને જીતવા ફરી હુમલો કર્યો, પણ હાર્યો. ૧૭૨૧માં સર હૉવેન્ડન વૅાકરની સરદારી નીચે મોકલાએલો કાફલો પણ વહાણો ભાંગી જવાને કારણે નિષ્ફળ ગયો. પણ અંગ્રેજોએ ધીરજ ન ખોઇ. આખરે ૧૭૫૯ની ૧૮મી સપ્ટેમ્બરે જનરલ વુલ્ફના વીરત્વ અને ભોગ વડે જનરલ આમ્હર્સ્ટે તે જીત્યું, ને ૧૭૬૩ની પારીસની સંધિથી એ બ્રિટિશરોને કબજે છેવટનું સોંપાયું.



કંબોજની કોતરકલા · **ગજલક્ષ્મી** · બાંટેશ્રીનું અદ્ભુત શિલ્પ
ફોટો · નવનીત પારેખ



સલજ્જ (પ્રભા ડોંગરે)



એકાકી (હિંમત શાહ)



પયપાન (સુરેશ શેઠ)



રંગોળી (એ. એમ. શાહ)

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ


પરદેશી પત્રમિત્રો

(1) Miss Manuela Vignoli, Age 18, C. Mazzini 18, Faenza (Ra) (Italy), Photos, Painting, Swimming, Correspondence; (2) Miss Adele Mazzola, Age 17, Case Fanfani, Caprino, Bergamo (Italy), Stamps, View-cards, Music, Reading; (3) Miss Gabriella Spinelli, Age 19, Via Matteucci, No. 21, Asmara (Eritrea), Stamps, View-cards, Reading, Films; (4) Miss Amalia Michelins, Age17, Via Padre Ludovies, Da C11, Napoli (Italy), Stamps, View-cards, Geography, Travelling; (5) Miss Rosaria Baratella, Age 17, Via Fua Fusinato 4, Rovigo (Italy), Stamps, View-cards, Music, Movies; (6) Miss Maria Grazia Leonaroli, Age 16, Via Vineenzo Rossi 18, Pejaro, Marche (Italy), Drawing, Travelling, Sports, Letter-writing; (7) Miss Marina Evangelisti, Age 16, Via Giovanni Dalle Bandenere 2, Forli (Italy), Correspondence, View-cards; (8) Miss Margerita Stefani, Age 16, Corso G. Matteotti ull, Vignanecco Viterbo (Italy), Music, Sports, Dance; (9) Miss Claude Martinien, Age 18, 24 Rue de Le Tourelle, Boulogne Seine, Paris (France), Music, View-cards, Riding; (10) Miss Maria Grazia Comino, Age 18, P. Gherbiana 13, Bis. Mondvi (Cuneo, Italy), Music, View-cards; (11) Miss Ebe Paradisi, Age 17, Via Fratelli, Bandiera 14, Senigalia, (Ancona, Italy), Correspondence; (12) Miss Christa Zietlow, Age 19, Berlin Frohnau, Zeltinger Platz 1 (Germany), Music, Books, Stamps, Dancing; (13) Miss Gidvanne Bougidneo, Age 15, Via Umbrie Ed. F Lotto 64, Palermo (Italy, Siceily), View-cards, Photos, Music. [ઉલ્લેખ: Muhmy Tambawala, 39 Bhajipala lane, Bombay-3]

હિંદી પત્રમિત્રો

(111) Gijubhai Umedram Raval—22, Amthapura, P. O. Modasar (Taluka Sanand, Dist. Ahmedabad), Painting, Photography, Chess, Touring; (112) Arvindkumar Vadilal Amin—17, House No. 418, Moti Deli, Bavla (Taluko Dholka, Dist. Ahmedabad), Drawing, Cricket, Photography; (113) Jagdish C. Nayak -13, Kalupur Post Office Bldg., Kalupur, Ahmedabad-1, Stamps, F. D. Covers, Natural Sights, Literature, Music; (114) Narendra Chunilal Shah—18, Deesa, Rajpur (Dist. Banas Kantha), Stamps, Coins, Photography; (115) Mahendrakumar Nanalal Barbhaya—15, C/o M. N. Barbhaya, Shreeji Niwas, Block No. 4. Vankaner (Saur), Stamps, Foreign Penfriendship; (116) Satishkumar Dahyabhai Patel —17, Nehru Chowk, Dharmaj (Ta. Petlad, Dist. Kaira), Stamps, View Cards, Reading and Writing; (117) Bhanuchandra Bhupatrai Parekh—22, C/o Bholanath Washing Co., Dadisheth Agiyari Lane, Opp. Parsi Agiyari, Bombay-2, Stamps, Cycling; (118) Harshad Shukla—20, C/o Ambalal Sadashiv Joshi, 544 Matawali Fali, Atarsumba, Via Dehgam (Dist. Kaira), Stamps, View Cards, Reading; (119) Manubhai Ishwarbhai Vyas—21, C/o Ishwarlal P. Joshi, Suthar Vas, Palanpur (Dist. Banaskantha), Reading, Writing, Wandering; (120) Jayshankar B. 'Kalpana', 76 Ebrahim Sahib Street, Bangalore-1, Writing Gujarati & English Poems & Stories; (121) Bharat J. Parekh—16, C/o Jayantilal B. Parekh, Sherdi Pith-no Delo, Bhavnagar (Saur.), Penfriendship; (122) Rashmikant Vrajlal Ahya—18, Royal Hostel, Room No. 279, Vallabhvidyanagar, Via Anand (Dist. Kaira), Sports, Music, Stamps, Films, Photography; (123) Rasulbhai Amthabhai Mansuri —20, Chadotar, P.O. Palanpur (Dist. Banaskantha), Outings, Daily Reading, Sports; (124) Girijashanker Naranji Mehta—19, Mehta Chowk, Rajula City (Saur.), Stamps, Reading, Sports; (125) Madhukar R. Dave—17, 235/16 Nani Salvi Wad, Saraspur, Ahmedabad-2, Writing and Reading, Literature, Stamps.

(ચાલુ)



સમયજાણવાના વિવિધ પ્રયાસો માણસ ઘણા વખતથી કરતો આવ્યો છે. તેની લાંબા સમયની એ આકાંક્ષા આજે તો સંપૂર્ણપણે સંતોષાઇ છે.



જંગલી દશામાં તે હતો ત્યારે માનતો કે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય એટલે દિવસ, જે જુદીજુદી ઋતુઓમાં ઓછોવત્તો થાય છે.



પછી લાકડાને ઊભા રાખીને તેનો પડછાયો માપીને સમય જાણવામાં આવતો. સમય નોંધવા માટે અમુક અમુક અંતરે પથરા મૂકાતા.



તે પછી છાયાયંત્રની શોધ થઇ. પણ રાત્રે કે વાદળિયા દિવસે એ નકામું થતું. તેથી પટ્ટાવાળી મીણબત્તી સળગાવીને સમય મપાવા માંડયો.



પછી ઘટિકાયંત્ર શોધાયાં. કાણાંવાળી વાટકી પાણીમાં મૂકીને તે પાણીથી ભરાઇ ડૂબી જતાં જે સમય લાગતો તે પરથી માપ કઢાતું.



પછી આવી કલાકશીશી. તેમાં કાચના એક ગોળામાં ભરેલી રેતી ધીમેધીમે નીચેના ગોળામાં પૂરી સરી રહે ત્યારે એક કલાક થયો ગણાય.



૧૫૮૧માં ગૅલિલિયોએ શોધ કરી કે હાલતું ઝુમ્મર ચોક્કસ સરખા સમયમાં જ એક ઝોલો લે છે. આ થયો ઘડિયાળના લોલકનો સિદ્ધાંત.




પછી તો નાનાં મોટાં ઘડિયાળો બનાવવાનું ઈંગ્લેંડ, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ અને અમેરિકામાં શરૂ થયું અને તેમાં સુધારા થતા જ રહ્યા.



આજે તો વેધશાળાઓની ઍટમ-ઘડિયાળો એક સેકંડના ૧/૩,૦૦,૦૦,૦૦,૦૦૦ ભાગ જેટલા સમયની પણ ગણતરી કરી દર્શાવી શકે છે!

હું કોઇના ઉદયમાં થઇ જાઉં અસ્ત એવું સદ્‌ભાગ્ય હોય કયાંથી ?
પામે ન અસ્ત કોઈ મારા ઉદયના ટાણે, બસ એટલું જ ચાહું.
'વિશ્વરથ'

એક ડોશી પોતાને ત્યાં ચોરી થયાની ફરિયાદ લઈને કકળતી સુલતાન સુલેમાન પાસે આવી. સુલતાને તેને કહ્યું કે તું રાત્રે જાગતી શા માટે નથી સૂતી? એના જવાબમાં ડોશીએ કહ્યું: 'આપ રૈયતના રક્ષણ માટે જાગતા રહો છો પછી મારે શી જરૂર?' આ ઉપાલંભ કર્તવ્યનિષ્ઠ સુલતાન તરત જ સમજી ગયો ને તેનો માલ શોધાવી પાછો સોંપ્યો.



ગણિતગમ્મત: ૧૦૩૪૪૮૨૭૫૮૬૨૦૬૮-૯૬૫૫૧૭૨૪૧૩૭૯૩ એ અંકને ૩ વડે ગુણવા માટે આખો ગુણાકાર કરવાની જરૂર નથી. એના છેલ્લા ૩ને પહેલા ૧ની આગળ મૂકી દેવાથી એ ત્રણ વડે ગુણાઈ જશે!

અનેકાર્થી શબ્દ: **કાંપ**=ચીકણો કાદવ, કાળી મરોડી; કંપ, ધ્રુજ, કંપારો; છાતીમાં જમા થએલો કફ; કમનસીબી; પાતળી કમર; સૂવરની દાતરડી; હાથીનો દાંત; છાવણી, કૅમ્પ; પતંગની કમાન; સ્ત્રીઓને કાનની બૂટમાં પહેરવાનું સોનાનું એક ઘરેણું.

જગતની જાજરમાન અને વેગવાન મહાનદી એમૅઝોનનાં એટલાં બધાં પાણી સાગરમાં ઠલવાય છે કે સમુદ્રમાં તેના મુખથી ૧૦૦ માઇલ સુધીનાં પાણી મીઠાં થઈ જાય છે!

કહેવતોના અર્થ: 'હાલ જાય, હવાલ જાય પણ બંદા કા ખેલ (ખ્યાલ) ન જાય'. ઉપાલંભ રૂપે બે પ્રકારે વપરાતી આ કહેવતનો એક અર્થ: માણસ મોટી ઉંમરે પણ પોતાની જૂની કૂટેવ કે પ્રકૃતિ ન છોડે તે. એને મળતી બીજી ઘણી કહેવતો પૈકી એક છે: 'વાંદરો ઘરડો થાય પણ ગુલાંટ ન ભૂલે'. એ જ રીતે જ્યારે માણસ કોઈ પણ રીતે એની ખરાબ આદતો ન સુધારે ત્યારે પણ આ કહેવત વપરાય છે.


મુસાફરીમાં હો અને ફાઉન્ટન પેનમાં શાહી થઈ રહે તો કૉપિઇંગ પેન્સિલનો, અણી કાઢતાં બટકી જાય એટલો ટુકડો પેનમાં નાખી પેનને પાણીથી ભરી લેવી, કે એ રીતનો પ્રવાહી બનાવી પેનમાં ભરવો. એથી ચાલુ શાહી કરતાં સોંઘી ને એવી જ સુંદર જાંબલી શાહી મળશે.

પાણીનો અણુ: વિજ્ઞાનીઓએ અનેક જાતના હિસાબો ગણીને આપણને કેટલાક ચમકાવે એવા આંકડા આપ્યા છે. સર વિલિયમ થૉમ્સન નામનો વિજ્ઞાની આપણને પાણીના અણુનો ખ્યાલ આપવા આવી કાંઈક ગણતરી આપે છે: તે કહે છે કે પાણીનું એક ટીપું કદમાં ફૂલવા માંડે ને ૮૦૦૦ માઈલના વ્યાસ જેટલું ફૂલીને બરાબર પૃથ્વી જેવડું બને, અને જો તેમાંના બધા અણુઓ પણ એ જ પ્રમાણમાં ફૂલ્યા હોય તો એનો એક ફૂલેલો અણુ–Molecule આપણા ક્રિકેટના દડાથી નાનો અને રાઈફલની ગોળીથી કાંઈક મોટો લાગે!

ઉત્તર-દક્ષિણ વહેતા પાણીના પ્રવાહોવાળી નદી વગેરેનો એક કિનારો બીજા કરતાં વધારે ઘસાતો હોય છે એ જોયું છે? એનું કારણ પૃથ્વીના પશ્ચિમથી પૂર્વ તરફની ફરવાની ગતિ.

ધોયા કરવાથી ગુલાબી કે પોપટી જેવા આછા રંગનાં કપડાંના રંગ ઊડી જઈને ભગવા જેવા થઈ જાય છે તે અટકાવવા માટે દરેક ધોણ વખતે નિખારવાના પાણીમાં તે તે રંગની પોટલીનો આછો પાસ આપવાથી મૂળ રંગની ચમક હમેશ માટે કપડા પર રહ્યા કરશે.

હઠીલા ખરજવાને નાબૂદ કરવાનો એક લોકોક્ત ઉપાય છે કે દરદવાળા ભાગ ઉપર દહીં ચોપડીને રોજ કૂતરા પાસે ચટાડાવવું!



કલાકણિકા: અંક ૪૩૬ તથા ૪૩૯ માં આપેલાં બારણા પરના કૂંચીકાણાને મંડિત કરતાં કલાશોભનોને અનુસંધાને: લંકાના એક પ્રાચીન બૌદ્ધવિહારના દ્વાર પરની કલાકૃતિ

તપ એકલાએ, અભ્યાસ બે જણે, સંગીત ત્રણ જણે ને પ્રવાસ ચાર જણે ભેગા મળીને કરવો.



આ વર્ષની રોમ ખાતેની ઑલિમ્પિકની કડીઓવાળી આ સંજ્ઞામાં એ શહેરની ધ્યાનમુદ્રાને સાંકળી લીધેલી છે. એમાં રોમના સ્થાપક રૉમ્યુલસ અને રેમસ નામના બે કુમારોને, કૅપિટોલાઈન નામની પવિત્ર ટેકરી પર એક વરુ માદાએ પોતાનું દૂધ પાઇને ઉછેરેલા તે માન્યતાનું આલેખન છે.